ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ નં. ૨૫

ૐ

# વસ્તુવિજ્ઞાનસાર

**અધ્યાત્મયોગી પૂજ્ય ગુરુદેવ**
**શ્રી કાનજીસ્વામીનાં**
**પ્રવચનો**


: પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ-૩૬૪૨૫૦**





| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત ૫૦૦૦ | વીર સં. ૨૪૭૪ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત ૨૦૦૦ | વીર સં. ૨૫૩૪ |


વસ્તુવિજ્ઞાનસાર (ગુજરાતી)ના

**❋ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❋**

શ્રીમતી પુરીબેન શીવલાલ ગાંધીના સ્મરણાર્થે
હ. બ્ર. વસંતબેન ગાંધી, સોનગઢ

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૧૭=૫૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૧૬=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૮=૦૦ રાખવામાં આવી છે.

કિંમત રૂા. ૮=૦૦

❋


મુદ્રક
**કહાન મુદ્રણાલય**
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
E 0å : (02846) 244081

# પ્રસ્તાવના

યથાર્થ વસ્તુવિજ્ઞાનનું રહસ્ય પામ્યા વિના ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે, ગમે તેટલાં વ્રત-નિયમ-તપ-ત્યાગ-વૈરાગ્ય-ભક્તિ-શાસ્ત્રાભ્યાસ કરવામાં આવે, તો પણ જીવનો એક પણ ભવ ઘટતો નથી. માટે આ મનુષ્યભવમાં જીવનું મુખ્ય કર્તવ્ય યથાર્થ રીતે વસ્તુવિજ્ઞાન પ્રાપ્ત કરી લેવાનું છે. વીતરાગ સર્વજ્ઞે સ્વયં પ્રત્યક્ષ જાણીને ઉપદેશેલું વસ્તુવિજ્ઞાન વિશાળ છે અને તે અનેક આગમોમાં વિસ્તરેલું છે. તે વિશાળ વસ્તુવિજ્ઞાનના રહસ્યભૂત સાર આ નાની પુસ્તિકામાં પ્રગટ કરવામાં આવ્યો છે. કારણ કે અનેક આગમોના અભ્યાસીઓ પણ ઘણીવાર તે વસ્તુવિજ્ઞાનનું ખરું રહસ્ય ખેંચી શકતા નથી.

નીચેની રહસ્યભૂત હકીકતો આમાં ખાસ સ્પષ્ટ કરવામાં આવી છે :-

વિશ્વનો દરેકે દરેક પદાર્થ સામાન્ય-વિશેષાત્મક છે. સામાન્ય પોતે જ વિશેષરૂપે ઊખળે છે-પરિણમે છે. વિશેષરૂપે ઊખળવામાં બીજા કોઈ પદાર્થની તેને ખરેખર કિંચિત્માત્ર સહાય નથી. પદાર્થમાત્ર નિરપેક્ષ છે.

આમ, સર્વ સ્વતંત્ર હોવા છતાં વિશ્વમાં અંધારું નથી-પ્રકાશ છે, અકસ્માત નથી-ન્યાય છે; તેથી 'પુણ્યભાવરૂપ વિશેષમાં પરિણમનાર જીવદ્રવ્યને અમુક (અનુકૂળ કહેવાતી) સામગ્રીનો જ સંયોગ થાય, પાપભાવરૂપ વિશેષમાં પરિણમનાર જીવદ્રવ્યને અમુક (પ્રતિકૂળ કહેવાતી) સામગ્રીનો જ સંયોગ થાય, શુદ્ધભાવરૂપ વિશેષમાં પરિણમનાર જીવદ્રવ્યને કર્માદિક સંયોગનો અભાવ જ થાય'-ઇત્યાદિ અનેકાનેક પ્રકારનો સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વિશ્વના પદાર્થોમાં પ્રવર્તે છે. નિમિત્ત-નૈમિત્તિકપણે પ્રવર્તતા પદાર્થોમાં પરતંત્રતા લેશ પણ નથી. સૌ પોતપોતાના વિશેષોરૂપે



જ સ્વતંત્રપણે છતાં ન્યાયસંગતપણે ઊખળ્યા કરે છે.

આમ હોવાથી જીવદ્રવ્ય દેહાદિકની ક્રિયા કરી શકતું જ નથી, માત્ર પોતાના વિશેષને કરી શકે છે. સંકલ્પ-વિકલ્પરૂપ વિશેષ તે દુઃખપંથ છે, વિપરીત પુરુષાર્થ છે. જગતનું સ્વરૂપ ન્યાયસંગત અને નિયત જાણી, પરમાં પોતાનું કાંઈ કર્તૃત્વ નથી એમ નિર્ણય કરી, નિજ દ્રવ્યસામાન્યની શ્રદ્ધારૂપે પરિણમી તેમાં લીન થઈ જવારૂપ વિશેષ જ સુખપંથ છે, તે જ પરમ પુરુષાર્થ છે. અજ્ઞાનીઓને પરનો ફેરફાર કરી શકવામાં જ પુરુષાર્થ ભાસે છે, સંકલ્પ-વિકલ્પોના ઉછાળામાં જ પુરુષાર્થ ભાસે છે, પરંતુ વિશ્વના સર્વભાવોના નિયતપણાનો નિર્ણય જેમાં ગર્ભિત છે, એવી દ્રવ્યસામાન્યની શ્રદ્ધા કરી તેમાં ડૂબી જવારૂપ જે યથાર્થ પરમ પુરુષાર્થ છે તે તેને ખ્યાલમાં જ આવતો નથી.

વળી, જીવોએ આગમોમાંથી ઉપરોક્ત વાતોની ધારણા પણ અનંત વાર કરી લીધી છે પરંતુ સર્વ આગમોના સારભૂત સ્વ દ્રવ્યસામાન્યનો યથાર્થ નિર્ણય કરી તેની રુચિરૂપે પરિણમન કર્યું નથી. જો તેરૂપે પરિણમન કર્યું હોત તો સંસારપરિભ્રમણ હોત નહિ.

-આવી વસ્તુવિજ્ઞાનની અનેક પરમ હિતકારક રહસ્યભૂત સારરૂપ હકીકતો આ પુસ્તિકામાં સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી છે, તેથી આ પુસ્તિકાનું નામ 'વસ્તુવિજ્ઞાનસાર' રાખવામાં આવ્યું છે. પરમ પૂજ્ય પરમોપકારી **સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી** સોનગઢમાં હંમેશાં મુમુક્ષુઓ સમક્ષ જે આધ્યાત્મિક પ્રવચનો કરે છે તેમાંથી કેટલાંક વસ્તુવિજ્ઞાનના સારભૂત પ્રવચનો આમાં પ્રકાશિત કરવામાં આવ્યાં છે. જે મુમુક્ષુઓ તેમાં કહેલાં વિજ્ઞાનસારને અભ્યાસી, ચિંતન કરી, નિર્બાધ યુક્તિરૂપ પ્રયોગથી સિદ્ધ કરી, નિર્ણીત કરી, ચૈતન્યસામાન્યની રુચિપણે પરિણમી તેમાં લીન થશે, તે અવશ્ય શાશ્વત પરમાનંદદશાને પામશે.

જે જીવો દૈહિક ક્રિયાકાંડમાં કે બાહ્ય પ્રવૃત્તિઓમાં ધર્મનો અંશ પણ માનતા હોય, જે જીવો વૈરાગ્ય-ભક્તિ આદિ શુભ ભાવમાં ધર્મ માનતા હોય, જે જીવો શુભ ભાવમાં ધર્મનું કિંચિત્માત્ર કારણપણું માનતા

હોય, જે જીવો નિર્ણય વિના શાસ્ત્રોની માત્ર ધારણા કરવાથી કિંચિત્ ધર્મ માનતા હોય, તે તે સર્વ પ્રકારના જીવો આ પુસ્તિકામાં કહેલાં પરમપ્રયોજનભૂત ભાવોને જિજ્ઞાસુભાવે શાંતિથી ગંભીરપણે વિચારો અને અનંતકાળથી રહી ગયેલી મૂળભૂત ભૂલ કેટલી સૂક્ષ્મ છે તેમ જ ક્યા પ્રકારનો અપૂર્વ પરમ સમ્યક્ પુરુષાર્થ માગે છે તે સમજી નિજ કલ્યાણ કરો. તેમાં જ આ માનવજીવનનું સાફલ્ય છે.

માગશર સુદ ૧૫
વિ.સં. ૨૦૦૪

રામજી માણેકચંદ દોશી
પ્રમુખ,
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦

# અનુક્રમણિકા

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧. પુરુષાર્થ (આત્મધર્મ અંક ૨૮) | ૦૧ |
| ૨. આત્મસ્વરૂપની સાચી સમજણ સુલભ છે. (આત્મધર્મ અંક ૨૨ તથા ૩૪) | ૩૫ |
| ૩. ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા (આત્મધર્મ અંક ૪૭-૪૮) | ૪૦ |
| ૪. ક્રિયા (આત્મધર્મ અંક ૩૮) | ૭૯ |
| ૫. વ્યવહારનયના પક્ષના સૂક્ષ્મ આશયનું સ્વરૂપ અને તેને ટાળવાનો ઉપાય (આત્મધર્મ અંક ૨૭) | ૮૬ |
| ૬. જ્ઞાનની સ્વાધીનતા ને અંશમાં પૂર્ણની પ્રત્યક્ષતા (આત્મધર્મ અંક ૨૧-૨૨ વચ્ચેનો વધારો) | ૧૦૧ |
| ૭. દ્રવ્યદૃષ્ટિ (આત્મધર્મ અંક ૨૫) | ૧૧૫ |

ઉપરના લેખો 'આત્મધર્મ' માસિકના ક્યા અંકમાં આવેલા છે, તેની યાદી કૌંસમાં આપેલી છે.

જ્ઞાની કર્તૃનયે એમ જાણે છે કે રાગનું પરિણમન મારું છે, હું તેનો કર્તા છું. રાગ કરવાલાયક છે એમ તે જાણતો-માનતો નથી. જ્યારે અજ્ઞાની રાગ કરવાલાયક છે એમ જાણે માને છે, જે અજ્ઞાન છે.

ધ્યાનથી મુક્તિ થાય છે, પરંતુ તે ધ્યાન ધ્યેયના અવલંબન વિના પ્રગટતું નથી.

પ્રથમ સત્યને શોધીને શ્રદ્ધા સુધારવી.

સર્વ ક્ષેત્રે રહેલા સર્વ જીવો સર્વ કાળે પૂર્ણ પરમાત્મા છે એવી ભાવના કર. શરીર કે પર્યાયને ન જો.

પોતાના ઘરમાં વિદ્યમાન ભંડારને દેખ્યા વિના બહારમાં ભીખ માગનાર મૂર્ખ નથી તો કોણ છે?

પોતે સર્વજ્ઞ સ્વભાવી હોવા છતાં જે પોતાને અલ્પજ્ઞ માને છે તે આત્માને આળ આપે છે અને તેથી તેના ફળમાં તે એવી જગ્યાએ જન્મ લેશે કે જયાં બીજા જીવો પણ 'આ જીવ છે' એમ નહીં માને.

આત્મા શક્તિનું સંગ્રહાલય, ગુણનું ગોદામ અને સ્વભાવનો સાગર છે.

અડોલ-સ્થિર-અકંપ સ્વભાવને લક્ષે પર્યાય પણ અકંપ થઈ જાય છે.

જ્ઞાનીની વાણી ધારણામાં ગ્રહણ કરવી સહેલી છે, પરંતુ ભાવભાસનથી ગ્રહણ કરવી મુશ્કેલ છે.

ॐ

।। श्री सर्वज्ञाय नमः।।

# પુરુષાર્થ

## સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૩૨૧-૩૨૨-૩૨૩ પર

## પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું વ્યાખ્યાન.

માગશર સુદ ૧૨, રવિવાર

**સ્વભાવનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં આવે છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા તે નિયતવાદ નથી, પણ સમ્યક્ પુરુષાર્થવાદ છે.**

('વસ્તુનો પર્યાય ક્રમબદ્ધ જ થાય છે. તોપણ પુરુષાર્થ વગર શુદ્ધપર્યાય કદાપિ પ્રગટતો નથી' એ સિદ્ધાંત ઉપર મુખ્યપણે આ વ્યાખ્યાન છે. આ વ્યાખ્યાનમાં (૧) પુરુષાર્થ, (૨) સમ્યગ્દ્રષ્ટિની ધર્મભાવના, (૩) સર્વજ્ઞની સાચી શ્રદ્ધા, (૪) દ્રવ્યદ્રષ્ટિ, (૫) જડ અને ચેતન પદાર્થોનો ક્રમબદ્ધપર્યાય, (૬) ઉપાદાન-નિમિત્ત, (૭) દ્રવ્ય -ગુણ-પર્યાય, (૮) સમ્યગ્દર્શન, (૯) કર્તાપણું અને જ્ઞાતાપણું, (૧૦) સાધકદશા, (૧૧) કર્મમાં ઉદીરણા વગેરે પ્રકારો, (૧૨) મુક્તિના નિઃસંદેહ ભણકાર, (૧૩) સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિ, (૧૪) અનેકાંત અને એકાંત, (૧૫) પાંચ સમવાય, (૧૬) અસ્તિ-નાસ્તિ, (૧૭) નિમિત્ત -નૈમિત્તિક સંબંધ, (૧૮) નિશ્ચય-વ્યવહાર, (૧૯) આત્મજ્ઞ તથા સર્વજ્ઞ અને (૨૦) નિમિત્તની હાજરી હોવા છતાં નિમિત્ત વગર કાર્ય થાય છે-એ વગેરેના સ્વરૂપનું સ્પષ્ટીકરણ આવી જાય છે. આમાં અનેક



પડખાંથી વારંવાર સ્વતંત્ર પુરુષાર્થને સિદ્ધ કર્યો છે અને એ રીતે પુરુષાર્થસ્વભાવી આત્માની ઓળખાણ કરાવી છે. જિજ્ઞાસુઓ આ વ્યાખ્યાનના રહસ્યને સમજીને આત્માના સ્વતંત્ર સત્ય પુરુષાર્થની ઓળખાણ કરી તે તરફ વળો એ ભલામણ છે.)

ભગવાન સ્વામી કાર્તિકેયાચાર્યે આ ત્રણ ગાથાઓમાં સમ્યગ્દ્રષ્ટિ જીવ કઈ રીતે વસ્તુસ્વરૂપનું ચિંતવન કરે છે અને પુરુષાર્થની ભાવના કરે છે તે બતાવ્યું છે. આ ખાસ જાણવા જેવું હોવાથી આજે વંચાય છે. મૂળ શાસ્ત્રની ગાથા નીચે મુજબ છે :-

**जं जस्स जम्मि देसे जेण विहाणेण जम्मि कालम्मि।**
**णादं जिणेण णियदं जम्मं वा अहव मरणं वा।।३२१।।**

**तं तस्स तम्मि देसे तेण विहाणेण तम्मि कालम्मि।**
**को सक्कदि वारेदुं इंदो वा तह जिणिंदो वा।।३२२।।**

અર્થઃ-જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી જે જન્મ તથા મરણ, ઉપલક્ષણથી દુઃખ, સુખ, રોગ, દારિદ્રતા, આદિ જેમ સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું. સર્વજ્ઞદેવે જાણ્યા પ્રમાણે જ તે જીવને તે જ દેશમાં, તે જ કાળમાં, તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને નિવારી શકવા ઈન્દ્ર તથા જિનેન્દ્ર-તીર્થંકરદેવ કોઈ પણ સમર્થ નથી.

ભાવાર્થ :-''હવે સમ્યગ્દ્રષ્ટિનો વિચાર કહે છે-સર્વજ્ઞદેવ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અવસ્થાને જાણે છે. તે સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ ચોક્કસપણે થાય છે, પણ તેમાં હીનાધિક કાંઈ થતું નથી-એમ સમ્યગ્દ્રષ્ટિ વિચારે છે.''

(સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા પાનું-૧૨૫)

આ ગાથામાં સમ્યગ્દ્રષ્ટિ જીવની ધર્મ અનુપ્રેક્ષા કેવી હોય છે તે બતાવ્યું છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ વસ્તુના સ્વરૂપનું ચિંતવન કઈ રીતે

કરે છે તે આમાં બતાવ્યું છે. સમ્યગ્દ્રષ્ટિની આ ભાવના દુઃખના દિલાસા ખાતર કે ખોટા આશ્વાસન ખાતર નથી, પણ જિનેશ્વરદેવે જોયેલું વસ્તુસ્વરૂપ જે પ્રમાણે છે તેમ પોતે ચિંતવે છે. આવું જ વસ્તુસ્વરૂપ છે, પણ કલ્પના નથી. આ ધર્મની વાત છે. 'જે કાળે જે અવસ્થા થવાની સર્વજ્ઞ ભગવાને જોઈ છે તે કાળે તે જ અવસ્થા થાય છે, બીજી ન થાય.' આમાં એકાંતવાદ કે નિયતવાદ નથી, પરંતુ આમાં જ સાચો અનેકાંતવાદ અને સર્વજ્ઞતાની ભાવના તેમ જ જ્ઞાનનો અનંતો પુરુષાર્થ આવે છે.

આત્મા સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે. તેનું અનાદિ-અનંત જ્ઞાનસ્વરૂપ તે સામાન્ય છે અને તે જ્ઞાનમાંથી સમયે સમયે જે પર્યાય થાય છે તે વિશેષ છે. સામાન્ય પોતે કાયમ રહીને વિશેષપણે પરિણમે છે. તે વિશેષ પર્યાયમાં જો સ્વરૂપની રુચિ કરે તો સમયે સમયે વિશેષમાં શુદ્ધતા થાય છે, અને જો તે વિશેષ પર્યાયમાં 'રાગાદિ, દેહાદિ તે હું' એવી ઊંધી રુચિ કરે તો તેમાં અશુદ્ધતા થાય છે. આ રીતે સ્વરૂપની રુચિ કરે તો શુદ્ધ પર્યાય ક્રમબદ્ધ પ્રગટે છે; અને જો વિકાર-પરની રુચિ કરે તો અશુદ્ધ પર્યાય ક્રમબદ્ધ પ્રગટે છે. ચૈતન્યના ક્રમબદ્ધપર્યાયમાં ફેર પડતો નથી, પણ ક્રમબદ્ધપર્યાયનો નિયમ એવો છે કે જે તરફની રુચિ કરે તે તરફની ક્રમબદ્ધદશા થાય છે. જેને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય તેને દ્રવ્યની રુચિ થાય અને જેને દ્રવ્યની રુચિ થાય તેનો ક્રમબદ્ધપર્યાય શુદ્ધ જ થાય. એટલે સર્વજ્ઞ ભગવાને જાણ્યા પ્રમાણે પર્યાય ક્રમબદ્ધ પર્યાય જ થાય છે, તેમાં ફેર પડતો જ નથી એટલું નક્કી કરવામાં તો દ્રવ્ય તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે. પર્યાયનો ક્રમ ફેરવવો નથી, પણ રુચિ સ્વ તરફ કરવાની છે.

પ્રશ્ન :-જગતના પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. જડ કે ચેતન-બધામાં એક પછી એક ક્રમબદ્ધ અવસ્થા શ્રી સર્વજ્ઞદેવે જોઈ તે પ્રમાણે જ અનાદિ-અનંત સમયબદ્ધ જ થાય છે, તો પછી આમાં



પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો?

ઉત્તર :- એકલા આત્મા તરફનો પુરુષાર્થ કરે ત્યારે જ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય છે. જેણે પોતાના આત્મામાં ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો કે અહો! જડ અને ચૈતન્ય-બધાની અવસ્થા ક્રમબદ્ધ સ્વયં થયા જ કરે છે, હું પરમાં શું કરું? હું તો માત્ર જેમ થાય તેમ જાણું એવું મારું સ્વરૂપ છે. આવા નિર્ણયથી પરની અવસ્થામાં ઠીક-અઠીક માનવાપણું ન રહ્યું,' પણ જ્ઞાતાપણું રહ્યું, એટલે ઊંધી માન્યતા અને અનંતાનુબંધી કષાય નાશ થયા. અનંત પરદ્રવ્યના કર્તૃત્વપણાનો મહા મિથ્યાત્વભાવ ટળીને પોતાના જ્ઞાતાસ્વભાવની અનંતી દ્દઢતા થઈ- આવો સ્વ તરફનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં થાય છે.

બધાં દ્રવ્યની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. હું તેને જાણું, પણ હું કોઈનું કાંઈ કરું નહિ. એવી માન્યતા દ્વારા મિથ્યાત્વનો નાશ કરીને, પરથી પાછો ફરી જીવ સ્વ તરફ વળે છે. સર્વજ્ઞદેવના જ્ઞાનમાં જે ભાસ્યું છે તેમાં ફેર પડતો નથી. બધા પદાર્થોની સમયે સમયે જે ક્રમબદ્ધ અવસ્થા થવાની હોય છે તે જ થાય છે. આવા નિર્ણયમાં સમ્યગ્દર્શન આવી ગયું. આમાં કઈ રીતે પુરુષાર્થ આવ્યો તે કહે છે.

(૧) પરની અવસ્થા તેના ક્રમ પ્રમાણે થયા જ કરે છે, હું પરનું કરતો નથી. એમ નક્કી કર્યું એટલે બધા પર દ્રવ્યનું અભિમાન ટળી ગયું.

(૨) ઊંધી માન્યતાથી પરની અવસ્થામાં ઠીક-અઠીકપણું માનીને જે અનંતાનુબંધી રાગ-દ્વેષ કરતો હતો તે ટળી ગયો.

આ રીતે, ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરતાં પર દ્રવ્યના લક્ષથી ખસીને પોતે પોતાના રાગ-દ્વેષ રહિત જ્ઞાતાસ્વભાવમાં આવ્યો, એટલે કે પોતાના હિત માટે પરમાં જોવાનું અટકી ગયું અને જ્ઞાન પોતા તરફ વળ્યું.

હવે પોતાના દ્રવ્યમાં પણ એક પછી એક અવસ્થા ક્રમબદ્ધ થાય છે. હું તો ત્રણે કાળની ક્રમબદ્ધ અવસ્થાઓના પિંડરૂપ દ્રવ્ય છું, વસ્તુ તો જ્ઞાતા જ છે. એક અવસ્થા જેટલી વસ્તુ નથી. અવસ્થામાં રાગ-દ્વેષ થાય છે તે પર વસ્તુના કારણે નથી, પણ વર્તમાન પુરુષાર્થની નબળાઈથી છે. તે નબળાઈ ઉપર પણ જોવાનું ન રહ્યું, પણ પુરુષાર્થથી પરિપૂર્ણ જ્ઞાતાસ્વરૂપમાં જ જોવાનું રહ્યું. તે સ્વરૂપના લક્ષે પુરુષાર્થની નબળાઈ અલ્પ કાળમાં તૂટી જવાની છે.

ક્રમબદ્ધપર્યાય દ્રવ્યમાંથી આવે છે, પર પદાર્થમાંથી આવતી નથી તેમ જ એક પર્યાયમાંથી બીજી પર્યાય પ્રગટતી નથી. તેથી પોતાની પર્યાય માટે પર ઉપર કે પર્યાય ઉપર જોવાનું ન રહ્યું, પણ એકલા જ્ઞાતાસ્વરૂપમાં જ જોવાનું રહ્યું. આવી જેની દશા થઈ તેણે સર્વજ્ઞના જ્ઞાન પ્રમાણે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કર્યો છે.

પ્રશ્ન :-સર્વજ્ઞ ભગવાને જોયું હોય ત્યારે આત્માની રુચિ થાયને?

ઉત્તર :-સર્વજ્ઞ ભગવાન બધું જાણે છે એમ નક્કી કોણે કર્યું? જેણે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનસામર્થ્યને પોતાના પર્યાયમાં નક્કી કર્યું છે તેની પર્યાય સંસારથી અને રાગથી ખસીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળે છે ત્યારે જ તેણે સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે. જેની પર્યાય પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળે છે તેને આત્માની રુચિ થાય જ છે.

'અહો! કેવળી ભગવાન ત્રણ કાળ, ત્રણ લોકના જાણનાર જ છે, તેઓ પોતાના જ્ઞાનથી બધું જાણે છે, પણ કોઈનું કાંઈ કરતા નથી.' આમ જેણે યથાર્થપણે નક્કી કર્યું તેણે પોતાના આત્માને જ્ઞાતાસ્વભાવે માન્યો અને તેને ત્રણ કાળ, ત્રણ લોકના બધા પદાર્થોના કર્તૃત્વપણાની બુદ્ધિ ટળી ગઈ. એટલે કે - **અભિપ્રાય અપેક્ષાએ તે સર્વજ્ઞ થયો. આવો સ્વભાવનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં આવે છે. ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા તે નિયતવાદ નથી, પણ સમ્યક્ પુરુષાર્થવાદ છે.**



સામા દ્રવ્યોની એક પછી એક જે અવસ્થા થાય છે તેના કર્તા સ્વયં તે તે દ્રવ્યો છે, પણ હું તેનો કર્તા નથી, અને મારી અવસ્થા કોઈ પર કરતું નથી, કોઈ નિમિત્તના કારણે રાગ-દ્વેષ થતા નથી. આ રીતે નિમિત્ત અને રાગ-દ્વેષને જાણનારી એકલી જ્ઞાનની અવસ્થા રહી. તે અવસ્થા જ્ઞાતાસ્વરૂપને જાણે, રાગને જાણે અને બધા પરને પણ જાણે. માત્ર જાણવાનું જ જ્ઞાનનું સ્વરૂપ છે. રાગ થાય તે જ્ઞાનનું જ્ઞેય છે, પણ રાગ તે જ્ઞાનનું સ્વરૂપ નથી-આવી શ્રદ્ધામાં જ્ઞાનનો અનંતો પુરુષાર્થ સમાય છે. આ સમજવા માટે જ આચાર્યદેવે અહીં બે ગાથા મૂકીને વસ્તુસ્વરૂપ બતાવ્યું છે. સમ્યગ્દષ્ટિને હજુ કેવળજ્ઞાન થયું નથી ત્યાર પહેલાં પોતાના કેવળજ્ઞાનની ભાવના કરતાં વસ્તુસ્વરૂપ વિચારે છે. સર્વજ્ઞતા થતાં વસ્તુસ્વરૂપ કેવું જણાશે તેનું ચિંતવન કરે છે.

આત્માની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. જ્યારે આત્માની જ્યારે જે અવસ્થા થાય ત્યારે તે અવસ્થાને અનુકૂળ નિમિત્તરૂપ પરવસ્તુ સ્વયં હાજર હોય જ છે; આત્માના ક્રમબદ્ધપર્યાયની જે લાયકાત હોય તેને અનુસાર નિમિત્ત ન આવે તો તે પર્યાય અટકી જાય-એમ બનતું નથી. 'નિમિત્ત ન હોય તો?' એ પ્રશ્ન જ અજ્ઞાન ભરેલો છે. ઉપાદાનસ્વરૂપની દૃષ્ટિવાળાને તે પ્રશ્ન જ ન ઉઠે; વસ્તુમાં પોતાના ક્રમથી જ્યારે અવસ્થા થાય ત્યારે નિમિત્ત હોય જ છે, એવો નિયમ છે.

જે તડકો છે તે પરમાણુની ઊજળી દશા છે અને છાંયો છે તે પરમાણુની કાળી દશા છે. પરમાણુમાં જે સમયે કાળી અવસ્થા થવાની હોય તે જ સમયે કાળી અવસ્થા તેનાથી સ્વયં થાય છે, અને તે વખતે સામે બીજી ચીજ હાજર હોય છે. પરમાણુની કાળી દશાના ક્રમને ફેરવવા કોઈ સમર્થ નથી. તડકામાં વચ્ચે હાથ રાખતાં નીચે જે પડછાયો થાય છે તે હાથના કારણે થયો નથી, પણ ત્યાંના પરમાણુથી જ તે સમયની ક્રમબદ્ધ અવસ્થા કાળી થઈ છે.

પ્રશ્ન :-પરમાણુમાં બપોરના ત્રણ વાગે કાળી દશા થવાની છે

એમ સર્વજ્ઞદેવે જોયું હોય, અને હાથ મોડો આવે તો પરમાણુમાં ત્રણ વાગે કાળી દશા થવી અટકી જાયને?

ઉત્તર :-ના, એમ બને જ નહિ. પરમાણુમાં બરાબર ત્રણ વાગે કાળી દશા થવાની હોય તો બરાબર તે જ વખતે હાથ વગેરે નિમિત્ત સ્વયં હાજર હોય જ. સર્વજ્ઞદેવે ત્રણ વાગે પરમાણુની કાળી દશા થશે એમ જોયું, અને જો નિમિત્તના અભાવને લીધે તે દશા મોડી થાય તો સર્વજ્ઞનું જ્ઞાન ખોટું ઠરે! પરંતુ તે અસંભવ છે. જે વખતે વસ્તુની જે ક્રમબદ્ધ અવસ્થા થવાની હોય છે તે વખતે નિમિત્ત ન હોય એમ બને જ નહિ. નિમિત્ત હોય ખરું, પણ નિમિત્ત કાંઈ જ કરે નહિ. અહીં ઉપરમાં જેમ પુદ્ગલનું દૃષ્ટાંત લીધું, તેમ હવે જીવનું દૃષ્ટાંત આપીને સમજાવે છે. કોઈ જીવ કેવળજ્ઞાન પામવાનો હોય, અને શરીરમાં વજ્રર્ષભનારાચસંહનન ન હોય તો કેવળજ્ઞાન અટકી જાય-એવી માન્યતા તદ્દન અસત્ય પરાધીન દૃષ્ટિની છે. જીવ કેવળજ્ઞાન પામવા તૈયાર થયો અને શરીરમાં વજ્રર્ષભનારાચસંહનન ન હોય એમ કદાપિ બને જ નહિ. જ્યાં ઉપાદાન પોતે તૈયાર થયું ત્યાં નિમિત્ત સ્વયં હાજર હોય જ. જે સમયે ઉપાદાન કાર્યરૂપે પરિણમે તે જ સમયે બીજી ચીજ નિમિત્તરૂપે હાજર હોય જ, નિમિત્ત પાછળથી આવે એમ બને જ નહિ. જે વખતે ઉપાદાનનું કામ, તે જ વખતે નિમિત્તથી હાજરી-આમ હોવા છતાં ઉપાદાનના કાર્યમાં નિમિત્ત કાંઈ જ મદદ, અસર કે ફેરફાર કરે નહિ. નિમિત્ત ન હોય એમ પણ ન બને અને નિમિત્તથી કાર્ય થાય એમ પણ ન બને. ચેતન કે જડ દ્રવ્યમાં તેની પોતાની જે ક્રમબદ્ધ અવસ્થા જ્યારે થવાની હોય છે ત્યારે અનુકૂળ નિમિત્ત હોય છે. આવો જે સ્વાધીન દૃષ્ટિનો વિષય તે સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે, મિથ્યાદૃષ્ટિઓને વસ્તુની સ્વતંત્રતાની પ્રતીતિ નથી એટલે તેમની દૃષ્ટિ નિમિત્ત ઉપર જાય છે.

અજ્ઞાનીને વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન નથી એટલે તે વસ્તુના ક્રમબદ્ધ,



પર્યાયમાં શંકા કરે છે કે આ આમ કેમ બન્યું? તેને સર્વજ્ઞના જ્ઞાનની અને વસ્તુની સ્વતંત્રતાની પ્રતીતિ નથી. જ્ઞાનીને વસ્તુસ્વરૂપમાં શંકા પડતી નથી. તે જાણે છે કે જે કાળે જે વસ્તુનો જે પર્યાય થાય છે તે તેની ક્રમબદ્ધ અવસ્થા છે, હું તો માત્ર તેનો જાણનાર છું. આમ, જ્ઞાનીને પોતાના જાણનાર સ્વભાવનું ભાન છે, તેથી સર્વજ્ઞ ભગવાને જાણેલા વસ્તુસ્વરૂપનું ચિંતવન કરીને તે પોતાના જ્ઞાનની ભાવના વધારે છે કે જે કાળે જેમ બને છે તેમ તેનો હું જ્ઞાયક જ છું. મારા જ્ઞાયક સ્વરૂપની ભાવના કરતાં કરતાં મારું કેવળજ્ઞાન પ્રગટવાનું છે.

આ ભાવના કેવળી ભગવાન વિચારતા નથી, પરંતુ જેને હજી અલ્પ રાગ-દ્વેષ થાય છે એવા ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવાળા જ્ઞાનીની ધર્મ-ભાવનાનો આ વિચાર છે. આમાં યથાર્થ વસ્તુસ્વરૂપની ભાવના છે, પણ આ કાંઈ મિથ્યા કલ્પના કે દુઃખના આશ્વાસન માટે નથી. આવી પડેલા કોઈ પણ સંયોગ-વિયોગને આપદાનું કારણ સમ્યગ્દૃષ્ટિઓ માનતા જ નથી, પણ ચારિત્રની અધૂરી દશાના કારણે પોતાની નબળાઈથી અલ્પ રાગ-દ્વેષ થાય છે. તે વખતે સંપૂર્ણ જ્ઞાનદશા કેવા પ્રકારની હોય તેનું ચિંતવન તેઓ નીચે પ્રમાણે કરે છે.

જે કાળે જે વસ્તુની જે અવસ્થા સર્વજ્ઞદેવના જ્ઞાનમાં જણાઈ છે તે જ પ્રમાણે તે ક્રમબદ્ધ અવસ્થા થવાની. ભગવાન તીર્થંકરદેવ પણ તેને ફેરવવા સમર્થ નથી. જુઓ, આમાં સમ્યગ્દૃષ્ટિની ભાવનાની નિઃશંકતાનું જોર કેટલું છે! 'ભગવાન પણ ફેરવવા સમર્થ નથી' એમ કહેવામાં ખરેખર પોતાના જ્ઞાનની નિઃશંકતા છે. સર્વજ્ઞદેવ માત્ર જાણે પણ કાંઈ ફેરવવા સમર્થ નથી, તો પછી હું તો શું કરી શકું? હું પણ માત્ર જાણનાર જ છું. આમ, પોતાના જ્ઞાનની પૂર્ણતાની ભાવનાનું જોર છે.

જે ક્ષેત્રમાં જે દેહનું જીવન કે મરણ, સુખ કે દુઃખનો સંયોગ

વગેરે જે વિધાનથી થવાનું હોય તેમાં કિંચિત્ પણ ફેર પડે નહિ. સર્પ કરડવો, પાણીમાં ડૂબવું, અગ્નિમાં બળવું, વગેરે જે સંયોગ થવાનો હોય તેમાં ફેરફાર કરવા ત્રણ કાળ, ત્રણ લોકમાં કોઈ સમર્થ નથી. ધ્યાન રાખજો, આમાં મહાન સિદ્ધાંત છે, એકલા પુરુષાર્થની સિદ્ધિ કરે છે. આ શાસ્ત્રમાં બાર ભાવનાનું સ્વરૂપ સ્વામી કાર્તિકેયાચાર્ય વર્ણવે છે. તેઓ મહા સંત-મુનિ હતા. બે હજાર વર્ષ પૂર્વે તેઓ થઈ ગયા. વસ્તુસ્વરૂપને દૃષ્ટિમાં રાખીને આ શાસ્ત્રમાં બાર ભાવનાનું સ્વરૂપ તેમણે વર્ણવ્યું છે. આ શાસ્ત્ર સનાતન જૈન પરંપરામાં ઘણું જૂનું મનાય છે. કાર્તિકેયસ્વામી સંબંધી શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે કે 'નમસ્કાર હો તે સ્વામી કાર્તિકેયને!' આ મહા-સંત-મુનિના કથનમાં ઊંડું રહસ્ય છે.

**'जो जिस जीवके'** એટલે કે બધા જીવોને માટે આ જ નિયમ છે કે જે જીવને જે કાળે જીવન-મરણ, સુખ-દુઃખનું નિમિત્ત વગેરે કાંઈ પણ સંયોગ આવી પડવાનો છે તેમાં ફેરફાર કરવા શક્રેન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ સમર્થ નથી-આ સમ્યગ્દૃષ્ટિ જીવનો સાચા જ્ઞાનની પૂર્ણતાની ભાવનાનો વિચાર છે. વસ્તુનું સ્વરૂપ આવું છે તેને જ્ઞાની પોતાના જ્ઞાનમાં લે છે, પણ કાંઈ સંયોગના ભયથી ઓથ લેવા માટે તેનો આ વિચાર નથી. એક પર્યાયમાં ત્રણ કાળ અને ત્રણ લોકના પદાર્થોનું જ્ઞાન કઈ રીતે જણાઈ જાય, તે પ્રકાર વિચારે છે.

અહીં સુખ-દુઃખના સંયોગની વાત કરી છે. સંયોગ વખતે અંદર પોતે જે શુભ કે અશુભ લાગણી કરે છે તે પોતાના વીર્યનું વિપરીત કાર્ય છે. પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે ત્યાં સમ્યગ્દૃષ્ટિ પોતાના પર્યાયની મોળપને સ્વના લક્ષે જાણે છે, પણ સંયોગના કારણે પોતાને રાગ-દ્વેષ થાય છે, એમ માનતા નથી. સંયોગ-વિયોગ તો સર્વજ્ઞે જોયા પ્રમાણે ક્રમસર થાય છે, એમ તે માને છે. મિથ્યાદૃષ્ટિ જીવ પરસંયોગના કારણે પોતાને રાગ-દ્વેષ થાય છે, એમ માને છે, એટલે તે સંયોગ ફેરવવા માગે છે. તેને વીતરાગ શાસનની શ્રદ્ધા નથી. સર્વજ્ઞના



જ્ઞાનની પણ તેને શ્રદ્ધા નથી. કેમ કે સર્વજ્ઞદેવે જોયા પ્રમાણે જ બધું થાય છે, છતાં 'આમ કેમ થયું?' એમ તે શંકા કરે છે. જો તેને સર્વજ્ઞની શ્રદ્ધા હોય તો સર્વજ્ઞદેવે જોયા પ્રમાણે જ બધું થાય છે, એમ નક્કી કરે અને તેથી સંયોગના કારણે પોતાને રાગ-દ્વેષ થાય છે એ માન્યતા ટળી જ જાય તથા હું સંયોગ ફેરવી શકું છું એ માન્યતા પણ ટળી જ જાય. જો આ વાતમાં જરા પણ ફેરફાર માને તો તેને વીતરાગ શાસનની શ્રદ્ધા નથી.

જે જીવને જે નિમિત્ત દ્વારા જે આહાર-પાણી મળવાના હોય તે જીવને તે જ નિમિત્ત દ્વારા અને તે જ રજકણો મળવાના. તેમાં એક સમયમાત્ર કે એક પરમાણુમાત્રનો ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. જીવન, મરણ, સુખ, દુઃખ, દારિદ્રતા વગેરે જેમ થવાનું છે તેમ જ થવાનું છે. તેમાં લાખ પ્રકારે ચોક્કસાઈ રાખે તો પણ કિંચિત્ ફેરફાર થાય નહિ. ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ તેને ફેરવવા સમર્થ નથી. આમાં નિયતવાદ નથી આવતો, પણ એકલો જ્ઞાયકપણાનો પુરુષાર્થવાદ જ આવે છે.

'જેમ સર્વજ્ઞ ભગવાને જેમ જોયું હોય તેમ જ થાય, તેમાં જરાય ફેરફાર ન જ થાય.' આવી દૃઢ પ્રતીતિસુખ-તેનું નામ નિયતવાદ નથી, પણ આ તો સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનો પુરુષાર્થવાદ છે. સમ્યગ્દર્શન સિવાય આ વાત નહિ બેસે! પરમાં જોવાનું નથી પણ સ્વમાં જોવાનું છે. **જેની દૃષ્ટિ એકલા પર પદાર્થ ઉપર જ છે તેને ભ્રમથી એમ લાગશે કે આ તો નિયતવાદ છે; પણ જો સ્વ-વસ્તુ તરફથી જુએ તો આમાં તો એકલો સ્વાધીન તત્ત્વદૃષ્ટિનો પુરુષાર્થ ભરેલો છે**. વસ્તુનું પરિણમન સર્વજ્ઞના જ્ઞાન પ્રમાણે ક્રમબદ્ધ થાય છે, એમ નક્કી કર્યું ત્યાં બધા પર દ્રવ્યોથી જીવ ઉદાસ થઈ ગયો અને તેથી સ્વદ્રવ્યમાં જ તેને જોવાનું રહ્યું, અને તેમાં જ સમ્યક્ પુરુષાર્થ આવી ગયો. આ પુરુષાર્થમાં મોક્ષના પાંચે સમવાય સમાઈ જાય છે. આ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાના

ભાવ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનને અવલંબનારા છે. આ ભાવ ત્રણ કાળ, ત્રણ લોકમાં ફરવાના નથી. જો સર્વજ્ઞનું કેવળજ્ઞાન ખોટું પડે તો આ ભાવ ફરે! (પરંતુ તે અશક્ય છે.) જગત જગતને ઠેકાણે રહ્યું, જગતના જીવોને આ વાત ન બેસે તેથી શું? સર્વજ્ઞદેવે જોયેલું વસ્તુસ્વરૂપ કદી ફરવાનું નથી. સર્વજ્ઞદેવે જોયું હોય તેમ જ થાય. -આ વાતમાં શંકા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્ત અને સંયોગમાં હું ફેરફાર કરી શકું છું એમ જે માને છે તે સર્વજ્ઞના જ્ઞાનમાં શંકા કરે છે અને તેથી તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, મૂઢ છે.

અહો! આ એક સત્ય સમજતાં જગતના સર્વ દ્રવ્યો પ્રત્યે કેટલો ઉદાસભાવ થઈ જાય! ઓછું ખાવાનો ભાવ કરે કે વધારે ખાવાનો ભાવ કરે, જેટલા અને જે પરમાણુઓ આવવાના છે તેટલા જ અને તે જ પરમાણુઓ આવશે, તેમાં એક પણ પરમાણુને ફેરવવા જીવ સમર્થ નથી. બસ! આમ જાણીને તો શરીરનું અને પરનું કર્તૃત્વ છૂટીને જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થવી જોઈએ. આ માનવામાં અનંતુ વીર્ય સ્વ તરફ કાર્ય કરે છે. પરનું કર્તૃત્વ અંતરથી માનતો હોય, પરમાં સુખબુદ્ધિ હોય અને કહે કે જે થવાનું હશે તે થશે, તો એ શુષ્કતા છે. એવી આ વાત નથી; જીવ જ્યારે અનંત પરદ્રવ્યોથી છૂટો પડીને એકલા સ્વભાવમાં સંતોષ માને છે ત્યારે આ વાત યથાર્થપણે બેસે છે. આની કબૂલાતમાં તો બધાય પર પદાર્થોથી ખસીને જ્ઞાન જ્ઞાનમાં જ રોકાય છે અને એટલે એકલો વીતરાગભાવનો પુરુષાર્થ પ્રગટે છે. નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર ત્રણ કાળ, ત્રણ લોકમાં એક પરમાણુને પણ ફેરવવા સમર્થ નથી. આવી પ્રતીતિ જેને છે તે જ્ઞાન તરફ વળ્યો છે, અને તેને સમ્યગ્દર્શન છે. પછી તે ક્રમે ક્રમે જ્ઞાનની દૃઢતાના જોરે રાગ તોડીને અલ્પ કાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવાનો છે. કેમ કે બધું જ ક્રમબદ્ધ થાય છે એમ નક્કી કર્યું હોવાથી હવે તે જ્ઞાતાભાવે જાણે જ છે. જ્ઞાનની એકાગ્રતાની કચાશના કારણે વર્તમાન



થોડું અધૂરું જાણે છે અને અલ્પ રાગ-દ્વેષ પણ થાય છે; પરંતુ હું તો જ્ઞાનસ્વરૂપ જ છું એવી શ્રદ્ધાના જોરે પુરુષાર્થની પૂર્ણતા કરી કેવળજ્ઞાન પામવાનો છે. તેથી, 'હું તો જ્ઞાતાસ્વરૂપ જ છું, પર પદાર્થોની ક્રિયા સ્વતંત્ર થાય છે તેનો હું કર્તા નથી પણ જાણનાર જ છું.' આવી યથાર્થ શ્રદ્ધા થવી તે જ કેવળજ્ઞાન પ્રગટાવવાનો એક અપૂર્વ અને અફર (જરા પણ ઊણપ ન રાખે અને પાછો ન ફરે તેવો) ઉપાય છે.

જેમ વસ્તુમાં થાય છે તેમ કેવળી જાણે છે અને જેમ કેવળીએ જાણ્યું છે તેમ વસ્તુમાં થાય છે. આ રીતે જ્ઞેય અને જ્ઞાયકને અરસપરસ મેળ છે. આવો જ્ઞેય-જ્ઞાયકનો મેળ ન માને અને કર્તા-કર્મનો જરા પણ મેળ માને, તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. કેવળજ્ઞાની સંપૂર્ણ જ્ઞાયક છે, તેમને કોઈ પદાર્થ પ્રત્યે કર્તૃત્વ કે રાગ-દ્વેષભાવ નથી. સમ્યગ્દૃષ્ટિને પણ એવી શ્રદ્ધા હોય છે કે કેવળજ્ઞાનીની જેમ હું પણ જાણનાર જ છું. કોઈ વસ્તુનું હું કાંઈ કરી શકતો નથી તેમ જ કોઈ વસ્તુના કારણે મારામાં ફેરફાર થતો નથી. અસ્થિરતાથી રાગ થઈ જાય છે, પણ તે મારું સ્વરૂપ નથી. આ રીતે શ્રદ્ધા અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિ પણ જ્ઞાયક જ છે. નિયમ મુજબ વસ્તુની ક્રમબદ્ધ દશા થાય છે, એમ જેણે માન્યું તેણે વસ્તુસ્વરૂપ જાણ્યું.

ભાઈ રે! આ નિયતવાદ નથી, પરંતુ પોતાના જ્ઞાનમાં સમસ્ત પદાર્થોના નિયતનો (ક્રમબદ્ધ અવસ્થાઓનો) નિર્ણય કરનાર પુરુષાર્થવાદ છે. બધા પદાર્થોની ક્રમબદ્ધ અવસ્થા થાય છે તો હું તેનું શું કરું? હું કોઈની અવસ્થાના ક્રમને ફેરવવા સમર્થ નથી તથા મારી અવસ્થા પણ મારા દ્રવ્યસ્વભાવમાંથી ક્રમબદ્ધ પ્રગટે છે. તેથી હું મારા દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર રહીને બધાનો જાણનાર જ રહું છું. આવી સ્વભાવદૃષ્ટિ [-દ્રવ્યદૃષ્ટિ]માં અનંત પુરુષાર્થ આવે છે.

પ્રશ્ન :-જો બધું ક્રમબદ્ધ જ છે અને તેમાં જીવ કાંઈ જ ફેરફાર ન કરી શકે તો પછી જીવમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

ઉત્તર :-બધું ક્રમબદ્ધ છે એવા નિર્ણયમાં જ જીવનો અનંત પુરુષાર્થ સમાયો છે, પરનો ફેરફાર કરવો તે કાંઈ આત્માના પુરુષાર્થનું કાર્ય નથી. ભગવાન જગતનું બધું માત્ર જાણે જ છે, પરંતુ તેઓ પણ કાંઈ ફેરવી ન શકે. તો તેથી શું ભગવાનનો પુરુષાર્થ પરિમિત [હદવાળો] થઈ ગયો? નહિ, નહિ. ભગવાનનો અનંત-અપરિમિત પુરુષાર્થ પોતાના જ્ઞાનમાં સમાયો છે. ભગવાનનો પુરુષાર્થ સ્વમાં છે, પરનો નહિ. પુરુષાર્થ જીવદ્રવ્યની પર્યાય છે. તેથી તેનું કાર્ય જીવના પર્યાયમાં જ આવે, પણ જીવના પુરુષાર્થનું કાર્ય પરમાં ન આવે.

સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન દશા આત્માના પુરુષાર્થ વગર થાય એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની તો ક્ષણે-ક્ષણે સ્વભાવની પૂર્ણતાના પુરુષાર્થની ભાવના કરે છે. અહો! જેમને પૂરો જ્ઞાયકસ્વભાવ ઊઘડી ગયો તે કેવળજ્ઞાની છે, તેમના જ્ઞાનમાં બધું એક સાથે જણાય છે. આવી પ્રતીતિ કરતાં પોતે પણ સ્વદૃષ્ટિથી જોનાર જ રહ્યો. જ્ઞાન સિવાય પરનું કર્તૃત્વ કે રાગાદિ બધું અભિપ્રાયમાંથી ટળી ગયું. આવી દ્રવ્યદૃષ્ટિના જોરે જ્ઞાનની પૂર્ણતાની ભાવનાથી જ્ઞાની વસ્તુસ્વરૂપ ચિંતવે છે. આ ભાવના જ્ઞાનીની છે, અજ્ઞાની મિથ્યાદૃષ્ટિની આ ભાવના નથી. કેમ કે મિથ્યાદૃષ્ટિ જીવ તો પરનું કર્તૃત્વ માને છે. કર્તાપણાની માન્યતાવાળો જીવ જ્ઞાતાપણાની યથાર્થ ભાવના કરી શકે નહિ, કેમ કે કર્તાપણાને અને જ્ઞાતાપણાને પરસ્પર વિરોધ છે.

‘સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ જ થાય, આપણે તેમાં કાંઈ ફેરફાર ન કરી શકીએ. તેથી તેમાં પુરુષાર્થ રહેતો નથી’. આમ જે માને છે તે અજ્ઞાની છે. હે ભાઈ! તું કોના જ્ઞાનથી વાત કરે છે? તારા જ્ઞાનથી કે બીજાના જ્ઞાનથી? જો તું તારા જ્ઞાનથી જ વાત કરે છે, તો પછી જે જ્ઞાને સર્વજ્ઞનો અને



બધા દ્રવ્યોની અવસ્થાનો નિર્ણય કરી લીધો હોય તે જ્ઞાનમાં સ્વદ્રવ્યનો નિર્ણય ન હોય એમ બને જ કેમ? સ્વદ્રવ્યનો નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ છે.

વળી, તારી દલીલમાં ‘સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ જ થાય’ એમ તેં કહ્યું, તો તે માત્ર વાત કરવા માટે કહ્યું છે કે તને સર્વજ્ઞના કેવળજ્ઞાનનો નિર્ણય છે? પ્રથમ તો, જો તને કેવળજ્ઞાનનો નિર્ણય ન હોય તો પહેલાં તે નિર્ણય કર, અને જો સર્વજ્ઞના નિર્ણયપૂર્વક તું કહેતો હોય તો, સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનનો નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ આવી જ જાય છે. સર્વજ્ઞનો નિર્ણય કરવામાં જ્ઞાનનું અનંતુ વીર્ય કામ કરે છે, છતાં તેની ના પાડીને તું કહે છે કે ‘ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ક્યાં આવ્યો?’ તો તને પૂર્ણ કેવળજ્ઞાનના સ્વરૂપની જ શ્રદ્ધા થઈ નથી, તેમ જ કેવળજ્ઞાનને કબૂલવાનો અનંત પુરુષાર્થ પણ તારામાં પ્રગટ્યો નથી. **કેવળજ્ઞાનને કબૂલવામાં અનંત પુરુષાર્થની અસ્તિ આવે છે, છતાં કબૂલતો નથી તો તું માત્ર વાતો જ કરે છે, પણ તને સર્વજ્ઞનો નિર્ણય થયો નથી. જો સર્વજ્ઞનો નિર્ણય થયો હોય તો પુરુષાર્થની અને ભવની શંકા હોય જ નહીં; સાચો નિર્ણય થાય અને પુરુષાર્થ ન થાય તેમ બને જ નહિ.**

અનંત પદાર્થોને જાણનાર, અનંત ગુણોથી પરિપૂર્ણ અને ભવરહિત એવા કેવળજ્ઞાનનો જે જ્ઞાને નિર્ણય કર્યો તે જ્ઞાને પોતાના પુરુષાર્થ વડે નિર્ણય કર્યો છે કે પુરુષાર્થ વગર? જેણે ભવરહિત કેવળજ્ઞાનને પ્રતીતિમાં લીધું છે તેણે રાગમાં ટકીને તે પ્રતીતિ કરી નથી, પણ રાગને છૂટો પાડીને પોતાના જ્ઞાનસ્વભાવમાં ટકીને ભવરહિત કેવળજ્ઞાનની પ્રતીતિ કરી છે. જે જ્ઞાને જ્ઞાનમાં ટકીને ભવરહિત કેવળજ્ઞાનની પ્રતીતિ કરી છે તે જ્ઞાન પોતે ભવરહિત છે અને તેથી તે જ્ઞાનમાં ભવની શંકા થતી નથી. પહેલાં કેવળજ્ઞાનની પ્રતીતિ ન

હતી ત્યારે અનંત ભવની શંકામાં ઝૂલતો હતો, પણ હવે કેવળજ્ઞાનની પ્રતીતિ થતાં અનંત ભવની શંકા ટળી ગઈ અને એકાદ ભવે મોક્ષ થશે એમ જ્ઞાન નિઃશંક થયું. આ જ્ઞાનમાં અનંત પુરુષાર્થ રહેલો છે. આ રીતે 'સર્વજ્ઞ ભગવાને પોતાના કેવળજ્ઞાનમાં જેમ જોયું હોય તેમ જ થાય' એવી યથાર્થ શ્રદ્ધામાં તો પોતાના ભવરહિતપણાનો નિર્ણય સમાઈ જાય છે એટલે કે મોક્ષનો પુરુષાર્થ તેમાં આવી જાય છે. યથાર્થ નિર્ણયનું જોર મોક્ષ પમાડે છે.

બધા દ્રવ્યોની જેમ પોતાના દ્રવ્યની અવસ્થા પણ ક્રમબદ્ધ જ છે. જેમ બીજા દ્રવ્યોની ક્રમબદ્ધપર્યાય આ જીવથી થતી નથી તેમ આ જીવની ક્રમબદ્ધ- પર્યાય પણ બીજા દ્રવ્યોથી થતી નથી. પોતાના ક્રમબદ્ધપર્યાયના સ્વભાવની પ્રતીતિ કરતાં પોતાના દ્રવ્યસ્વભાવમાં જ જોવાનું રહ્યું કે અહો! મારી પર્યાયો તો મારા દ્રવ્યમાંથી જ આવે છે, દ્રવ્યમાં (દ્રવ્ય અભાવમાં) રાગ-દ્વેષ નથી. કોઈ પણ પર દ્રવ્ય મને રાગ-દ્વેષ કરાવતું નથી. પર્યાયમાં અલ્પ રાગ-દ્વેષ છે તે મારી નબળાઈનું કારણ છે. તે નબળાઈ પણ મારા દ્રવ્યમાં નથી. આમ તે જીવને પર ઉપર જોવાનું ન રહ્યું, પણ પોતાના સ્વભાવમાં જ જોવાનું રહ્યું, એટલે કે દ્રવ્યદૃષ્ટિમાં જ ટકવાનું રહ્યું અને તે સ્વભાવના જોરે જ અલ્પ કાળમાં રાગ ટાળીને કેવળજ્ઞાન પ્રગટ કરશે જ. બસ! આનું નામ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા છે. આ જીવે જ સર્વજ્ઞને યથાર્થપણે જાણ્યા છે, અને આ જીવ જ સ્વભાવદૃષ્ટિથી સાધક થયો છે. તેનું ફળ સર્વજ્ઞદશા છે.

દ્રવ્યમાં સમયે સમયે જે વિશેષરૂપ અવસ્થા થાય છે તે સામાન્યમાંથી જ આવે છે. સામાન્યમાંથી વિશેષ પ્રગટે છે એ સિદ્ધાંતમાં તો કેવળજ્ઞાન ભરેલું છે. જૈન સિવાય આ સામાન્ય-વિશેષની વાત બીજે ક્યાંય નથી, અને સમ્યગ્દૃષ્ટિ સિવાય બીજા તેને યથાર્થપણે સમજી શકતા નથી. 'સામાન્યમાંથી વિશેષ થાય છે'-આટલો સિદ્ધાંત નક્કી કરતાં પરિણમન



સ્વ તરફ ઢળી જાય છે. મારી પર્યાય પરથી થતી નથી, નિમિત્તથી થતી નથી, વિકલ્પથી થતી નથી અને પર્યાયમાંથી પણ થતી નથી. આમ, બધાથી લક્ષ છોડીને જે જીવ એકલા દ્રવ્યમાં ઢળે છે તે જીવને એમ પ્રતીતિ થાય છે કે સામાન્યમાંથી જ વિશેષ થાય છે. અજ્ઞાનીને આવી સ્વાધીનતાની પ્રતીતિ હોતી નથી.

ભગવાને જેમ જોયું હોય તેમ જ થાય, એમ નક્કી કરનારનું વીર્ય પરમાંથી ખસીને સ્વમાં થંભી જાય છે. જ્ઞાને સ્વમાં ટકીને સર્વજ્ઞના જ્ઞાનસામર્થ્યનો અને બધા દ્રવ્યોનો નિર્ણય કર્યો છે. તે નિર્ણયરૂપ પર્યાય ક્યાંય પરમાંથી આવી નથી, વિકલ્પમાંથી પણ આવી નથી, પરંતુ દ્રવ્યમાંથી તે નિર્ણયની તાકાત પ્રગટી છે. એટલે કે નિર્ણય કરનારે દ્રવ્યને પ્રતીતિમાં લઈને નિર્ણય કર્યો છે. આવો નિર્ણય કરનાર જીવ જ સર્વજ્ઞનો સાચો ભક્ત છે. તેનું વલણ પોતાના સર્વજ્ઞસ્વભાવ તરફ ઢળ્યું છે અને ક્યાંય અટક્યા વગર અલ્પ કાળમાં તે સંપૂર્ણ સર્વજ્ઞ થશે. આનાથી વિરુદ્ધ એટલે કે કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કંઈ કરી શકે છે એમ જે માને છે તેણે (૧) પોતાના આત્માને, (૨) સર્વજ્ઞના જ્ઞાનને, (૩) ન્યાયને કે (૪) દ્રવ્ય-પર્યાયને ખરેખર માન્યા નથી.

(૧) પોતાનો આત્મા પરથી ભિન્ન છે, છતાં તે પરનું કરે છે એમ જેણે માન્યું તેણે પોતાના આત્માને પરરૂપે માન્યો એટલે કે પોતાના આત્માને જ માન્યો નથી.

(૨) વસ્તુની અવસ્થા સર્વજ્ઞદેવે જોયા પ્રમાણે થાય છે એમ માનવાને બદલે હું તેને ફેરવી શકું છું એમ જેણે માન્યું તેણે સર્વજ્ઞના જ્ઞાનને સાચું કબૂલ્યું નથી.

(૩) વસ્તુની અવસ્થા ક્રમબદ્ધ જ થાય છે, ત્યાં નિમિત્ત કાંઈ કરે કે ફેરફાર કરી નાખે એ વાત જ ક્યાં રહી? નિમિત્ત પરમાં કાંઈ જ કરતું નથી, છતાં મારા નિમિત્તે પરમાં કાંઈક ફેરફાર થાય

છે એમ જેણે માન્યું તેણે સાચા ન્યાયને માન્યો નથી.

(૪) દ્રવ્યની પર્યાય દ્રવ્યમાંથી જ આવે છે એમ માનવાને બદલે દ્રવ્યની પર્યાય પરમાંથી આવે છે એમ જેણે માન્યું (અર્થાત્ પર મારી પર્યાય કરે છે એમ જેણે માન્યું) તેણે દ્રવ્ય-પર્યાયના સ્વરૂપને માન્યું નથી.

આ રીતે એક ઊંધી માન્યતામાં અનંત અસત્‌નું સેવન થઈ જાય છે.

વસ્તુમાંથી ક્રમબદ્ધપર્યાય આવે છે. તેને બીજું કોઈ કરતું નથી, છતાં તે વખતે નિમિત્ત હાજર હોય છે ખરું, પરંતુ નિમિત્ત દ્વારા કાંઈ પણ કાર્ય થતું નથી. નિમિત્ત મદદ કરે એમ પણ નથી અને નિમિત્તની હાજરી ન હોય એમ પણ બનતું નથી. જેમ જ્ઞાન બધી વસ્તુને માત્ર જાણે છે પણ કોઈનું કાંઈ કરતું નથી, તેમ નિમિત્ત માત્ર હાજર હોય છે પણ ઉપાદાનને કાંઈ અસર, મદદ કે પ્રેરણા કરતું નથી.

જે સમયે સ્વલક્ષના પુરુષાર્થ વડે આત્માને સમ્યગ્દર્શન પ્રગટે છે તે વખતે સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપે હોય જ છે.

પ્રશ્ન :- જીવને સમ્યગ્દર્શન પ્રગટવાની તૈયારી હોય અને સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર ન મળે તો સમ્યગ્દર્શન ન થાયને?

ઉત્તર :- જીવની તૈયારી હોય અને સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર ન મળે એ વાત બને જ નહિ. ઉપાદાનકારણ તૈયાર થાય ત્યારે નિમિત્તકારણ સ્વયં આવી મળે છે, પરંતુ કોઈ કોઈના કર્તા નથી. ઉપાદાનના કારણે નિમિત્ત આવતું નથી, તેમ જ નિમિત્તના કારણે ઉપાદાનનું કાર્ય થતું નથી. બંને સ્વતંત્રપણે પોતપોતાના કાર્યના કર્તા છે.

અહો! વસ્તુની કેટલી સ્વતંત્રતા! સમસ્ત વસ્તુઓમાં ક્રમવર્તીપણું ચાલી જ રહ્યું છે. એક પછી એક પર્યાય કહો કે ક્રમબદ્ધ પર્યાય કહો, જે સમયે જે પર્યાય થવાની છે તે સમયે તે પર્યાય થાય જ



છે. જ્ઞાની જીવ જ્ઞાતાપણે તેને જાણ્યા જ કરે છે અને અજ્ઞાની જીવ કર્તાપણાનું મિથ્યા અભિમાન કરે છે. જે પરના અભિમાન કરે છે તેની ક્રમબદ્ધપર્યાય હીણી પરિણમે છે અને જે જ્ઞાતા રહે છે તેની ક્રમબદ્ધ જ્ઞાનપર્યાય ખીલીને કેવળજ્ઞાન થાય છે.

વસ્તુના અનાદિ-અનંત કાળના પર્યાયોમાંથી એકેય પર્યાયનો ક્રમ ફરે નહિ. અનાદિ-અનંત કાળના જેટલા સમય છે તેટલી દરેક વસ્તુની પર્યાયો છે. પહેલા સમયની પહેલી પર્યાય, બીજા સમયની બીજી પર્યાય, ત્રીજા સમયની ત્રીજી પર્યાય-એમ જેટલા સમય તેટલી પર્યાયો ક્રમબદ્ધ છે. આમ જેણે સ્વીકાર્યું તેની દૃષ્ટિ એકેક પર્યાય ઉપરથી ખસીને અભેદ દ્રવ્ય ઉપર ગઈ અને તે પરથી ઉદાસ થઈ ગયો. જો કોઈ એમ કહે કે હું પરનો પર્યાય ફેરવી દઉં, તો તેણે વસ્તુના અનાદિ-અનંત કાળના પર્યાયોમાં ફેરફાર કરવાનું માન્યું એટલે કે વસ્તુસ્વરૂપને વિપરીતપણે માન્યું, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

વસ્તુ અને વસ્તુના ગુણો અનાદિ-અનંત છે તથા અનાદિ-અનંત કાળના જેટલા સમયો છે તેટલા તે તે સમયની પર્યાયો વસ્તુમાંથી ક્રમબદ્ધ પ્રગટે છે. જે સમયની જે પર્યાય છે તે સમયે તે જ પર્યાય પ્રગટ થાય છે. તે આડી-અવળી ન થાય તેમ જ પહેલાં-પછી પણ ન થાય. પર્યાયના ક્રમમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતમાં તો કેવળજ્ઞાન ખડું થઈ જાય છે. આ તો દૃષ્ટિના અજર પ્યાલા છે, તે પ્યાલા પચાવવા માટે શ્રદ્ધા-જ્ઞાનમાં અનંત પુરુષાર્થ જોઈએ. અનાદિ-અનંત અખંડ દ્રવ્યને પ્રતીતિમાં લે ત્યારે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થાય છે, કેમ કે ક્રમબદ્ધપર્યાયનું મૂળ તો તે જ છે. જેણે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરી તે અનાદિ-અનંત પર્યાયોનો જ્ઞાયક અને ચૈતન્યના કેવળજ્ઞાનનો પ્રતીતિવંત થઈ ગયો. મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ દ્રવ્ય તરફ ઢળતાં, સાધકપર્યાયમાં અધૂરાશ રહી છે તોપણ, હવે તેને દ્રવ્ય તરફ જ જોવાનું રહ્યું, અને તે દ્રવ્યના

જોરે જ તેને પૂર્ણતા થઈ જવાની છે.

વસ્તુનું સત્ય સ્વરૂપ તો આમ જ છે. આ સમજ્યે જ છૂટકો છે! વસ્તુનું સ્વાધીન પરિપૂર્ણ સ્વરૂપ ખ્યાલમાં લીધા વગર પર્યાયમાં શાંતિ આવશે ક્યાંથી? સુખદશા જોઈતી હોય તો એ વસ્તુસ્વરૂપ જાણવું પડશે કે જેમાંથી સુખદશા પ્રગટે છે.

અહો! મારી પર્યાય પણ ક્રમબદ્ધ જ થાય છે. આમ જેણે નક્કી કર્યું તેને પોતામાં સમભાવ-જ્ઞાતાભાવ થઈ ગયો. તેને પર્યાય ફેરવવાની આકુળતા ન રહી, પણ જે જે પર્યાય થાય તેનો જ્ઞાતાપણે જાણનાર રહ્યો. જે જ્ઞાતાપણે જાણનાર રહ્યો તેને કેવળજ્ઞાન થતાં શી વાર? જેને સ્વભાવમાં સમભાવી જ્ઞાન નથી એટલે કે પોતાના દ્રવ્યની ક્રમબદ્ધ અવસ્થાની જેને પ્રતીતિ નથી તે જીવની રુચિ પરમાં જાય છે અને તેને વિષમભાવે ક્રમબદ્ધપણે વિકારી પર્યાય થાય છે. જ્ઞાતાપણાનો વિરોધ કરીને જે પર્યાય થાય છે તે વિષમભાવે (વિકારી) છે અને સ્વમાં દૃષ્ટિ કરીને જ્ઞાતાપણે રહેતાં જે પર્યાય થાય છે તે સમભાવે ક્રમબદ્ધ વિશેષ શુદ્ધ થતી જાય છે.

આમાં તો બધું પોતાની પર્યાયમાં જ સમાય છે. પોતાની ક્રમબદ્ધપર્યાય જો સ્વદૃષ્ટિ કરે તો શુદ્ધ થાય અને જો પરદૃષ્ટિ કરે તો અશુદ્ધ થાય. પર સાથે સંબંધ ન રહ્યો, પણ દૃષ્ટિ કઈ તરફ છે તે ઉપર ક્રમબદ્ધપર્યાયનો આધાર છે. કોઈ જીવ શુભભાવ કરવાથી પરવસ્તુ (દેવ-ગુરુ-શાસ્ત્ર કે મંદિર વગેરે) મેળવી શકે નહિ અને અશુભભાવ કરવાથી કોઈ પૈસા વગેરે પરવસ્તુ મેળવી શકે નહિ. જે પરવસ્તુ જે કાળે-જે ક્ષેત્રે આવવાની હોય તે જ વસ્તુ તે કાળે તે ક્ષેત્રે સ્વયં આવે છે, પણ આત્માના ભાવને કારણે તે આવતી નથી. બધી વસ્તુના પર્યાય તેના ક્રમબદ્ધ નિયમ પ્રમાણે જ થાય છે, તેમાં ફેર પડતો નથી. આ સમજણમાં વસ્તુની પ્રતીતિ અને કેવળજ્ઞાનમય સ્વભાવનું અનંત વીર્ય પ્રગટે છે. આ માનતાં અનંતા પરદ્રવ્યોના કર્તૃત્વને



છેદીને એકલો જ્ઞાતા થઈ ગયો. આમાં તો અનંતકાળે કદી નહિ કરેલ એવો અપૂર્વ સમ્યગ્દર્શનનો પુરુષાર્થ છે.

જેમ આત્મામાં બધી પર્યાય ક્રમબદ્ધ જ થાય છે તેમ જડમાં પણ જડની બધી અવસ્થા ક્રમબદ્ધ જ થાય છે. કર્મની જે જે અવસ્થા થાય છે તે આત્મા કરતો નથી, પણ તે તે પરમાણુની ક્રમબદ્ધપર્યાય છે. કર્મના પરમાણુઓમાં ઉદય, ઉદીરણા, વગેરે જે દસ અવસ્થાઓ (-કરણો) છે તે પરમાણુઓની ક્રમબદ્ધદશા છે. આત્માના શુભ પરિણામને કારણે કર્મના પરમાણુઓની દશા ફરી નથી, પણ તે પરમાણુઓમાં જ તે ટાણે તે દશા જ થવાની લાયકાત હતી, તેથી તે દશા થઈ છે. જીવના પુરુષાર્થને લીધે કાંઈ કર્મની ક્રમબદ્ધ અવસ્થામાં ભંગ પડી જતો નથી. જીવે પોતાની દશામાં પુરુષાર્થ કર્યો અને તે વખતે કર્મના પરમાણુઓની ક્રમબદ્ધદશા ઉપશમ, ઉદીરણાદિરૂપ સ્વયં થાય છે. પરમાણુમાં તેની અવસ્થા તેની લાયકાતથી તેના કારણે થાય છે, પણ આત્મા તેનું કાંઈ કરતો નથી.

પ્રશ્ન :-જો કર્મ તે પરમાણુની ક્રમબદ્ધ પર્યાય જ છે તો પછી જૈનમાં તો કર્મસિદ્ધાંતના ભરેલાં થોકબંધ શાસ્ત્રો ભરેલાં છે, તેનું શું સમજવું?

ઉત્તર :-ભાઈ રે! એ બધા શાસ્ત્રો આત્માને જ બતાવનારા છે. કર્મનું જેટલું વર્ણન છે તેને આત્માના પરિણામ સાથે માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આત્માના પરિણામો કેવા કેવા પ્રકારના થાય છે તે સમજવા માટે કર્મમાં ભેદ પાડીને ઉપચારથી સમજાવ્યું છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવા માટે કર્મનું વર્ણન છે, પણ જડકર્મ સાથે આત્માને કર્તા-કર્મ સંબંધ જરાપણ નથી.

પ્રશ્ન :-બંધ, ઉદય, ઉદીરણા, ઉપશમ, અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ, સત્તા, નિદ્ધત્ત અને નિકાચિત-એવા દસ પ્રકારના કરણ

[-કર્મની અવસ્થાના પ્રકાર] કેમ કહ્યાં છે?

ઉત્તર :-અહો! એમાં પણ ખરેખર તો ચૈતન્યની જ ઓળખાણ કરાવી છે. સામા જે દસ પ્રકાર પાડ્યા છે તે આત્માના પરિણામોના પ્રકાર બતાવવા માટે જ છે. આત્માનો પુરુષાર્થ તેવા દસ પ્રકારે થઈ શકે છે તે બતાવવા માટે કર્મના પ્રકાર પાડી સમજાવ્યું છે. આત્માના પુરુષાર્થ વખતે કર્મના પરમાણુઓ તેની લાયકાત પ્રમાણે સ્વયં પરિણમે છે. આમાં તો બંનેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે, પરંતુ કર્મો આત્માનું કંઈ કરે છે, એમ વાત કરી નથી.

એક કર્મ-પરમાણુ પણ દ્રવ્ય છે. તેમાં અનંત પર્યાય જે થવાની છે, તે જ સમયે-સમયે ક્રમબદ્ધ થાય છે.

પ્રશ્ન :-કર્મની ઉદીરણા થાય એમ કહ્યું છેને?

ઉત્તર :-ઉદીરણાનો અર્થ એવો નથી કે પછી થવાની અવસ્થાને ઉદીરણા કરીને વહેલી લાવ્યા. કર્મની ક્રમબદ્ધ અવસ્થા જ તે પ્રકારની થવાની હતી. જીવે પોતામાં પુરુષાર્થ કર્યો છે, તે બતાવવા માટે ઉપચારથી 'કર્મમાં ઉદીરણા થઈ' એમ કહ્યું છે. ખરેખર, કર્મની અવસ્થાનો ક્રમ ફરી ગયો નથી, પરંતુ જીવે પોતાના પર્યાયમાં તે પ્રકારનો પુરુષાર્થ કર્યો છે તેનું જ્ઞાન કરાવવા માટે જ 'ઉદીરણા' કહેવામાં આવી છે.

વળી, 'જીવ ઘણો પુરુષાર્થ કરે તો ઘણાં કર્મો ખરે' એમ કહેવામાં આવે છે ત્યાં પણ ખરેખર જીવે કર્મ ખેરવવાનો પુરુષાર્થ કર્યો નથી, પણ પોતાના સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ કર્યો છે. જીવના વિશેષ પુરુષાર્થનું જ્ઞાન કરાવવા માટે આરોપથી એમ બોલાય છે કે ઘણા કાળના કર્મ પરમાણુઓ અલ્પ કાળમાં ખેરવી નાંખ્યા. આ આરોપિત કથનમાં સાચું વસ્તુસ્વરૂપ તો એમ છે, કે, જીવે સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ કર્યો છે અને તે વખતે જે કર્મોની અવસ્થા સ્વયં ખરવારૂપ હતી તે કર્મો ખરી ગયા છે. પરમાણુની અવસ્થાના ક્રમમાં ભંગ પડતો



નથી. ઘણા કાળના કર્મો ક્ષણમાં ટાળી નાખ્યા તેનો અર્થ એટલો જ સમજવો કે જીવે ઘણો પુરુષાર્થ પોતાની પર્યાયમાં કર્યો છે.

છયે દ્રવ્યો પરિણમનસ્વભાવી છે અને તેઓ પોતાની મેળે ક્રમબદ્ધ પર્યાયપણે પરિણમે છે. છયે દ્રવ્યો પરની સહાય વગર સ્વયં પરિણમે છે. આ શ્રદ્ધા કરવામાં જ અનંત પુરુષાર્થ છે. **પુરુષાર્થ વગરની જીવની એકે પર્યાય થતી નથી, માત્ર પુરુષાર્થનું વલણ સ્વ તરફ કરવાને બદલે પર તરફ જીવ કરે છે તે જ અજ્ઞાન છે. જો સ્વભાવની રુચિ કરે તો સ્વભાવ તરફ વળે, એટલે પર્યાય ક્રમેક્રમે શુદ્ધ જ થાય.**

આ વાતની સમજણમાં આત્માના મોક્ષનો ઉપાય રહેલો છે. માટે આ વાત બરાબર છંછેડીને સમજવી, જરા પણ ઢાંકવી નહિ. નિર્ણયપૂર્વક ખુલ્લી કરીને જાણવી જોઈએ. પરમ સત્‌ને ઢંકાય નહિ, પણ ઊહાપોહ કરીને બરાબર છંછેડી-છંછેડીને નક્કી કરવું જોઈએ. સત્યમાં કોઈની શરમ હોય નહિ. આ તો વસ્તુસ્વરૂપ છે.

સમ્યગ્દષ્ટિ ધર્માત્મા પોતાના સમ્યગ્જ્ઞાનથી એમ જાણે છે, કે સર્વજ્ઞ ભગવાને પોતાના જ્ઞાનમાં જાણ્યું છે, તે પ્રમાણે દરેક વસ્તુ ક્રમબદ્ધ પરિણમે છે. મારી કેવળજ્ઞાન પર્યાય પણ મારા ક્રમબદ્ધપણે સ્વદ્રવ્યમાંથી જ પ્રગટવાની છે. આવી સમ્યક્‌ભાવનાથી તેનું જ્ઞાન લંબાઈને સ્વભાવમાં એકાગ્ર થાય છે અને જ્ઞાતાશક્તિ પર્યાયે પર્યાયે નિર્મળ થતી જાય છે તથા વિકારી પર્યાય ક્રમે-ક્રમે ટળતી જાય છે. કોણ કહે છે કે આમાં પુરુષાર્થ નથી? આવા સ્વભાવમાં જે નિઃશંક છે તે સમ્યગ્દષ્ટિ છે અને આ સ્વભાવમાં કંઈ પણ સંદેહ વેદે તે મિથ્યાદષ્ટિ છે, તેને સર્વજ્ઞના જ્ઞાનની અને પોતાના જ્ઞાતાસ્વભાવની શ્રદ્ધા નથી.

અહા! આ સમ્યગ્દષ્ટિ જીવની ભાવના તો જુઓ! સ્વભાવથી શરૂ કર્યું છે અને સ્વભાવમાં જ લાવીને પુરું કરે છે. જે ઠેકાણેથી શરૂ કર્યું છે ત્યાં ને ત્યાં લાવી મૂક્યું છે. સ્વાશ્રયે આત્મામાં સાધક

દશા શરૂ કરી છે અને સ્વાશ્રયે આત્મામાં જ પૂર્ણતા પણ કરે છે. કેવળજ્ઞાન સંપૂર્ણપણે સ્વમાં જ સમાય છે. સાધક ધર્માત્મા પોતામાં જ સમાવા માગે છે. બહારથી ક્યાંયથી શરૂ કર્યું નથી અને બહારમાં ક્યાંય અટકવાનું નથી. આત્માનો માર્ગ આત્મામાંથી નીકળીને આત્મામાં જ સમાય છે.

એકલા જીવની વાત નથી, પણ બધા જ પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. અહીં મુખ્યપણે જીવની વાત સમજાવી છે. આત્માની અવસ્થા આત્મામાંથી જ ક્રમબદ્ધ પ્રગટે છે એમ નક્કી કરવામાં અનંતુ વીર્ય છે. આ નક્કી કરતાં, અનંતા પર પદાર્થોને સારા-ખરાબ માનીને પહેલાં જે રાગ-દ્વેષ થતા હતા તે બધા ટળી ગયા. પર નિમિત્તનું ધણીપણું માનતાં વીર્ય પરમાં અટકતું હતું, તે હવે પોતાના આત્મસ્વભાવને જોવા વળગી ગયું. રાગ-નિમિત્ત એ બધાની દૃષ્ટિ ગઈ અને સ્વભાવમાં દૃષ્ટિ થઈ. એ સ્વભાવદૃષ્ટિમાં પોતાના પર્યાયની સ્વાધીનતાની કેવી પ્રતીતિ આવે છે તેની આ વાત છે. સ્વભાવદૃષ્ટિ સમજ્યા વગરના વ્રત, તપ, ભક્તિ, દાન અને ભણતર એ બધુંય, એકડા વગરના મીંડાંની જેમ, વૃથા છે. મિથ્યાદૃષ્ટિ જીવને તે કાંઈ સાચું હોતું નથી.

અહો ભગવાન! તારી વસ્તુમાં ભગવાન જેટલું પરિપૂર્ણ સામર્થ્ય છે, ભગવાનપણું તારી વસ્તુમાંથી જ પ્રગટવાનું છે. આવા ટાણે યથાર્થ વસ્તુસ્વરૂપને દૃષ્ટિમાં નહીં લે તો વસ્તુના સ્વરૂપને જાણ્યા વગર જન્મ-મરણના અંત નહીં આવે. વસ્તુસ્વરૂપ જાણતાં અનંત સંસાર ટળી જાય છે. વસ્તુમાં સંસાર નથી, તેથી વસ્તુની પ્રતીતિ થતાં મોક્ષપર્યાયની તૈયારીના ભણકારા વાગે છે. ભગવાન! આ તારા સ્વભાવની વાત છે, હા તો લાવ! તારા સ્વભાવના હકારમાંથી સ્વભાવદશાની અસ્તિ આવશે. સ્વભાવસામર્થ્યની ના ન પાડ! '**सब प्रकार अवसर आ चुका है**' તારા દ્રવ્યમાં દૃષ્ટિ કરીને જો, કેમ કે દ્રવ્યમાંથી સાદિ-અનંતકાળ મોક્ષદશા પ્રગટે છે. તે દ્રવ્યની પ્રતીતિના જોરે મોક્ષદશા



પ્રગટી જાય છે. ॥૩૨૧-૩૨૨॥

જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ,એ છયે દ્રવ્યોમાં ક્રમબદ્ધપર્યાય થાય છે. જીવ જો પોતાના ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરે તો તેની ક્રમબદ્ધ મોક્ષપર્યાય થયા વિના રહે નહિ. કેમ કે ક્રમબદ્ધની શ્રદ્ધાનું વજન સ્વમાં આવે છે. જે વસ્તુમાંથી પોતાની અવસ્થા આવે છે તે વસ્તુ ઉપર દૃષ્ટિ મૂકવાથી મોક્ષ થાય છે. પરદ્રવ્ય મારી અવસ્થા કરી દેશે એવી દૃષ્ટિ તૂટી જવાથી અને સ્વદ્રવ્યમાં દૃષ્ટિ મૂકવાથી રાગની ઉત્પત્તિ થતી નથી. એટલે કે વસ્તુની અવસ્થા ક્રમબદ્ધ થાય છે એવી દૃષ્ટિ થતાં પોતે જ્ઞાતા-દ્રષ્ટા થઈ જાય છે, અને જ્ઞાતા-દ્રષ્ટાના જોર વડે અસ્થિરતા તોડીને સંપૂર્ણ સ્થિર થઈ અલ્પ કાળમાં મુક્તિ પામે છે. આમાં અનંત પુરુષાર્થ આવે છે.

પુરુષાર્થ વડે સ્વરૂપની દૃષ્ટિ કરવાથી અને તે દૃષ્ટિના જોરે સ્વરૂપમાં રમણતા કરવાથી ચૈતન્યમાં ક્રમબદ્ધ પર્યાય થાય છે. **ચૈતન્યની શુદ્ધ ક્રમબદ્ધપર્યાય પ્રયત્ન વિના થતી નથી. મોક્ષમાર્ગની શરૂઆતથી મોક્ષની પૂર્ણતા સુધી બધેય સમ્યક્ પુરુષાર્થ અને જ્ઞાનનું જ કાર્ય છે.**

બહારની ચીજનું જે થવાનું હોય તે થાય એમ ક્રમબદ્ધપણું ખરેખર નક્કી ક્યારે કર્યું કહેવાય? કે, બહારની ચીજથી ઉદાસ થઈને બધાનો જ્ઞાતા રહી જાય તો તેને ક્રમબદ્ધનો સાચો નિર્ણય છે. જે જીવ પોતાને પરનો કર્તા માને છે અને પરથી પોતાને સુખ-દુઃખ થાય એમ માને છે તેને ક્રમબદ્ધપર્યાયની જરા પણ પ્રતીતિ નથી.

હું દ્રવ્ય છું અને મારા અનંત ગુણો છે. તે ગુણો પલટીને સમયે સમયે એક પછી એક ક્રમબદ્ધ અવસ્થા થાય છે. તે અવસ્થા આડી-અવળી થતી નથી તેમ જ એકસાથે બે ભેગી થતી નથી અને કોઈ સમય અવસ્થા વગરનો ખાલી પણ જતો નથી. કેવળજ્ઞાન અને મોક્ષદશા પણ મારા ગુણમાંથી જ ક્રમબદ્ધ પ્રગટે છે. આવી રીતે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થતાં પોતાનો પર્યાય ઊઘાડવા માટે કોઈ પર

ઉપર લક્ષ કરવાનું રહેશે નહિ, અને તેથી કોઈ પર ઉપર રાગ-દ્વેષ કરવાનું કારણ પણ નહિ રહે; એટલે શું થશે? કે બધા પર ઉપરનું લક્ષ છોડીને તે પોતામાં જોવા માટે વળશે. હવે પોતામાં પણ 'મારી પૂર્ણ શુદ્ધ પર્યાય ક્યારે ઊઘડશે?' એવો આકૂળતાનો વિકલ્પ રહેશે નહિ. કેમ કે ત્રણે કાળની ક્રમબદ્ધપર્યાયથી ભરેલું દ્રવ્ય તેની પ્રતીતિમાં આવી ગયું છે. તેથી ક્રમબદ્ધપર્યાયની જે જીવ શ્રદ્ધા કરે છે તે જીવ તો નજીક મુક્તિગામી જ હોય.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થતાં, પરદ્રવ્યની અવસ્થા ગમે તેવી થાય તેમાં, 'આ આમ કેમ થયું? આમ થયું હોત તો મને ઠીક પડત' એ વગેરે વિચારો (રાગ-દ્વેષ) થાય જ નહિ. કેમ કે ક્રમબદ્ધપર્યાય નક્કી કરનારને શ્રદ્ધા છે કે આ દ્રવ્યની આ વખતે આવી જ અવસ્થા ક્રમબદ્ધમાં થવાની હતી અને તે જ પ્રમાણે થઈ છે. તો પછી તે તેમાં રાગ કે દ્વેષ કેમ કરે? માત્ર જે વખતે જે વસ્તુની જે અવસ્થા થાય છે તેનું તે જ્ઞાન જ કરે છે. બસ! તે જ્ઞાતા થઈ ગયો અને જ્ઞાતાપણે રહીને અલ્પ કાળમાં કેવળજ્ઞાન પામી મુક્તિ પામશે. **આ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાનું ફળ!**

ક્રમબદ્ધ અવસ્થાનો નિર્ણય જ જ્ઞાયક સ્વભાવનો અર્થાત્ વીતરાગ સ્વભાવનો નિર્ણય છે અને તે નિર્ણય અનંત પુરુષાર્થથી જ થઈ શકે છે. પુરુષાર્થને સ્વીકાર્યા વગર મોક્ષ તરફનો ક્રમબદ્ધપર્યાય થતો નથી. **જેના જ્ઞાનમાં પુરુષાર્થનો સ્વીકાર નથી તે પોતાના પુરુષાર્થને ઉપાડતો નથી અને તેથી પુરુષાર્થ વગર તેને સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન થતું નથી. પુરુષાર્થ નહિ સ્વીકારનારનો ક્રમબદ્ધપર્યાય નિર્મળ નહિ થાય, પણ વિકારી થશે. એટલે પુરુષાર્થ નહિ સ્વીકારનાર અનંત સંસારી છે અને પુરુષાર્થ સ્વીકારનાર નજીક મુક્તિગામી છે. ક્રમબદ્ધ અવસ્થાનો નિર્ણય કહો કે પુરુષાર્થવાદ કહો-તે આ જ છે.**

પ્રશ્ન :-જો ક્રમબદ્ધપર્યાય જ્યારે જે થવાની હતી ત્યારે તે જ



થાય છે તો પછી વિકારી ભાવ પણ થવાના હતા ત્યારે જ થયા છે ને?

ઉત્તર :-અરે ભાઈ! તારો પ્રશ્ન જ ઊંધેથી ઊપડ્યો છે. 'વિકારી પર્યાય થવાની હતી ત્યારે થઈ.' આમ જેણે પોતાના જ્ઞાનમાં પ્રતીતિ કરી છે તેની રુચિ ક્યાં અટકી છે? વિકારને જાણનારને જ્ઞાનની રુચિ છે કે વિકારની રુચિ છે? વિકારને યથાર્થપણે જાણવાનું કામ કરનાર વીર્ય તો પોતાના જ્ઞાનનું છે અને તે જ્ઞાનનું વીર્ય વિકારથી ખસીને સ્વભાવના જ્ઞાનમાં અટક્યું છે. સ્વભાવના જ્ઞાનમાં અટકેલું વીર્ય વિકારની કે પરની રુચિમાં અટકે જ નહિ, પણ સ્વભાવના જોરે વિકારનો અલ્પ કાળમાં ક્ષય કરે. જેને વિકારની રુચિ છે તેની દૃષ્ટિનું જોર (વીર્યનું વજન) વિકાર તરફ જાય છે. 'થવાની હોય તે જ પર્યાય ક્રમબદ્ધ થાય છે.' આમ કોનું વીર્ય કબૂલ કરે છે? આ કબૂલનારને પરમાં સુખબુદ્ધિ ન હોય, પણ સ્વભાવમાં જ સંતોષ હોય.

જેમ મોટા પુરુષના ઘરે લગ્નપ્રસંગ હોય તો બધાને આમંત્રણ કરીને માંડવે સાગમટે નોતરે અને પછી હરખથી બદામ-પિસ્તાના મેસુબ જમાડે તેમ અહીં સર્વજ્ઞદેવના ઘરના સાગમટે નોતરાં છે. **'મુક્તિના માંડવે'** બધાને આમંત્રણ છે, આખા જગતને આમંત્રણ છે. મુક્તિમંડપના હરખ જમણમાં સર્વજ્ઞ ભગવાને દિવ્યધ્વનિમાં પીરસેલાં ન્યાયોમાંથી ઊંચી-ઊંચી જાતના ન્યાયો પીરસાય છે-કે જે પચાવતાં આત્મા પુષ્ટ થાય. તારે સર્વજ્ઞ ભગવાન થવું હોય તો તું પણ આ વાત માન.

H Økv< k ^kkPk YkkTkm Pk₹km Ykh$ Pk H G ù \Zkkv < k & **મુક્તિના માંડવા' પછી ત્રીજા દિવસનાં હરખ જમણ!** (સુવર્ણપુરીમાં 'ભગવાનશ્રી કુંદકુંદપ્રવચનમંડપ'નું ખાતમુહૂર્ત અર્થાત્ 'મુક્તિના માંડવા' માગસર સુદ ૧૦ ના રોજ થયેલ, ત્યાર પછી ત્રીજા દિવસનું આ વ્યાખ્યાન હોવાથી તેને અહીં 'ત્રીજા દિવસના હરખ જમણ' કહેલ છે.)

હવે, ગાથા ૩૨૧-૩૨૨ માં જે વસ્તુસ્વરૂપ બતાવ્યું, તેની વિશેષ

દૃઢતા માટે ૩૨૩મી ગાથામાં કહે છે કે જે જીવ પૂર્વે ગાથા ૩૨૧-૩૨૨માં કહેલાં વસ્તુસ્વરૂપને જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ છે અને જે તેમાં સંશય કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

**एवं जो णिच्छयदो जाणदि दव्वाणि सव्वपज्जाए।**
**सो सद्दिट्ठी सुद्धो जो संकदि सो हु कुदिट्ठी।।३२३।।**

અર્થ :-એ પ્રમાણે નિશ્ચયથી સર્વ દ્રવ્યો (જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ) તેમ જ તે દ્રવ્યોની સર્વ પર્યાયોને સર્વજ્ઞના આગમ અનુસાર જે જાણે છે-શ્રદ્ધાન કરે છે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે, અને જે એવું શ્રદ્ધાન નથી કરતો પણ તેમાં શંકા-સંદેહ કરે છે તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂળ છે-પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.

સર્વજ્ઞદેવે કેવળજ્ઞાન વડે જાણીને આગમમાં કહેલાં દ્રવ્યો અને તેના અનાદિ-અનંત કાળની બધી પર્યાયો જેના જ્ઞાનમાં અને જેની પ્રતીતિમાં બેસી ગઈ તે '**सद्दिट्ठी सुद्धो**' એટલે કે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે. મૂળ પાઠમાં ''**सो सतद्दिट्ठी शुद्ध**'' એમ કહીને જોર મૂક્યું છે. પહેલી વાત અસ્તિથી કરી, પછી નાસ્તિથી કહે છે કે ''**संकदि सो हु कुद्दिट्ठी**'' જે તેમાં શંકા કરે છે તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ સર્વજ્ઞનો વેરી છે.

સ્વામી કાર્તિકેયાચાર્યદેવે આ ૩૨૧-૩૨૨-૩૨૩ ગાથામાં ગૂઢ રહસ્ય સંકેલી લીધું છે. સમ્યગ્દૃષ્ટિ જીવ બરાબર જાણે છે કે બધાય પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ છે. સર્વજ્ઞદેવ અને સમ્યગ્દૃષ્ટિમાં એટલો ફેર છે કે સર્વજ્ઞદેવ બધા દ્રવ્યોના ક્રમબદ્ધપર્યાયોને પ્રત્યક્ષ જ્ઞાનથી જાણે છે, અને સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા તેને આગમ પ્રમાણથી પ્રતીતિમાં લે છે એટલે કે પરોક્ષ જ્ઞાનથી નક્કી કરે છે. સર્વજ્ઞને વર્તમાન રાગ-દ્વેષ સર્વથા ટળી ગયા છે, અને સમ્યગ્દૃષ્ટિને પણ અભિપ્રાયમાં રાગ-દ્વેષ ટળી ગયા છે. સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાનથી ત્રણે કાળની પર્યાયોને



જાણે છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ, જોકે કેવળજ્ઞાન વડે નથી જાણતો તોપણ, શ્રુતજ્ઞાન વડે તે ત્રણકાળના પદાર્થોની પ્રતીતિ કરે છે. તેનું જ્ઞાન પણ નિઃશંક છે. પર્યાય તે દરેક વસ્તુનો ધર્મ છે. વસ્તુ સ્વતંત્રપણે પોતાની પર્યાયરૂપે થાય છે. જે વખતે જે પર્યાય થાય તેને માત્ર જાણવી એ જ જ્ઞાનનું કર્તવ્ય છે. પર્યાયને જાણતાં 'આ પર્યાય આમ કેમ થઈ' એમ શંકા કરનારને વસ્તુના સ્વતંત્ર 'પર્યાય-ધર્મ'ની અને જ્ઞાનના કાર્યની ખબર નથી. જ્ઞાનનું કાર્ય માત્ર જાણવાનું છે, જાણવામાં 'આમ કેમ' એ શંકા ક્યાં છે? 'આમ કેમ' એવી શંકા કરવી તે જ્ઞાનનું સ્વરૂપ નથી, પણ, 'જે પર્યાય થાય છે તે વસ્તુના ધર્મ પ્રમાણે જ થાય છે' માટે જેમ થાય તેમ તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. આ રીતે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને જ્ઞાની તો નિઃશંકપણે બધાને જાણ્યા જ કરે છે. આવા જ્ઞાનના જોરે કેવળજ્ઞાન અને પોતાના પર્યાય વચ્ચેના અંતરને તોડીને પૂર્ણ કેવળજ્ઞાનને તે અલ્પકાળમાં પ્રગટ કરશે.

જે જીવ વસ્તુના સ્વતંત્ર ક્રમબદ્ધપર્યાયને નથી માનતો અને 'હું પરનું કરું છું કે પર મને રાગ-દ્વેષ કરાવે છે', એમ માને છે તેને સર્વજ્ઞના જ્ઞાનની શ્રદ્ધા નથી તેમ જ તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂળ છે-પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞના જ્ઞાનમાં જે જણાયું છે તેમાં હું ફેરફાર કરી દઉં એમ જેણે માન્યું છે તેણે સર્વજ્ઞના જ્ઞાનને માન્યું નથી. સર્વજ્ઞનું જ્ઞાન અને તેમની શ્રીમુખવાણીના ન્યાયોને જે નથી માનતો તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞદેવ ત્રણે લોકના બધા દ્રવ્યોની પર્યાયોને જાણે છે અને બધી વસ્તુની બધી પર્યાયો પ્રગટપણે સ્વયં થાય છે, છતાં તેનાથી વિરુદ્ધ (સર્વજ્ઞના જ્ઞાનથી અને વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ) જે માને છે તે સર્વજ્ઞનો અને પોતાના આત્માનો વિરોધી પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.

ભલે, પર્યાય ક્રમબદ્ધ થાય છે પણ પુરુષાર્થ વગર પર્યાય થતો નથી. જે તરફનો પુરુષાર્થ કરે તે તરફનો ક્રમબદ્ધપર્યાય થાય. કોઈ

પૂછે કે આમાં તો નિયત આવ્યું? તો ઉત્તર :-ભાઈ! ત્રણે કાળના નિયત પર્યાયનો નિર્ણય કરનાર કોણ છે? જેણે ત્રણે કાળના નિયત પર્યાય નક્કી કર્યા તેણે દ્રવ્ય જ નક્કી કર્યું છે. પર લક્ષે સ્વનું નિયત માને તો તે એકાંતવાદી વાતોડિયો છે અને પોતાના સ્વભાવના લક્ષે-સ્વભાવમાં પોતે ભળીને-સ્વભાવમાં એકતા કરીને અને રાગ ટાળીને-જે જ્ઞાયક થઈ ગયો છે તેને તો પોતાના સ્વભાવના પુરુષાર્થમાં નિયત સમાઈ જાય છે. **સ્વભાવનો પુરુષાર્થ છે ત્યાં નિયમથી મોક્ષ છે, એટલે પુરુષાર્થમાં જ નિયત આવી જાય છે. જ્યાં પુરુષાર્થ નથી ત્યાં મોક્ષપર્યાયનું નિયત પણ નથી.**

અહો! મહાન સંત-મુનીશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવનાં અમૃત વહેતાં મૂક્યાં છે. આચાર્યદેવો ધર્મના સ્થંભ છે, આભના થોભ જેવા આચાર્યદેવોએ પવિત્ર ધર્મને ટેકો આપીને ટકાવી રાખ્યો છે. એકેક આચાર્યભગવંતોએ ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં પરિષહોને જીતીને પરમ સત્યને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકારા વાગી રહ્યાં છે. આવાં મહાન શાસ્ત્રોની રચના કરીને આચાર્યોએ ઘણા-ઘણા જીવો ઉપર અપાર ઉપકાર કર્યો છે. આ રચના તો જુઓ! પદે-પદે કેટલું ગંભીર રહસ્ય છે! આ તો સત્યની જાહેરાત છે. આના સંસ્કાર અપૂર્વ ચીજ છે, અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. આ સમજે તેનો મોક્ષ જ છે.

પ્રશ્ન :-થવાનું હોય તે થાય છે-એમ માનવામાં-અનેકાન્ત સ્વરૂપ ક્યાં આવ્યું?

ઉત્તર :-જેમ થવાનું હોય તેમ થાય છે એટલે કે પરનું કાર્ય પરથી થાય છે અને મારું કાર્ય મારાથી થાય છે. આમ જાણતાં તે પરથી ખસીને પોતાના તરફ વળે છે. એ રીતે તેણે સ્વભાવના લક્ષે આ માન્યું છે, તેની માન્યતામાં અનેકાન્તસ્વરૂપ છે. 'મારી પર્યાય



મારા દ્રવ્યમાંથી ક્રમબદ્ધ આવે છે, મારી પર્યાય પરમાંથી આવતી નથી' આમ અનેકાંત છે. તથા 'પરની પર્યાય પરના દ્રવ્યમાંથી ક્રમબદ્ધ જે થવાની હોય તે જ થાય છે, હું તેની પર્યાયને કરતો નથી.' આમ અનેકાંત છે. 'થવાનું હોય તેમ જ થાય છે' એમ જાણીને પોતાના દ્રવ્ય તરફ ઢળવું જોઈએ, પરંતુ 'જેમ થવાનું હોય તેમ જ થાય છે' એમ જે એકલા પરલક્ષથી માને છે અને સ્વદ્રવ્યની પર્યાય ક્યાંથી આવે છે તેની પ્રતીતિ કરતો નથી એટલે કે પરલક્ષ છોડીને સ્વલક્ષ કરતો નથી તે એકાંતવાદી છે.

પ્રશ્ન :-ભગવાને તો મોક્ષમાર્ગના પાંચ સમવાય કહ્યા છે, અને તમે તો એક પુરુષાર્થ-પુરુષાર્થ જ કરો છો, તો પછી તેમાં બીજા ચાર સમવાયો કઈ રીતે આવે છે?

ઉત્તર :-જ્યાં જીવ સાચો પુરુષાર્થ કરે છે ત્યાં સ્વયં બીજા ચારે સમવાય હોય જ છે. પાંચ સમવાયનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે સમજવું.

(૧) હું પરનું કાંઈ કરતો નથી, હું તો જ્ઞાયક છું. મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે. -આમ સ્વભાવદૃષ્ટિ કરીને પરની દૃષ્ટિ તોડી તે પુરુષાર્થ.

(૨) સ્વભાવદૃષ્ટિનો પુરુષાર્થ કરતાં જે નિર્મળ દશા પ્રગટી, તે દશા સ્વભાવમાં હતી તે જ પ્રગટી છે. એટલે જે શુદ્ધતા પ્રગટી તે સ્વભાવ.

(૩) સ્વભાવદૃષ્ટિના પુરુષાર્થ વડે સ્વભાવમાં જે ક્રમબદ્ધપર્યાય તે સમયે પ્રગટવાની હતી તે જ શુદ્ધ પર્યાય પ્રગટી તે નિયત. સ્વભાવની દૃષ્ટિના જોરે સ્વભાવમાં જે પર્યાય પ્રગટવાની તાકાત (યોગ્યતા) હતી તે જ પર્યાય પ્રગટી છે. બસ! સ્વભાવમાંથી જે સમયે જે પર્યાય પ્રગટી તે પર્યાય જ તેનું નિયત છે. પુરુષાર્થ કરનાર જીવને સ્વભાવમાં

જે નિયત છે તે જ પ્રગટે છે, પણ બહારથી કાંઈ આવતું નથી.

(૪) સ્વદૃષ્ટિના પુરુષાર્થ વખતે જે દશા પ્રગટી તે જ તે વખતનો સ્વકાળ છે. પહેલાં પર તરફ ઢળતો હતો તેને બદલે સ્વમાં ઢળ્યો તે જ સ્વકાળ છે.

(૫) સ્વદૃષ્ટિથી જ્યારે આ ચાર સમવાય પ્રગટ્યા ત્યારે નિમિત્તરૂપ કર્મો તેની પોતાની લાયકાતથી સ્વયં ખસી ગયાં છે, તે કર્મ છે.

આમાં પુરુષાર્થ, સ્વભાવ, નિયત અને કાળ એ ચાર સમવાય અસ્તિરૂપ છે અર્થાત્ તે ચારે ઉપાદાનના પર્યાયમાં લાગુ પડે છે અને પાંચમું સમવાય નાસ્તિરૂપ છે અર્થાત્ તે નિમિત્તમાં લાગુ પડે છે. અથવા જો પાંચમું સમવાય આત્મામાં લાગુ પાડવું હોય તો તે આ પ્રમાણે છેઃ પર વલણથી ખસીને સ્વભાવ તરફ વળતાં પ્રથમના ચારનું અસ્તિરૂપે અને કર્મનું નાસ્તિરૂપે-એમ પાંચે સમવાયનું આત્મામાં પરિણમન થઈ જાય છે એટલે કે સ્વ તરફનો પુરુષાર્થ થતાં પાંચે સમવાય પોતાની પર્યાયમાં સમાઈ જાય છે. પહેલાં ચાર અસ્તિથી અને પાંચમું નાસ્તિથી પોતામાં છે.

જીવે જ્યારે સમ્યક્ પુરુષાર્થ ન કર્યો પણ વિકારી માટે કર્મનો નિમિત્ત કહેવાયું છે અને જ્યારે સમ્યક્ પુરુષાર્થ કર્યો ત્યારે કર્મનો અભાવ નિમિત્ત કહેવાયો છે. જીવ પોતામાં પુરુષાર્થ વડે ચાર સમવાય પ્રગટ કરે અને સામે કર્મની દશા ફરવાની ન હોય, એમ બને જ નહિ. જીવ સ્વલક્ષ કરીને ચાર સમવાયરૂપે પરિણમ્યો અને કર્મ તરફ લક્ષ કરીને ન પરિણમ્યો (અર્થાત્ ઉદયમાં ન જોડાણો) ત્યારે કર્મની અવસ્થાને નિર્જરા કહેવાઈ. જીવ સ્વસન્મુખ પરિણમ્યો ત્યારે ભલે કર્મ ઉદયમાં હોય, પણ જીવના તે વખતના પરિણમનમાં કર્મના નિમિત્તની નાસ્તિ છે. પોતે સ્વમાં ભળ્યો અને કર્મ તરફ ન ભળ્યો તે જ કર્મની નાસ્તિ અર્થાત્ ઉદયનો અભાવ છે.



આત્માની એક સમયની સ્વસન્મુખ દશામાં પાંચે સમવાય આવી જાય છે. જીવ જ્યારે પુરુષાર્થ કરે છે ત્યારે તેને પાંચે સમવાય એક જ સમયે હોય છે. સ્વની પ્રતીતિમાં પરની પ્રતીતિ આવી જ જાય છે. આવી ક્રમબદ્ધ વસ્તુસ્વરૂપની પ્રતીતિમાં કેવળજ્ઞાનનો પુરુષાર્થ આવી ગયો છે.

પ્રશ્ન :-જીવ કેવળજ્ઞાન પ્રગટાવવાનો પુરુષાર્થ કરે, પણ તે વખતે કર્મની ક્રમબદ્ધ અવસ્થા લાંબો કાળ રહેવાની હોય તો જીવને કેવળજ્ઞાન શી રીતે થાય?

ઉત્તર :-વાહ તારી શંકા! તને તારા પુરુષાર્થનો જ ભરોસો નથી, તેથી તારી દૃષ્ટિ કર્મ તરફ લંબાણી છે. 'સૂર્ય ઊગશે અને અંધારું નહિ ટળે તો?' એવી શંકા કરે તે મૂર્ખ છે. તેવી રીતે 'હું પુરુષાર્થ કરું અને કર્મની સ્થિતિ લાંબો કાળ રહેવાની હોય તો?' આવી શંકા જેને પડે તેને પુરુષાર્થની પ્રતીતિ જ નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. કર્મની ક્રમબદ્ધપર્યાય એવી જ હોય છે કે જીવ પુરુષાર્થ કરે ત્યારે તે સ્વયં ટળી જ જાય. 'કર્મ લાંબો કાળ રહેવાના હોય તો?' એ દૃષ્ટિ તો પરમાં લંબાણી છે, અને તેમ શંકા કરનારે પોતાના પુરુષાર્થને પરાધીન માન્યો છે. તને તારા આત્માના પુરુષાર્થની પ્રતીતિ છે કે નહિ? હું મારા સ્વભાવના પુરુષાર્થથી કેવળજ્ઞાન પ્રગટ કરું છું અને હું મારી કેવળજ્ઞાન દશા પ્રગટ કરું ત્યારે ઘાતીકર્મો હોય જ નહિ, એવો નિયમ છે. જેને ઉપાદાનની શ્રદ્ધા હોય તેને નિમિત્તની શંકા હોય જ નહિ. નિમિત્તની શંકામાં જે રોકાણો છે તેણે ઉપાદાનનો પુરુષાર્થ જ કર્યો નથી. ઉપાદાન તે નિશ્ચય છે અને નિમિત્ત તે વ્યવહાર છે.

નિશ્ચયનય આખા દ્રવ્યને લક્ષમાં લે છે. તે આખા દ્રવ્યની શ્રદ્ધામાં કેવળજ્ઞાનથી ઊણપનો સ્વીકાર જ ક્યાં છે? **ક્રમબદ્ધ-પર્યાયની શ્રદ્ધામાં દ્રવ્યની શ્રદ્ધા છે, અને દ્રવ્યની શ્રદ્ધામાં કેવળજ્ઞાનથી ઊણી દશાની**

**પ્રતીતિ જ નથી. માટે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં કેવળજ્ઞાન જ છે.**

કેવળજ્ઞાની નિશ્ચયથી તો સંપૂર્ણ આત્મજ્ઞ જ છે, વ્યવહારથી સર્વજ્ઞ છે. સંપૂર્ણ આત્મજ્ઞ છે તો તેઓ સર્વજ્ઞ કહેવાય છે. આત્મજ્ઞતા વગર સર્વજ્ઞતા હોઈ શકે નહિ.

હવે, સર્વજ્ઞ તો બધી જ વસ્તુની પર્યાયોના ક્રમને જાણે છે. તેથી નીચલી દશામાં પણ જે જીવ 'બધી વસ્તુની પર્યાયો ક્રમબદ્ધ છે' એમ પ્રતીતિમાં લે છે તે જીવ જ સર્વજ્ઞતાને સ્વીકારે છે, અને **જે સર્વજ્ઞતા સ્વીકારે છે તે આત્મજ્ઞ જ છે. કેમ કે સર્વજ્ઞતા કદી પણ આત્મજ્ઞતા વગર હોતી નથી.** જે જીવ વસ્તુની સંપૂર્ણ ક્રમબદ્ધ પર્યાયોને નથી માનતો તે સર્વજ્ઞતાને માનતો નથી, અને જે સર્વજ્ઞતાને માનતો નથી તે આત્મજ્ઞ હોઈ શકે નહિ.

આત્માના સંપૂર્ણ જ્ઞાનસામર્થ્યમાં બધી વસ્તુઓના ત્રણેકાળની પર્યાયો જેમ થવાની છે તેમ જણાય છે અને જેમ જણાય છે તે જ પ્રમાણે થાય છે. -આવી જેણે પ્રતીતિ કરી તેને જ ક્રમબદ્ધપર્યાયની અને સર્વજ્ઞના સામર્થ્યની પ્રતીતિ થાય છે અને તે આત્મજ્ઞ થાય છે. આત્મજ્ઞ જીવ સર્વજ્ઞ થાય જ છે.

વસ્તુમાં દરેક ગુણની પર્યાયનો પ્રવાહ ક્રમબદ્ધ ચાલી જ રહ્યો છે. એક તરફ સર્વજ્ઞનું કેવળજ્ઞાન પરિણમી રહ્યું છે, બીજી તરફ જગતના સર્વ દ્રવ્યોની પર્યાય પોતપોતામાં ક્રમબદ્ધ પરિણમી રહી છે. અહો! આમાં કોઈ એકબીજાનું શું કરી શકે? બધા દ્રવ્યો પોતપોતામાં જ પરિણમી રહ્યા છે. બસ! આ પ્રતીતિ કરતાં જ્ઞાન જુદું જ રહી ગયું. બધામાંથી રાગ-દ્વેષ ઊડી ગયો અને એકલું જ્ઞાન રહી ગયું, આ જ કેવળજ્ઞાન!

પરમાર્થથી નિમિત્ત વગર જ કાર્ય થાય છે. વિકારપણે કે શુદ્ધતાપણે જીવ પોતે જ સ્વપર્યાયમાં પરિણમે છે, અને તે પરિણમનમાં નિમિત્તની



તો નાસ્તિ છે. માટે કર્મ અને આત્માનું ભેગું પરિણમન થઈને વિકાર થતો નથી. એક વસ્તુના પરિણમન વખતે પરવસ્તુની હાજરી હોય તેથી શું? પરવસ્તુનું અને સ્વવસ્તુનું પરિણમન તો તદ્દન જુદું જ છે, તેથી જીવની પર્યાય નિમિત્ત વગર પોતાથી જ થાય છે. નિમિત્ત કાંઈ જીવની રાગ-દ્વેષાદિ પર્યાયમાં પેસી જતું નથી, માટે નિમિત્ત વગર જ રાગ-દ્વેષ થાય છે. નિમિત્તની હાજરી હોય છે- પણ તે તો જ્ઞાન કરવા માટે છે. જ્ઞાનસામર્થ્ય હોવાથી જીવ નિમિત્તને જાણે છે ખરો, પરંતુ નિમિત્તના કારણે ઉપાદાનમાં કાંઈ પણ થતું નથી.

❋

# આત્મસ્વરૂપની સાચી સમજણ સુલભ છે

પોતાનું આત્મસ્વરૂપ સમજવું સુગમ છે. અનાદિથી સ્વરૂપના અનભ્યાસને કારણે તે અઘરું લાગે છે, પરંતુ જો યથાર્થ રુચિ કરીને સમજવા માગે તો પોતાનું સ્વરૂપ સમજવું સહેલું છે.

બંગલો કરવો હોય તો, ગમે તેવો હોશિયાર કારીગર હોય તો પણ, બે ઘડીમાં ન થઈ શકે; પણ જો આત્મસ્વરૂપની ઓળખાણ કરવા માગે તો તે બે ઘડીમાં પણ થઈ શકે છે. આઠ વર્ષનો બાળક મણિકા ન ઉપાડી શકે, પરંતુ સાચી સમજણ દ્વારા આત્માનું ભાન કરી કેવળજ્ઞાન પામી શકે છે. આત્મા પરદ્રવ્યમાં કોઈ જ ફેરફાર ન કરી શકે, પણ સ્વદ્રવ્યમાં તો પુરુષાર્થ દ્વારા સમસ્ત અજ્ઞાનનો નાશ કરી, સમ્યગ્જ્ઞાન પ્રગટાવી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. સ્વમાં પુરુષાર્થ કરવા માટે આત્મા પરિપૂર્ણ સ્વતંત્ર છે, પણ પરમાં કાંઈ કરવા માટે આત્મામાં કિંચિત્ પણ સામર્થ્ય નથી. આત્મામાં એવો બેહદ સ્વાધીન પુરુષાર્થ છે કે જો તે ઊંધો પડે તો બે ઘડીમાં સાતમી નરકે જાય અને સવળો પડે તો બે ઘડીમાં કેવળજ્ઞાન લઈ સિદ્ધ થાય.

પરમાગમ શ્રી સમયસારજીમાં કહ્યું છે કે-'જો આ આત્મા બે ઘડી પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે (તેમાં લીન થાય), પરિષહ આવ્યે પણ ડગે નહિ, તો ઘાતીકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થાય. આત્માનુભવનું એવું માહાત્મ્ય છે તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે; માટે શ્રી ગુરુઓએ એ જ ઉપદેશ પ્રધાનતાથી કર્યો છે.' (ગુજરાતી સમયસાર - પાનું ૫૨)



શ્રી સમયસાર પ્રવચનોમાં આત્માની સમજણ કરવાની પ્રેરણા વારંવાર કરી છે-

(૧) ચૈતન્યની વિલાસરૂપ મોજને જરીક છૂટો પડીને જો. તે મોજને અંદરમાં દેખતાં શરીરાદિના મોહને તું તરત જ છોડી શકશે. **झगिति** એટલે કે ઝટ દઈને છોડી શકીશ. આ વાત સહેલી છે, કેમ કે તારા સ્વભાવની છે. (પુસ્તક ૩, પાનું ૧૬)

(૨) સાતમી નરકની અનંતી વેદનામાં પડેલા પણ આત્માનો અનુભવ પામ્યા છે, તો સાતમી નરક જેટલી પીડા તો અહીં નથીને? મનુષ્યપણું પામીને રોદણાં શું રોયાં કરે છે? હવે સત્સમાગમે આત્માની પિછાણ કરી આત્માનુભવ કર. (પા. ૧૭)

આ રીતે સમયસાર પ્રવચનોમાં વારંવાર-હજારો વાર આત્માનુભવ કરવાની પ્રેરણા કરી છે. જૈન શાસ્ત્રોનું ધ્યેયબિંદુ જ આત્મસ્વરૂપની સમજણ કરાવવી તે છે.

**'અનુભવપ્રકાશ'** ગ્રંથમાં આત્માનુભવની પ્રેરણા કરતાં કહે છે કે, કોઈ કહેશે કે, 'આજના સમયમાં સ્વરૂપ કઠણ છે,' તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. x x x જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે, ત્યારે સ્વરૂપના પરિણામ કરે તો કોણ રોકે છે? પર પરિણામ સુગમ, નિજ પરિણામ વિષમ બતાવે છે. દેખો! અચરજની વાત! પોતે દેખે છે, જાણે છે છતાં દેખ્યો ન જાય, જાણ્યો ન જાય એમ કહેતાં લાજ પણ આવતી નથી! x x x જેના જશ ભવ્ય જીવો ગાય છે, જેની અપાર મહિમા જાણ્યે, મહા ભવ ભાર મટે છે એવા સમયસારને (આત્મસ્વરૂપને) અવિકાર જાણી લેવો.

(અનુભવપ્રકાશ પાનું ૫૬-૫૭)

આ જીવ અનાદિથી અજ્ઞાનને લીધે પરદ્રવ્યને પોતાનું કરવા મથે છે અને શરીરાદિને પોતાનું કરીને રાખવા માગે છે, પરંતુ પરદ્રવ્યનું

પરિણમન જીવને આધીન નથી; તેથી અનાદિથી જીવની મહેનત (-અજ્ઞાનભાવ)ના ફળમાં એક પરમાણુ પણ જીવનો થયો નથી. અનાદિથી દેહદૃષ્ટિપૂર્વક શરીરને પોતાનું માન્યું છે, પણ હજી સુધી એક રજકણ પણ જીવનો થયો નથી અને કદી થવાનો પણ નથી. બંને દ્રવ્ય ત્રિકાળ જુદાં જ છે. જીવ જો પોતાના સ્વરૂપની સાચી સમજણ કરવા માગે તો તે સુગમ છે અને જે પોતાના સ્વરૂપને સમજવા માગે તે પુરુષાર્થ દ્વારા અલ્પ કાળમાં સમજી શકે છે. જીવ પોતાનું સ્વરૂપ જ્યારે સમજવા માગે ત્યારે સમજી શકે છે. પોતાનું સ્વરૂપ સમજવામાં અનંત કાળ લાગતો નથી. તેથી સમજણ સુલભ છે.

'સ્વરૂપનો અનુભવ કઠણ છે' એમ માનનાર બહિરાત્મા છે. પોતાનું ચૈતન્યસ્વરૂપ શુદ્ધ છે, પુણ્ય-પાપ રહિત છે. તેનો અનુભવ કઠણ છે એમ વૃત્તિમાં લીધું ત્યાં શુદ્ધ સ્વરૂપમાં ઢળવાનો નકાર આવ્યો અને બંધન તરફ ઢળવાનું જોર આવ્યું. અરે ભાઈ! પોતાના આત્માનું સ્વરૂપ તે કઠણ હોય!!! જ્યારે નવરાશ મળે ત્યારે પરની વાત હોંશથી કરે છે, પણ તે વખતે સ્વરૂપની વાત કરે તો કોણ રોકે છે? પણ પોતાને પોતાના સ્વરૂપની રુચિ નથી અને જન્મ-મરણનો ભય નથી, તેથી પોતાના સ્વરૂપ તરફ ઢળવાના પ્રયત્નને શલ્ય મારીને સ્વરૂપ જ કઠણ માને છે. જેણે પોતાના સ્વરૂપના સમજણ અને અનુભવને કઠણ માનીને તે તરફનો ઉત્સાહ છોડી દીધો છે અને શુભ-અશુભ ભાવનો ઉત્સાહ આવે છે- તેણે વિકારને સહેલો માન્યો છે અને સ્વરૂપના અનુભવને કઠણ માન્યો છે. તે સ્વરૂપનો અનાદર કરનાર મિથ્યાદૃષ્ટિ જ છે.

પોતાના સ્વરૂપની રુચિ છૂટ્યા વગર અને વિકારની રુચિ થયા વગર 'સ્વભાવ કઠણ અને વિકાર સહેલો' એમ અંતરથી મનાય જ નહિ. અંતરથી એટલે કે રુચિથી, હોંશથી. બોધિદુર્લભ ભાવના ભાવતાં ધર્મની દુર્લભતા વિચારે ત્યાં સ્વરૂપની અરુચિ નથી, પણ ધર્મ પ્રત્યેની



પોતાની રુચિ અને પુરુષાર્થને વધારવા માટેની ભાવના છે. 'ધર્મ અત્યંત દુર્લભ છે' એમ કહ્યું છે તે ધર્મનો પ્રયત્ન છોડી દેવા માટે કહ્યું નથી, પરંતુ દુર્લભ છે માટે તે તરફના પુરુષાર્થમાં વિશેષ જાગૃતિ રાખવી એમ કહેવા માટે તે કથન છે. જે ખરેખર સ્વરૂપને કઠણ માનીને સ્વભાવનો પુરુષાર્થ છોડે છે તે સ્વરૂપનો અનાદર કરનાર અને વિકારનો આદર કરનાર મિથ્યાદૃષ્ટિ છે.

કોઈ એમ કહે કે બાહ્ય સંયોગો સ્વરૂપ સાધવામાં નડે છે, તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. સ્વરૂપનું સાધન પોતાને કરવું નથી તેથી બહિર્દૃષ્ટિ વડે બહારના દોષ કાઢે છે. પરંતુ કોઈ બાહ્ય સંયોગો સ્વરૂપ સાધવામાં રોકતા નથી. ભરત ચક્રવર્તી વગેરેને તો ઘણો બાહ્ય સંયોગ હતો, છતાં તેઓને સ્વરૂપસાધન નિત્ય વર્તતું હતું. અત્યારે તો તેટલો સંયોગ કોઈને છે નહિ. જેની રુચિ-વૃત્તિ બહારમાં જ ઘોળાયા કરે છે તે જ જીવ સ્વરૂપને કઠણ માને છે, પણ જો આત્માની રુચિ કરીને પોતે સ્વરૂપ સમજવા માગે તો તે સ્વરૂપ અવશ્ય સમજાય તેવું છે. સમજવું તે તો આત્માનો સ્વભાવ છે. જડને કાંઈ જ ન સમજાય; પરંતુ ચૈતન્યને તો બધું જ સમજાય, એવો તેનો સ્વભાવ છે. પોતાનું સ્વરૂપ સમજવું તે પોતાનો સ્વભાવ જ છે અને તેથી તે જરૂર થઈ શકે છે.

વળી, કોઈ બહિર્દૃષ્ટિ એમ કહે છે કે, પ્રતિકૂળ સંયોગો સ્વરૂપ સમજવામાં નડે છે. તેની વાત પણ જુઠી છે. કોઈ સંયોગો આત્માને પ્રતિકૂળ છે જ નહિ. અરે ભાઈ! સ્વરૂપની ઊંધી સમજણ કરીને ઊંધા ભાવ કરી રહ્યો છો તો તે ભાવમાં તને પ્રતિકૂળ સંયોગો નથી નડતા અને સ્વરૂપની સમજણના સવળા ભાવ કરવામાં તને પ્રતિકૂળ સંયોગો નડે છે? વાહ! પોતાને જે કરવું નથી તેમાં સંયોગોનો વાંક કાઢે છે; અને પોતાને જે રુચે છે તે કરે છે તેમાં તો સંયોગોની પ્રતિકૂળતાને સંભારતો પણ નથી. આત્માની રુચિ કરવામાં સંયોગો નડે અને સંસારની રુચિ કરવામાં સંયોગો ન નડે-એ વાત ક્યાંની?

સાતમી નરકમાં અનંત પ્રતિકૂળતાના ગંજ બાહ્યમાં હોવા છતાં ત્યાંના જીવ પણ સ્વરૂપની રુચિ કરીને ધર્મ પામી શકે છે. અહીં તો તેના અનંતમા ભાગે પણ પ્રતિકૂળતા નથી. પરંતુ પોતાને આત્માની દરકાર નથી તેથી સંયોગોનો દોષ કાઢે છે. જો પોતે પોતાનું સ્વરૂપ સમજવા માગે તો ગમે ત્યારે સમજી શકે છે.

પર વસ્તુઓનો સંયોગ-વિયોગ થવો તે તો પૂર્વના પુણ્ય-પાપ અનુસાર છે. તેનો કર્તા આત્મા નથી, પણ સંયોગની અને વિકારની રુચિનો નાશ કરીને પોતાના સ્વભાવમાં વળવું તે તો પોતાના પુરુષાર્થને આધીન છે. પોતાને પુરુષાર્થ કરવામાં કોઈ નિમિત્ત કે સંયોગ નડતા નથી. પોતે સત્ સમજવાની રુચિ કરે ત્યારે સત્‌ને અનુકૂળ નિમિત્ત સ્વયં હોય જ છે. **સાચી સમજણ કરવાની રુચિના અભાવે જ જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ સમજ્યો નથી. માટે આત્મસ્વરૂપ સમજવાની રુચિ કરો અને જ્ઞાન કરો.**

# ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું વ્યાખ્યાન

(ભાદરવા વદ ૧, વીર સંવત ૨૪૭૩)

## ૧. ઉપાદાન-નિમિત્ત.

ઉપાદાન કોને કહેવું? અને નિમિત્ત કોને કહેવું? આત્માની ત્રિકાળી શક્તિને ઉપાદાન કહેવાય છે, તેમ જ પર્યાયની વર્તમાન શક્તિને પણ ઉપાદાન કહેવાય છે. જે અવસ્થામાં કાર્ય થાય છે તે સમયની તે અવસ્થા પોતે જ ઉપાદાન કારણ છે અને તે વખતે તેને અનુકૂળ પરદ્રવ્ય તે નિમિત્ત છે. નિમિત્તને લીધે ઉપાદાનમાં કાંઈ થતું નથી. આ ઉપાદાન-નિમિત્ત સંબંધી ચાલતી અનેક પ્રકારની મિથ્યામાન્યતા દૂર થઈ જાય તે માટે આ ઉપાદાન-નિમિત્તનો સિદ્ધાંત અનેક દૃષ્ટાંતો સહિત સમજાવવામાં આવે છે.

## ૨. ગુરુના નિમિત્તથી જ્ઞાન થતું નથી.

આત્મામાં જે જ્ઞાન થાય છે તે જ્ઞાન આત્માના પર્યાયની શક્તિથી થાય છે કે શાસ્ત્રના નિમિત્તથી થાય છે? આત્માના પર્યાયની લાયકાતથી જ જ્ઞાન થાય છે, નિમિત્તથી જ્ઞાન થતું નથી. જે વખતે આત્માની પર્યાયમાં પુરુષાર્થ દ્વારા સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવાની લાયકાત હોય અને આત્મા સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તે વખતે ગુરુને નિમિત્ત કહેવાય છે, પણ ગુરુના નિમિત્તથી જ્ઞાન થતું નથી.

જ્યારે જીવમાં પ્રથમ સમ્યગ્જ્ઞાનનો પુરુષાર્થ હોય ત્યારે ગુરુની વાણીની જોગવાઈ હોય જ, પણ જ્યાં સુધી તે વાણી ઉપર જીવનું

લક્ષ રહે છે ત્યાં સુધી રાગ છે. જ્યારે વાણીનું લક્ષ છોડીને સ્વભાવનો નિર્ણય કરે છે ત્યારે તે નિર્ણયમાં ગુરુને નિમિત્ત કહેવાય છે અને જીવને ગુરુના બહુમાનનો વિકલ્પ ઊઠે ત્યારે તે એમ પણ કહે કે, મને ગુરુથી જ્ઞાન થયું.

## ૩. 'ગુરુથી જ્ઞાન થયું' એમ કહેવું તે કપટ નથી, પણ વ્યવહાર છે.

પ્રશ્ન :-જ્ઞાન તો પોતાથી જ થયું છે, ગુરુથી થયું નથી એમ જાણે છે છતાં ગુરુથી જ્ઞાન થયું એમ કહેવું તે કપટ ન કહેવાય?

ઉત્તર :-વ્યવહારમાં એમ જ બોલાય. એ કપટ નથી પણ યથાર્થ સિદ્ધાંત છે. ગુરુના બહુમાનનો શુભ વિકલ્પ ઊઠ્યો છે તેથી નિમિત્તમાં આરોપ અપાય છે.

પ્રશ્ન :-ગુરુના બહુમાનનો વિકલ્પ ઊઠે તે તો બરાબર છે, પણ 'ગુરુથી જ્ઞાન થયું' એમ શા માટે કહે છે?

ઉત્તર :-બહુમાનનો વિકલ્પ ઊઠ્યો છે તેથી નિમિત્તમાં આરોપ કરીને વ્યવહારે તેમ કહેવાય છે. આરોપની ભાષા એવી જ હોય, પણ ખરેખર ગુરુથી જ્ઞાન થયું છે એમ નથી અથવા તો ગુરુ ન હોત તો જ્ઞાન ન થાત, એમ પણ નથી. પોતે પુરુષાર્થથી જ્યારે જ્ઞાન પ્રગટ કરે છે ત્યારે ગુરુ નિમિત્ત તરીકે ગણાય છે-એ સિદ્ધાંત છે.

## ૪. માટીમાં ઘડારૂપ પર્યાય થવાની લાયકાત કાયમની નથી, પણ એક જ સમયની છે.

માટીમાંથી ઘડો થયો તે તેના વર્તમાન પર્યાયની તે સમયની તેવી લાયકાતથી જ થયો છે, કુંભારના કારણે તે થયો નથી. કોઈ એમ કહે કે 'માટીમાં ઘડો થવાની લાયકાત તો કાયમ છે, પણ કુંભાર આવ્યો ત્યારે ઘડો થયો.' તો એ માન્યતા ખોટી છે. માટીમાં ઘડારૂપે



થવાની લાયકાત કાયમની નથી, પણ વર્તમાન એક જ સમયની તે લાયકાત છે, અને જે સમયે પર્યાયમાં ઘડો થવાની લાયકાત હોય છે તે સમયે જ ઘડો થાય છે. અન્ય પદાર્થોથી માટીને જુદી ઓળખાવવા માટે 'માટીમાં ઘડો થવાની લાયકાત છે' એમ દ્રવ્યાર્થિકનયે કહેવાય છે. પણ ખરેખર તો જ્યારે ઘડો થાય છે ત્યારે જ તેનામાં ઘડો થવાની લાયકાત છે, ત્યાર પહેલાં ઘડો થવાની લાયકાત નથી પણ બીજા પર્યાયો થવાની લાયકાત છે.

## ૫. ગુરુને લીધે શ્રદ્ધા થતી નથી.

આત્મા પુરુષાર્થથી સાચી શ્રદ્ધા કરે છે તે તેના પર્યાયની વર્તમાન લાયકાત છે, ને ગુરુ પોતાના કારણે [1]હાજર હોય છે તે નિમિત્ત છે. જીવે શ્રદ્ધા કરી માટે ગુરુને આવવું પડ્યું-એમ નથી, તેમ જ ગુરુ આવ્યા તેના કારણે શ્રદ્ધા થઈ એમ પણ નથી; બંને પોતપોતાના કારણે છે. જો ગુરુ આવ્યા માટે શ્રદ્ધા થઈ-એમ માનીએ તો, ગુરુ કર્તા અને શિષ્યને શ્રદ્ધા થઈ તે તેમનું કાર્ય-એમ બે દ્રવ્યોને કર્તાકર્મપણું થઈ જાય. અથવા તો શ્રદ્ધા કરી માટે ગુરુ આવ્યા-એમ માનીએ તો, શ્રદ્ધા કર્તા અને ગુરુ આવ્યા તે તેનું કાર્ય-એમ બે દ્રવ્યોને કર્તાકર્મપણું થઈ જાય. પણ શ્રદ્ધા થઈ તે શ્રદ્ધાની પર્યાયના કારણે, ને ગુરુ આવ્યા તે ગુરુની પર્યાયના કારણે, બંને સ્વતંત્ર છે.

## ૬. શાસ્ત્રથી જ્ઞાન થતું નથી.

સામે શાસ્ત્ર આવ્યું માટે જ્ઞાન થયું-એમ નથી. પણ જે ક્ષણે પોતાની જ્ઞાન થવાની લાયકાત છે તે ક્ષણે જીવ પોતાની શક્તિથી જ્ઞાન કરે છે અને ત્યારે નિમિત્ત તરીકે શાસ્ત્ર હોય છે. જ્ઞાન થવાનું હોય માટે શાસ્ત્રને આવવું જ પડે તેમ નથી, અને શાસ્ત્ર આવ્યું માટે જ્ઞાન થયું-એમ પણ નથી.

---

૧ વિદ્યમાન, ઉપસ્થિત.

આત્માના સામાન્ય જ્ઞાનસ્વભાવનું વિશેષરૂપ પરિણમન થઈને જ જ્ઞાન થાય છે. તે જ્ઞાન નિમિત્તના અવલંબન વગર અને રાગના આશ્રય વગર સામાન્ય જ્ઞાનસ્વભાવના આશ્રયે જ થાય છે.

## ૭. કુંભારને લીધે ઘડો થયો નથી.

માટીના જે સમયની પર્યાયમાં ઘડો થવાની લાયકાત છે તે જ સમયે તે પોતાના ઉપાદાનથી ઘડારૂપે થાય છે, અને તે વખતે કુંભારની હાજરી (ઉપસ્થિતિ) તેના પોતાના કારણે હોય છે-તેને નિમિત્ત કહેવાય છે. ઘડો થાય તે વખતે કુંભાર વગેરે ન હોય તેમ બને નહિ, છતાં કુંભાર આવ્યો માટે માટીની અવસ્થા ઘડારૂપે થઈ-એમ નથી; ઘડો થવાનો હતો માટે કુંભારને આવવું પડ્યું એમ પણ નથી. માટીમાં સ્વતંત્ર તે સમયની પર્યાયની લાયકાતથી ઘડો થયો છે અને તે વખતે કુંભાર પોતાની પર્યાયની સ્વતંત્ર લાયકાતથી હાજર છે; પણ કુંભારે ઘડો કર્યો નથી, તેમ જ કુંભારના નિમિત્તથી પણ ઘડો થયો નથી.

## ૮. એક જ પર્યાયમાં બે પ્રકારની લાયકાત હોય જ નહિ.

પ્રશ્ન :-જ્યાં સુધી કુંભારરૂપી નિમિત્ત ન હતું ત્યાં સુધી માટીમાંથી ઘડો કેમ ન થયો?

ઉત્તર :-અહીં એ ખાસ વિચારવાનું છે-કે જે વખતે માટીમાંથી ઘડો નથી થયો તે વખતે તેનામાં શું ઘડો થવાની યોગ્યતા છે? કે ઘડો થવાની યોગ્યતા જ નથી?

જો એમ માનવામાં આવે કે 'માટીમાંથી ઘડો નથી થયો તે વખતે પણ માટીમાં ઘડો થવાની યોગ્યતા છે, પરંતુ નિમિત્ત નથી માટે ઘડો નથી થતો', તો એ માન્યતા બરાબર નથી. કેમ કે જ્યારે માટીમાં ઘડારૂપ અવસ્થા નથી થઈ ત્યારે તેમાં પિંડરૂપ અવસ્થા છે, અને તે વખતે તે અવસ્થા થવાની જ તેની યોગ્યતા છે. જે સમયે



માટીની પર્યાયમાં પિંડરૂપ અવસ્થાની યોગ્યતા હોય તે જ સમયે તેમાં ઘડારૂપ અવસ્થાની પણ યોગ્યતા હોય શકે જ નહિ. કેમ કે એક જ પર્યાયમાં એક સાથે બે પ્રકારની યોગ્યતા હોઈ શકે જ નહિ. આ સિદ્ધાંત અત્યંત અગત્યનો છે, તે દરેક ઠેકાણે લાગુ પાડવો.

આ સિદ્ધાંતથી નક્કી થયું કે, માટીમાં જે વખતે પિંડરૂપ વગેરે અવસ્થા હતી તે વખતે તેનામાં ઘડારૂપ અવસ્થાની યોગ્યતા જ ન હતી અને તેથી જ તેમાં ઘડો થયો નથી; પરંતુ કુંભાર ન હતો માટે ઘડો ન થયો એ વાત ખોટી છે.

## ૯. 'નિમિત્તો ન મેળવે તો કાર્ય ન થાય' એ માન્યતાનું મિથ્યાપણું અને તે સંબંધી પુત્રનું દૃષ્ટાંત.

'કોઈને પુત્ર થવાનો હતો, પણ વિષયરૂપ નિમિત્ત ન મળ્યું માટે ન થયો' એ વાત મિથ્યા છે. જો પુત્ર થવાનો જ હોય તો જે વખતે તે થવાનો હોય તે વખતે થાય જ, અને તે વખતે વિષયાદિ નિમિત્ત સ્વયં હોય. પુત્ર એટલે કે એક આત્મા અને અનંત રજકણો આવવાના તો છે, પણ પતિ-પત્ની બ્રહ્મચર્ય પાળે છે એટલે કે પુત્ર થવાનું નિમિત્ત નથી મળતું, તેથી તે આવતો અટકી ગયો છે એ માન્યતા મિથ્યા છે. પુત્ર થવાનો જ ન હતો અર્થાત્ તે જીવ અને અનંત રજકણોની ક્ષેત્રાંતરરૂપ અવસ્થાની લાયકાત જ ન હતી અને તેથી જ તે આવ્યા નથી. 'પુત્ર આવવાની લાયકાત તો હતી, પણ નિમિત્ત ન મળ્યું માટે તે ન આવ્યો ને નિમિત્ત મળ્યું ત્યારે તે આવ્યો'-એ માન્યતાનો અર્થ એ થયો કે નિમિત્તે કાર્ય કર્યું; એ બે દ્રવ્યની એકત્વબુદ્ધિ જ છે. અથવા તો માતાપિતાએ નિમિત્તનો રસ્તો ન લીધો માટે પુત્ર ન થયો એ વાત પણ મિથ્યા છે. પુત્ર થવાની લાયકાત હોય ત્યારે તે થાય છે અને તે વખતે વિષયાદિનો અશુભ વિકલ્પ તથા શરીરની ભોગરૂપ ક્રિયા હોય-તેને નિમિત્ત કહેવાય છે. પણ પુત્ર આવવાનો હતો તેના

કારણે વિકલ્પ કે ક્રિયા થયા નથી, તથા ક્રિયા થઈ તેના કારણે પુત્ર આવ્યો નથી. વિષયનો અશુભ વિકલ્પ આવ્યો માટે દેહની ક્રિયા થઈ એમ નથી, દેહની ક્રિયા થવાની હતી માટે અશુભ વિકલ્પ આવ્યો એમ પણ નથી. દરેક દ્રવ્યે પોતપોતાનું કાર્ય સ્વતંત્રપણે કર્યું છે.

## ૧૦. જીવ નિમિત્તોને મેળવી કે દૂર કરી શકે નહિ, માત્ર પોતાનું લક્ષ ફેરવી શકે.

જીવ પોતામાં શુભભાવ કરી શકે, પણ શુભભાવ કરવાથી તે બહારના શુભ નિમિત્તોને મેળવી શકે અથવા તો અશુભ નિમિત્તોને દૂર કરી શકે-એમ નથી. જીવ પોતે અશુભ નિમિત્તો ઉપરથી લક્ષ ફેરવીને શુભ નિમિત્તો ઉપર લક્ષ કરે, પણ નિમિત્તોને નજીક લાવવા કે દૂર કરવા તે જીવ કરી શકતો નથી. કોઈ જિનમંદિર વગેરે ધર્મસ્થાનનો શિલાન્યાસ (ખાતમુહૂર્ત) કરવાનો શુભભાવ જીવે કર્યો માટે જીવના ભાવને લીધે બહારમાં ખાતમુહૂર્તની ક્રિયા થઈ-એ વાત ખોટી છે. જીવ માત્ર નિમિત્ત ઉપર લક્ષ કરે અથવા લક્ષ છોડે, પણ નિમિત્તરૂપ પરપદાર્થોમાં તે કાંઈ ફેરફાર કરી શકે નહિ. આવો વસ્તુનો સ્વભાવ જ છે. આ સમજવું તે ભેદજ્ઞાન છે.

## ૧૧. પંચમહાવ્રતને કારણે ચારિત્રદશા નથી, ને ચારિત્રના કારણે વસ્ત્રનો ત્યાગ નથી.

જેને આત્માની નિર્મળ વીતરાગી ચારિત્રદશા થાય તેને તે દશા થયા પહેલાં ચારિત્ર અંગીકાર કરવાનો વિકલ્પ ઊઠે છે. જે વિકલ્પ ઊઠે છે તે રાગ છે, તેના કારણે વીતરાગભાવરૂપ ચારિત્ર પ્રગટતું નથી. ચારિત્ર તો તે જ સમયની પર્યાયના પુરુષાર્થથી પ્રગટે છે.

ચારિત્રદશામાં શરીરની નગ્ન દશા શરીરના કારણે હોય છે. આત્માને ચારિત્ર અંગીકાર કરવાનો વિકલ્પ ઊઠ્યો તેના કારણે અથવા તો ચારિત્રદશા પ્રગટ કરી તેના કારણે શરીર ઉપરથી લુગડાં ખસી



ગયાં-એમ નથી, પણ તે સમયે લુગડાંના પરમાણુઓની અવસ્થામાં ક્ષેત્રાંતરની જ લાયકાત હતી, તેથી જ ખસ્યાં છે. આત્માએ વિકલ્પ કર્યો માટે તે વિકલ્પને આધીન લુગડાં છૂટી ગયાં-એમ જો હોય તો, વિકલ્પ કર્તા થયો અને લુગડાં છૂટ્યાં તે તેનું કર્મ થયું એટલે કે બે દ્રવ્યો એક થઈ ગયા. તેવી જ રીતે લુગડાં છૂટવાનાં હતાં માટે જીવને વિકલ્પ આવ્યો એમ પણ નથી. કેમ કે જો એમ હોય તો લુગડાં તે પર્યાય કર્તા ઠરે અને વિકલ્પ આવ્યો તે તેનું કર્મ ઠરે, એટલે બે દ્રવ્યો એક થઈ જાય. પણ જ્યારે સ્વભાવના ભાનપૂર્વક ચારિત્રનો વિકલ્પ ઊઠે છે અને ચારિત્ર ગ્રહણ કરે છે ત્યારે વસ્ત્ર છૂટવાનો પ્રસંગ સહજપણે તેના કારણે હોય છે. પણ 'મેં વસ્ત્ર છોડ્યાં અથવા તો મારો વિકલ્પ નિમિત્ત થયો, તેથી વસ્ત્ર છૂટી ગયાં' એવી માન્યતા મિથ્યા છે. વીતરાગી ચારિત્ર પહેલાં પંચમહાવ્રતાદિનો વિકલ્પ આવ્યા વગર ન રહે, પણ તે વિકલ્પના આશ્રયે ચારિત્રદશા પ્રગટતી નથી.

ચારિત્રમાં પંચમહાવ્રતના વિકલ્પને નિમિત્ત કહેવાય છે. વિકલ્પ તો રાગ છે, તેનાથી સ્વભાવ તરફ ઢળાતું નથી; પણ વિકલ્પ છોડીને સ્વભાવ તરફ ઢળે ત્યારે પૂર્વના વિકલ્પને નિમિત્ત કહેવાય છે. પંચમહાવ્રતાદિના વિકલ્પને ચારિત્રનું નિમિત્ત ક્યારે કહેવાય? જો સ્વભાવમાં લીનતાનો પુરુષાર્થ કરીને ચારિત્રદશા પ્રગટ કરે તો વિકલ્પને તેનું નિમિત્ત કહેવાય. પણ પંચમહાવ્રતના વિકલ્પરૂપ નિમિત્તને કરું તો ચારિત્ર પ્રગટે-એવી માન્યતા મિથ્યા છે. તેવી જ રીતે વ્યવહાર દર્શન, વ્યવહાર જ્ઞાન ને વ્યવહાર ચારિત્રના પરિણામ કરું તો તેનાથી નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે એ માન્યતા પણ મિથ્યા છે.

## ૧૨. સમય-સમયની પર્યાયની સ્વતંત્રતા અને ભેદજ્ઞાન.

આ વાત દરેક વસ્તુના સ્વતંત્ર સ્વભાવની છે. સ્વભાવની સ્વતંત્રતા

ન સમજે અને 'નિમિત્તથી થાય' એમ માને તો સમ્યક્ શ્રદ્ધા નથી, અને સમ્યક્ શ્રદ્ધા વગર જ્ઞાન સાચું નથી, શાસ્ત્રનાં ભણતર સાચાં નથી, વ્રત સાચાં નથી તથા ત્યાગ પણ સાચો નથી. દરેક વસ્તુના સમય-સમયની પર્યાયની સ્વતંત્રતા છે. દરેક પદાર્થમાં તેના કારણે સમય-સમયની તેની પર્યાયની લાયકાતથી કાર્ય થાય છે. પર્યાયની લાયકાત ઉપાદાન કારણ છે અને તે વખતે તે કાર્ય માટે અનુકૂળતાનો આરોપ જેના ઉપર આવી શકે એવી લાયકાતવાળી બીજી ચીજ યોગ્ય ક્ષેત્રે હોય છે તેને નિમિત્ત કારણ કહેવાય છે, પણ તેના કારણે વસ્તુમાં કાંઈ થતું નથી. આવું ભિન્નતાનું યથાર્થ ભાન તે ભેદજ્ઞાન છે.

આત્મા તેમ જ દરેક પરમાણુની પર્યાય સ્વતંત્ર છે. જીવને વાંચવાનો વિકલ્પ ઊઠ્યો માટે પુસ્તક હાથમાં આવ્યું-એમ નથી અથવા તો પુસ્તક હાથમાં આવ્યું માટે વિકલ્પ ઊઠ્યો-એમ પણ નથી. તેમ જ જ્ઞાન થવાનું હતું માટે વાંચવાનો વિકલ્પ ઊઠ્યો- એમ નથી અને વાંચવાનો વિકલ્પ ઊઠ્યો માટે જ્ઞાન થયું-એમ પણ નથી, પણ દરેક દ્રવ્યે તે વખતે સ્વતંત્રપણે પોતપોતાનું કાર્ય કર્યું છે. વીતરાગી ભેદવિજ્ઞાન એમ જણાવે છે કે, દરેક સમયે દરેક પર્યાય પોતાના સ્વતંત્ર ઉપાદાનથી જ કાર્ય કરે છે. ઉપાદાનનું કાર્ય નિમિત્ત આવે તો થાય-એવું પરાધીન વસ્તુસ્વરૂપ નથી, પણ ઉપાદાનનું કાર્ય સ્વતંત્ર થાય છે અને ત્યારે નિમિત્ત તેની પોતાની તેવી લાયકાતથી હાજર હોય છે.

## ૧૩. સૂર્ય ઊગ્યો માટે છાયામાંથી તડકો થયો -એ વાત ખોટી.

છાયામાંથી તડકો થવાની પરમાણુની અવસ્થામાં જે સમયે લાયકાત હોય તે જ સમયે તડકો થાય છે, અને તે સમયે સૂર્ય નિમિત્ત તરીકે હાજર હોય છે, પણ સૂર્ય વગેરે નિમિત્ત આવ્યું માટે છાયામાંથી તડકો થયો-એ વાત ખોટી છે. તેમ જ છાયામાંથી તડકારૂપે અવસ્થા થવાની



હતી માટે સૂર્ય વગેરેને આવવું પડ્યું-એ વાત પણ ખોટી છે. સૂર્ય ઊગ્યો તે તેની તે વખતની લાયકાતથી ઊગ્યો છે, ને પરમાણુઓ છાયામાંથી તડકારૂપે થયા તેની તે સમયની તેવી લાયકાત છે.

## ૧૪. કેવળજ્ઞાન અને વજ્રર્ષભનારાચસંહનન -બંનેની સ્વતંત્રતા.

કેવળજ્ઞાન થાય ત્યારે વજ્રર્ષભનારાચસંહનન નિમિત્ત હોય છે, પણ તે વજ્રર્ષભનારાચસંહનન નિમિત્ત છે માટે કેવળજ્ઞાન થાય છે -એમ નથી, અને કેવળજ્ઞાન થવાનું છે માટે વજ્રર્ષભનારાચસંહનનપણે પરમાણુઓને થવું પડ્યું-એમ પણ નથી. જ્યાં જીવની પર્યાયમાં કેવળજ્ઞાનના પુરુષાર્થની જાગૃતિ હોય છે ત્યાં શરીરના પરમાણુઓમાં વજ્રર્ષભનારાચસંહનનરૂપ અવસ્થા તેની લાયકાતથી હોય છે. બંનેની લાયકાત સ્વતંત્ર છે, કોઈના કારણે કોઈ નથી. જીવને કેવળજ્ઞાન પામવાની યોગ્યતા હોય ત્યારે શરીરના પરમાણુઓમાં વજ્રર્ષભનારાચ-સંહનનરૂપ અવસ્થાની જ યોગ્યતા હોય-એવો મેળ સ્વભાવથી જ છે, કોઈ એકબીજાના કારણે નથી.

## ૧૫. પેટ્રોલ ખૂટ્યું માટે મોટર અટકી-એ વાત સાચી નથી.

એક મોટર ચાલતી હોય અને તેની પેટ્રોલની ટાંકી ફૂટી જતાં તેમાંથી પેટ્રોલ નીકળી જાય અને મોટર ચાલતી અટકી જાય, ત્યાં પેટ્રોલ નીકળી ગયું માટે મોટર અટકી ગઈ-એમ નથી. જે સમયે મોટરમાં ગતિરૂપ અવસ્થાની લાયકાત હોય તે સમયે તે ગતિ કરે છે અને તે વખતે પેટ્રોલની અવસ્થા મોટરની ટાંકીના ક્ષેત્રમાં રહેવાની હોય છે, પણ પેટ્રોલ છે માટે મોટર ચાલે છે-એ વાત ખોટી છે. મોટરના દરેક પરમાણુ પોતાની સ્વતંત્ર ક્રિયાવતી શક્તિની લાયકાતથી ગમન કરે છે. અને પેટ્રોલ નીકળી ગયું માટે મોટરની ગતિ અટકી

ગઈ-એમ નથી. જે ક્ષેત્રે જે સમયે મોટરની લાયકાત હતી તે જ ક્ષેત્રે અને તે જ સમયે મોટર અટકી છે, અને પેટ્રોલના પરમાણુઓ પણ પોતાની લાયકાતથી જ છૂટા પડ્યા છે. પેટ્રોલ ખૂટ્યું માટે મોટર અટકી-એ વાત સાચી નથી.

## ૧૬. વાણી એની મેળે (-પરમાણુઓથી) બોલાય છે, જીવ તેનો કર્તા નથી.

બોલવાનો વિકલ્પ-રાગ થયો માટે વાણી બોલાણી- એમ નથી અને વાણી બોલાવાની હતી માટે વિકલ્પ થયો-એમ પણ નથી. રાગના કારણે જો વાણી બોલાતી હોય તો, રાગ કર્તા અને વાણીના પરમાણુ તેનું કર્મ-એમ ઠરે, અથવા વાણી બોલાવાની હતી માટે રાગ થયો એમ હોય તો, વાણીના પરમાણુ કર્તા અને રાગ તેનું કર્મ એમ ઠરે. પણ રાગ તો જીવની પર્યાય છે અને વાણી તો પુદ્ગલની પર્યાય છે-તેમને કર્તાકર્મભાવ ક્યાંથી હોય? જીવની પર્યાયની લાયકાત હોય તો રાગ થાય છે ને વાણી તે પરમાણુઓનું તે વખતનું સહજ પરિણમન છે. પરમાણુઓ સ્વતંત્રપણે વાણીરૂપે પરિણમે ત્યારે જીવને રાગ હોય, તો તેને નિમિત્ત કહેવાય છે. કેવળી ભગવાનને વાણી હોવા છતાં રાગ હોતો નથી.

## ૧૭. શરીર એની પોતાની યોગ્યતાથી ચાલે છે, જીવની ઈચ્છાથી નહિ.

જીવ ઈચ્છા કરે માટે શરીર ચાલે છે-એમ નથી, અને શરીર ચાલે છે માટે જીવને ઈચ્છા થાય છે-એમ પણ નથી. શરીરના પરમાણુઓમાં ક્રિયાવતી શક્તિની લાયકાતથી ગતિ થાય છે, ત્યારે કોઈ જીવને પોતાની અવસ્થાની ઈચ્છા થવાની લાયકાતથી ઈચ્છા હોય છે અને કોઈને નથી પણ હોતી. કેવળીને શરીરની ગતિ હોવા છતાં ઈચ્છા નથી હોતી. ઈચ્છાના નિમિત્તથી શરીર ચાલે છે-એ વાત ખોટી



છે અને ગતિના નિમિત્તથી જીવને ઈચ્છા થાય છે એ વાત પણ ખોટી છે.

## ૧૮. વિકલ્પ નિમિત્ત છે માટે ધ્યાન જામે છે -એ વાત સાચી નથી.

ચૈતન્યના ધ્યાનનો વિકલ્પ ઊઠે તે રાગ છે, પણ તે વિકલ્પરૂપી નિમિત્તના કારણે ધ્યાન જામે છે-એમ નથી. પણ જયાં ધ્યાન જામવાનું હોય ત્યાં પહેલાં વિકલ્પ હોય છે, પણ વિકલ્પને કારણે ધ્યાન નથી ને ધ્યાનને કારણે વિકલ્પ નથી. જે પર્યાયમાં વિકલ્પ હતો તે તે પર્યાયની તેવી સ્વતંત્ર લાયકાતથી હતો અને જે પર્યાયમાં જે ધ્યાન જામ્યું તે તે પણ પર્યાયની તેવી સ્વતંત્ર લાયકાતથી જામ્યું છે.

## ૧૯. સમ્યક્ નિયતવાદ અને તેનું ફળ.

પ્રશ્ન :-આ તો નિયતવાદ થઈ જાય છે?

ઉત્તર :-આ સમ્યક્ નિયતવાદ છે, મિથ્યા નિયતવાદ નથી. સમ્યક્ નિયતવાદ એટલે શું? જે પદાર્થમાં જે સમયે, જે ક્ષેત્રે, જે નિમિત્તે, જેમ થવાનું છે તેમ જ થવાનું છે, તેમાં કિંચિત્ ફેરફાર કરવા કોઈ સમર્થ નથી-એવો જ્ઞાનમાં નિર્ણય કરવો તે સમ્યક્ નિયતવાદ છે, અને તે નિર્ણયમાં સ્વભાવ તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે. બધું જ નિયત છે એમ જે જ્ઞાને નિર્ણય કર્યો તે જ્ઞાનમાં એમ પણ નિર્ણય થઈ ગયો કે કોઈ પણ દ્રવ્યમાં કાંઈ પણ ફેરવવા હું સમર્થ નથી. એ રીતે, નિયતનો નિર્ણય કરતાં 'હું પરનું કરી શકું છું' એવો અહંકાર ટળી ગયો અને જ્ઞાન પરથી ઉદાસીન થઈને સ્વભાવ તરફ વળ્યું. હવે પોતાની પર્યાયો પણ ક્રમબદ્ધ જ છે. તે ક્રમબદ્ધપણાનો નિર્ણય કરનાર જ્ઞાન, રાગ હોવા છતાં તેનો નિષેધ કરીને દ્રવ્યસ્વભાવ તરફ ઢળે છે. કઈ રીતે ઢળે છે? જ્યારે રાગને જાણે છે ત્યારે જ્ઞાનમાં એમ વિચારે છે કે, મારા ક્રમબદ્ધ પર્યાયો મારા દ્રવ્યમાંથી પ્રગટે છે.

ત્રિકાળી દ્રવ્ય જ એક પછી એક પર્યાયને દ્રવે છે. તે ત્રિકાળી દ્રવ્ય રાગસ્વરૂપ નથી, માટે આ જે રાગ થયો છે તે પણ મારું સ્વરૂપ (સ્વભાવ) નથી અને હું તેનો કર્તા નથી. આ રીતે, સમ્યક્ નિયતવાદનો પોતાનું જ્ઞાનમાં જેણે યથાર્થ નિર્ણય કર્યો તે જીવનું જ્ઞાન પોતાના શુદ્ધ સ્વભાવ તરફ ઢળ્યું અને તેને સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન થયાં, તથા તે પરથી ઉદાસીન થયો, રાગનો અકર્તા થયો ને પરથી તથા વિકારથી ખસીને તેની બુદ્ધિ સ્વભાવમાં જ રોકાણી. -આ સમ્યક્ નિયતવાદનું ફળ છે. તેમાં જ્ઞાન અને પુરુષાર્થનો સ્વીકાર છે. જે જીવ નિયતવાદને માને છે એટલે કે જેમ થવાનું હશે તેમ થશે-એમ માને છે, પરંતુ નિયતવાદના નિર્ણયમાં પોતાનું જે જ્ઞાન અને પુરુષાર્થ આવે છે તેનો સ્વીકાર કરતો નથી અર્થાત્ સ્વભાવ તરફ ઢળતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે; અને નિયતવાદ તે ગૃહીત મિથ્યાત્વનો ભેદ છે, તેથી તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

## ૨૦. સમ્યક્ નિયતવાદમાં પુરુષાર્થ વગેરે પાંચે સમવાય એકસાથે છે.

જે અજ્ઞાનીઓ યથાર્થ નિર્ણય ન કરી શકે તેમને એમ લાગે છે કે આ તો એકાંત નિયતવાદ થઈ જાય છે, પરંતુ આ નિયતવાદનો યથાર્થ નિર્ણય કરતાં તો પોતાના કેવળજ્ઞાનનો નિર્ણય થઈ જાય છે. ગુરુ, શિષ્ય, શાસ્ત્ર વગેરે બધાય પદાર્થોની જે સમયે જે પર્યાય થવાની લાયકાત હોય તે સમયે તે જ પર્યાય થાય એમ નક્કી કર્યું, એટલે પોતે તેનો જાણનાર રહી ગયો. જાણવામાં વિકલ્પ નહિ; અસ્થિરતાનો જે વિકલ્પ ઊઠે છે તેનો કર્તા નથી. એ રીતે ક્રમસર પર્યાયની શ્રદ્ધા થતાં દ્રવ્યદૃષ્ટિ થઈને રાગનું કર્તાપણુ ઉડી જાય છે. આવા સમ્યક્ નિયતવાદની શ્રદ્ધામાં જ પાંચે સમવાય એકસાથે સમાઈ જાય છે. પ્રથમ તો સ્વભાવનું જ્ઞાન અને શ્રદ્ધા કરી તે પુરુષાર્થ, તે જ સમયે જે નિર્મળ પર્યાય પ્રગટવાનું નિયત હતું તે જ પર્યાય પ્રગટી છે - તે



નિયતિ, જે પર્યાય પ્રગટી તે જ સ્વકાળ, તે સમયે જે પર્યાય પ્રગટી તે સ્વભાવમાં હતી-તે જ પ્રગટી છે તેથી તે સ્વભાવ, અને તે સમયે પુદ્ગલ કર્મનો સ્વયં અભાવ હોય છે તે અભાવરૂપ નિમિત્ત; અને સદ્ગુરુ વગેરે હોય છે તે સદ્ભાવરૂપ નિમિત્ત છે. પર્યાય ક્રમબદ્ધ જ થાય છે એની શ્રદ્ધા કરતાં અથવા તો સમ્યક્ નિયતવાદનો નિર્ણય કરતાં જીવ જગતનો સાક્ષી થઈ જાય છે. આમાં સ્વભાવનો અનંત પુરુષાર્થ સમાય છે. આ જૈનદર્શનનું મૂળભૂત રહસ્ય છે.

## ૨૧. સમ્યક્ નિયતવાદ ને મિથ્યા નિયતવાદ.

ગોમટ્ટસાર કર્મકાંડ ગાથા ૮૮૨માં જે નિયતવાદી જીવને ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે તે જીવ વાત તો નિયતવાદની કરે છે, પણ પોતાના જ્ઞાનમાં જ્ઞાતા-દ્રષ્ટાપણાનો પુરુષાર્થ કરતો નથી. જો સમ્યક્ નિયતવાદનો યથાર્થ નિર્ણય કરે તો સ્વભાવનો જ્ઞાતા-દ્રષ્ટાપણાનો પુરુષાર્થ તેમાં આવી જ જાય. પણ તે જીવ તો એકલા પર લક્ષે જ નિયતવાદ માની રહ્યો છે અને નિયતવાદના નિર્ણયમાં પોતાનું જે જ્ઞાન અને પુરુષાર્થ કાર્ય કરે છે તેને તે સ્વીકારતો નથી. તેથી તે જીવ મિથ્યા નિયતવાદી છે અને તેને જ ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. નિયતવાદનો સમ્યક્ નિર્ણય તો ગૃહીત તેમ જ અગૃહીત મિથ્યાત્વનો નાશ કરનાર છે. સમ્યક્ નિયતવાદ કહો કે સ્વભાવ કહો, તેમાં તો દરેક સમયના પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ થઈ જાય છે. જો જીવ આ ન્યાય બરાબર સમજે તો ઉપાદાન-નિમિત્ત સંબંધી બધા ગોટાળા પણ ટળી જાય. કેમ કે -જે વસ્તુમાં જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે, તો પછી 'અમુક નિમિત્ત જોઈએ અથવા અમુક નિમિત્ત વગર કાર્ય ન થાય' એવી વાતને અવકાશ જ ક્યાં છે? સમ્યક્ નિયતવાદનો નિર્ણય કરવામાં પુરુષાર્થ છે, સાચાં શ્રદ્ધા-જ્ઞાન કાર્ય કરે છે. સ્વભાવમાં બુદ્ધિ રોકાય છે, છતાં તે બધાને જે જીવ નથી માનતો અને નિયતવાદની વાત કરે છે તે જીવને એકાંતી ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યો

છે. પણ જે જીવ નિયતવાદને માનીને પરના અને રાગના કર્તાપણાનો અભાવ કરે છે તથા જ્ઞાતા-દ્રષ્ટાપણાનો સાક્ષીભાવ પ્રગટ કરે છે તે જીવ તો અનંત પુરુષાર્થી સમ્યગ્દષ્ટિ છે.

## ૨૨. કોણ કહે છે કે સમ્યક્નિયતવાદ તે ગૃહીત મિથ્યાત્વ છે?

સમ્યક્ નિયતવાદ તે ગૃહીત મિથ્યાત્વ નથી પણ વીતરાગતાનું કારણ છે. જેઓ આવા સમ્યક્ નિયતવાદને એકાંત મિથ્યાત્વ કહે છે તેઓ આ વાતને યથાર્થ સમજ્યા તો નથી, પણ આ વાત તેમણે બરાબર સાંભળી પણ નથી. 'બધા જ પદાર્થોમાં જેમ બનવાનું હોય તેમ જ બને છે' એમ નિર્ણય કરતાં, એક પર્યાય ઉપરથી દૃષ્ટિ છૂટીને ત્રિકાળ દ્રવ્ય તરફ દૃષ્ટિ લંબાણી અર્થાત્ દ્રવ્યદૃષ્ટિ થઈ, એટલે પરને અને સ્વને વર્તમાન પર્યાય પુરતા જ ન માન્યા પણ કાયમના માન્યા. આત્માનો કાયમનો સ્વભાવ તો રાગ રહિત શુદ્ધ છે તેથી તે જીવ રાગનો અકર્તા થયો, અને પરપદાર્થોને કાયમના માન્યા એટલે તે પદાર્થોમાં તેમની ત્રણે કાળના પર્યાયોની લાયકાત પડી છે, તે મુજબ જ તેમની અવસ્થા સ્વતંત્રપણે થાય છે. આ રીતે સમ્યક્ નિયતવાદના નિર્ણયમાં સ્વતંત્રતાની પ્રતીતિ થઈ. પોતાની અવસ્થાનો આધાર દ્રવ્ય છે, ને દ્રવ્યસ્વભાવ તો શુદ્ધ છે-એવી પ્રતીતિપૂર્વક 'જે બનવાનું હોય તે બને છે' એમ જે માને છે તે જીવ વીતરાગી દૃષ્ટિ છે. આ નિયતવાદ તો વીતરાગતાનું કારણ છે.

નિયતવાદના બે પ્રકાર છે : એક સમ્યક્ નિયતવાદ ને બીજો મિથ્યા નિયતવાદ. સમ્યક્ નિયતવાદ તો વીતરાગતાનું કારણ છે. એનું સ્વરૂપ ઉપર બતાવ્યું છે. કોઈ જીવ 'જેમ બનવાનું હોય તેમ જ બને છે' એમ નિયતવાદને માને ખરો, પરંતુ પરનું લક્ષ અને પર્યાયદૃષ્ટિ છોડીને સ્વભાવ તરફ ઢળે નહિ, નિયતવાદને જે નક્કી કરનાર છે



એવા પોતાના જ્ઞાન અને પુરુષાર્થની સ્વતંત્રતાને સ્વીકારે નહિ, પરનું અને વિકારનું કર્તાપણાનું અભિમાન છોડે નહિ-એ રીતે પુરુષાર્થને ઉથાપીને સ્વચ્છંદે પ્રવર્તે છે તો તેને ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

'થવાનું હોય તે જ થાય છે' એમ માત્ર પર લક્ષે માન્યું તે યથાર્થ નથી. 'થવાનું હોય તે જ થાય છે' એવો જો યથાર્થ નિર્ણય હોય તો જીવનું જ્ઞાન પર પ્રત્યે ઉદાસીન થઈને પોતાના સ્વભાવમાં વળી જાય, અને તે જ્ઞાનમાં યથાર્થ શાંતિ થઈ જાય. તે જ્ઞાન સાથે જ પુરુષાર્થ, નિયતિ, કાળ, સ્વભાવ ને કર્મ-એ પાંચે સમવાય હોય છે.

## ૨૩. મિથ્યા નિયતવાદના ઉપલક્ષણો.

પ્રશ્ન :-મિથ્યા નિયતવાદી જીવ પણ પર વસ્તુ ભાંગી જાય કે નષ્ટ થઈ જાય, ત્યારે 'જેમ બનવાનું હતું તેમ જ બન્યું છે' એમ માનીને શાંતિ તો રાખે છે, તો પછી તેને સમ્યક્ નિયતવાદનો નિર્ણય કેમ નથી?

ઉત્તર :-તે જીવ જે શાંતિ રાખે છે તે યથાર્થ નથી, પણ મંદકષાયરૂપ શાંતિ છે. જો તેને નિયતવાદનો યથાર્થ નિર્ણય હોય તો, જેવી રીતે તે એક પદાર્થનું 'જેમ બનવાનું હતું તેમ જ બન્યું છે' એમ માને છે તેવી રીતે બધાય પદાર્થોનું 'જેમ બનવાનું હોય તેમ જ બને છે' એવો નિર્ણય પણ હોય. અને જો એવો નિર્ણય હોય તો પછી 'હું પરદ્રવ્યોને નિમિત્ત થાઉં તો તેમનું કામ થાય, નિમિત્ત હોય તો જ કામ થાય, નિમિત્તનું કોઈ વખતે જોર છે' એવી બધી માન્યતા ટળી જાય. બધું નિયત છે, એટલે જે કાર્યમાં જે સમયે જે નિમિત્તની હાજરી રહેવાની હોય તે કાર્યમાં તે સમયે તે નિમિત્તની હાજરી સ્વયમેવ હોય જ. તો પછી 'નિમિત્ત મેળવવું જોઈએ અથવા નિમિત્તની ઉપેક્ષા ન કરી શકાય અથવા તો નિમિત્ત ન હોય તો કાર્ય ન થાય' એવી માન્યતાઓને અવકાશ જ ક્યાં છે? જો સમ્યક્

નિયતવાદનો નિર્ણય હોય તો નિમિત્તાધીન દૃષ્ટિ ટળી જ જાય.

## ૨૪. મિથ્યાનિયતવાદને 'ગૃહીત' મિથ્યાત્વ કેમ કહ્યું છે?

પ્રશ્ન :-મિથ્યા નિયતવાદને 'ગૃહીત' મિથ્યાત્વ કેમ કહ્યું છે?

ઉત્તર :-નિમિત્તથી ધર્મ થાય, રાગથી ધર્મ થાય, શરીરાદિનું આત્મા કરી શકે એવી માન્યતારૂપ અગૃહીત મિથ્યાત્વ તો અનાદિનું હતું અને જનમ્યા પછી શાસ્ત્ર વાંચીને અથવા કુગુરુ વગેરેના નિમિત્તે મિથ્યા નિયતવાદનો નવો કદાગ્રહ ગ્રહણ કર્યો, તેથી તેને ગૃહીત મિથ્યાત્વ કહેવાય છે. પહેલાં જેને અનાદિનું અગૃહીત મિથ્યાત્વ હોય તેને જ ગૃહીત મિથ્યાત્વ થાય. જીવો શાતાશીળિયાપણાથી ઇન્દ્રિયવિષયોના પોષણ માટે 'જેમ થવાનું હશે તેમ થશે' એમ કહીને એક સ્વચ્છંદતાનો માર્ગ શોધી કાઢે છે તેનું નામ ગૃહીત મિથ્યાત્વ છે, અને આ સમ્યક્ નિયતવાદ તો સ્વભાવભાવ છે, તેમાં સ્વતંત્રતા છે, વીતરાગતા છે.

## ૨૫. સમ્યક્ નિયતવાદના નિર્ણયથી નિમિત્તાધીન દૃષ્ટિ અને સ્વ-પરની એકત્વબુદ્ધિ ટળે છે.

જે વસ્તુમાં જે વખતે જેવી પર્યાય જે નિમિત્તની હાજરીમાં થવાની હોય, તે વસ્તુમાં તે વખતે તેવી જ પર્યાય થાય અને નિમિત્ત પણ તે વખતે તે જ હોય, તે વખતે બીજી પર્યાય થાય નહિ અને બીજું નિમિત્ત પણ હોય નહિ. એ નિયમમાં ત્રણકાળ, ત્રણલોકમાં ફેરફાર થાય નહિ. આ જ નિયતનો યથાર્થ નિર્ણય છે. તેમાં આત્મસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આવી જાય છે, અને નિમિત્ત ઉપરની દૃષ્ટિ ટળી જાય છે. 'હું પરનો કર્તા તો નથી, પણ હું પરને નિમિત્ત તો થાઉં' એવી જેની માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ છે. પોતે નિમિત્ત છે માટે પરનું કાર્ય થાય છે-એમ નથી, પણ પર ચીજમાં પરની યોગ્યતાથી કાર્ય થાય છે તેમાં પોતાને નિમિત્ત કહેવામાં આવે છે. 'હું નિમિત્ત થાઉં તો પરમાં કાર્ય થાય' તેનો અર્થ એવો થયો કે પર વસ્તુમાં



કાર્ય થવાનું ન હતું, પણ પોતે નિમિત્ત થયો તેથી તેમાં કાર્ય થયું. એટલે તે તો સ્વ-પરની એકત્વબુદ્ધિ જ થઈ.

## ૨૬. લાકડું એની મેળે ઊંચું થાય છે, હાથના નિમિત્તથી નહિ.

'આ લાકડું છે તેનામાં ઊંચું થવાની લાયકાત તો છે, પણ જ્યારે મારો હાથ તેને સ્પર્શે ત્યારે તે ઊપડે છે અર્થાત્ જ્યારે મારો હાથ તેને નિમિત્ત થાય ત્યારે તે ઊપડે છે'-એમ માનનાર જીવો વસ્તુના પર્યાયને સ્વતંત્ર માનતા નથી, એટલે કે તેઓની સંયોગી દૃષ્ટિ છે અને તેઓ વસ્તુના સ્વભાવને જ માનતા નથી, તેથી મિથ્યાદૃષ્ટિ છે. લાકડું જ્યારે ઊંચું નથી થતું ત્યારે તેનામાં ઊંચું થવાની લાયકાત જ નથી, અને જ્યારે તેનામાં ઊંચું થવાની લાયકાત હોય છે ત્યારે તે સ્વયં ઊંચું થાય છે. તે હાથના નિમિત્તથી ઊંચું થતું નથી, પણ જ્યારે ઊંચું થાય છે ત્યારે હાથ વગેરે નિમિત્ત સ્વયમેવ હાજર હોય જ છે. એવો ઉપાદાન-નિમિત્તનો મેળ કુદરતી સ્વભાવથી જ હોય છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે 'હાથના નિમિત્તે લાકડું ઊંચું થયું' એમ કહેવાનો માત્ર વ્યવહાર છે.

## ૨૭. લોહચુંબક સોયને ખેંચતો નથી.

લોહચુંબક પથ્થર તરફ લોઢાની સોય ખેંચાય છે, ત્યાં લોહચુંબકે સોયને ખેંચી નથી, પણ સોયે પોતાની યોગ્યતાથી જ ગમન કર્યું છે.

પ્રશ્ન :-જો સોય પોતાની યોગ્યતાથી જ ગમન કરતી હોય તો જ્યારે લોહચુંબક પથ્થર પાસે ન હતો ત્યારે કેમ ગમન ન કર્યું? અને જ્યારે તે પથ્થર નજીક આવ્યો ત્યારે જ કેમ તે તરફ ગમન કર્યું?

ઉત્તર :-પહેલાં સોયમાં ગમન કરવાની યોગ્યતા જ ન હતી તથા તે વખતે લોહચુંબક પાસે (સોયને ખેંચાવાયોગ્ય ક્ષેત્રમાં) હોય

નહિ. અને જ્યારે સોયમાં ક્ષેત્રાંતર કરવાની યોગ્યતા હોય ત્યારે લોહચુંબક અને તેના વચ્ચે અંતરાય હોય જ નહિ. એવો જ ઉપાદાન-નિમિત્તનો સંબંધ છે કે બંનેનો મેળ હોય, છતાં એકબીજાના કારણે કોઈની ક્રિયા થઈ નથી. સોયની ગમન કરવાની યોગ્યતા થઈ માટે લોહચુંબક નજીક આવ્યું એમ નથી અને લોહચુંબક નજીક આવ્યું માટે સોય તેના તરફ ખેંચાણી-તેમ પણ નથી. જે વખતે સોયમાં ક્ષેત્રાંતર થવાની લાયકાત હોય છે તે જ વખતે લોહચુંબકમાં પણ તે ક્ષેત્રે જ રહેવાની લાયકાત હોય છે.-આનું નામ જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

## ૨૮. નિમિત્તપણાની લાયકાત.

પ્રશ્ન :-લોહચુંબક પથ્થર સોયમાં કાંઈ જ નથી કરતો તો તેને જ નિમિત્ત કેમ કહ્યો? અન્ય સામાન્ય પથ્થરને નિમિત્ત કેમ ન કહ્યો? જેમ લોહચુંબક સોયને કાંઈ નથી કરતો છતાં તેને નિમિત્ત કહેવાય છે, તો પછી લોહચુંબકની જેમ અન્ય પથ્થર પણ સોયને કાંઈ નથી કરતો છતાં તેને નિમિત્ત કેમ નથી કહેવાતું?

ઉત્તર :-તે સમયે તે કાર્યમાં લોહચુંબક પથ્થરમાં જ નિમિત્તપણાની લાયકાત છે, અર્થાત્ ઉપાદાનના કાર્ય માટે અનુકૂળતાનો આરોપ આપી શકાય તેવી લાયકાત લોહચુંબક પથ્થરની તે સમયની પર્યાયમાં છે. બીજા પથ્થરમાં તેવી લાયકાત તે સમયે નથી. જેમ સોયમાં ઉપાદાનપણાની લાયકાત છે તેથી તે ખેંચાય છે, તેમ તે વખતે લોહચુંબક પથ્થરમાં જ નિમિત્તપણાની લાયકાત છે તેથી તેને નિમિત્ત કહેવાય છે. એક સમયની ઉપાદાનપણાની લાયકાત ઉપાદાનમાં છે અને એક સમયની નિમિત્તપણાની લાયકાત નિમિત્તમાં છે. પણ બંનેની લાયકાતનો મેળ છે, તેથી અનુકૂળ નિમિત્ત કહેવાય છે. લોહચુંબકમાં નિમિત્તપણાની જે લાયકાત છે તેને બીજા બધા પદાર્થોથી જુદો પાડીને ઓળખવા માટે 'નિમિત્ત' કહેવાય છે, પણ તેના કારણે સોયમાં કિંચિત્ વિલક્ષણતા



થઈ નથી. ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે વ્યવહારે-આરોપથી બીજા પદાર્થને નિમિત્ત કહેવાય છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે, તેથી તે ઉપાદાન અને નિમિત્ત બંનેને જાણે છે.

## ૨૯. નિમિત્તનું સ્વરૂપ સમજવા માટે ધર્માસ્તિકાયનું દૃષ્ટાંત.

બધાય નિમિત્તો 'ધર્માસ્તિકાયવત્' છે. (જુઓ, ઇષ્ટોપદેશ ગાથા,૩૫) ધર્માસ્તિકાય પદાર્થ તો લોકમાં સર્વત્ર છે, પણ જ્યારે વસ્તુ પોતાની યોગ્યતાથી ચાલે છે ત્યારે ધર્માસ્તિકાયને નિમિત્ત કહેવાય છે, અને વસ્તુ ન ચાલે તો તેને નિમિત્ત કહેવાય નહિ. ધર્માસ્તિકાયની માફક જ બધા નિમિત્તોનું સ્વરૂપ સમજી લેવું. ધર્માસ્તિકાયમાં નિમિત્તપણાની એવી લાયકાત છે કે પદાર્થો ગતિ કરે તેમાં જ તેને નિમિત્ત કહેવાય, પણ સ્થિતિમાં તેને નિમિત્ત કહેવાય નહિ. સ્થિતિમાં નિમિત્ત કહેવાય-એવી લાયકાત અધર્માસ્તિકાયમાં છે.

## ૩૦. સિદ્ધ ભગવાન અલોકમાં કેમ નથી જતા?

સિદ્ધ ભગવાન પોતાની ક્ષેત્રાંતર થવાની લાયકાતથી એક સમયમાં જ્યારે લોકાગ્રે ગમન કરે છે ત્યારે ધર્માસ્તિકાયને નિમિત્ત કહેવાય છે. પરંતુ કાંઈ ધર્માસ્તિકાયના અભાવને લીધે તેમનું અલોકમાં ગમન થતું નથી-એમ નથી. તેઓ લોકાગ્રે સ્થિત થાય છે તે પણ તેમની તેવી જ લાયકાત છે તે કારણે છે. તે વખતે અધર્માસ્તિકાયને નિમિત્ત કહેવાય છે.

પ્રશ્ન :-સિદ્ધ ભગવાન લોકાકાશની બહાર કેમ ગમન કરતા નથી?

ઉત્તર :-તેમની લાયકાત જ તેવી છે, કેમ તે લોકનું દ્રવ્ય છે, અને તેની લાયકાત લોકના છેડા સુધી જ જવાની છે. લોકાકાશની બહાર જવાની તેમનામાં લાયકાત જ નથી. 'અલોકમાં ધર્માસ્તિકાયનો અભાવ છે માટે સિદ્ધ ત્યાં ગમન કરતા નથી' એ માત્ર વ્યવહારનયનું

કથન છે અર્થાત્ સ્વયં ઉપાદાનમાં અલોકમાં જવાની લાયકાત નથી તો નિમિત્ત પણ નથી એવો ઉપાદાન-નિમિત્તનો મેળ બતાવવા માટે તે કથન છે.

## ૩૧. દરેક પદાર્થનું કાર્ય સ્વતંત્ર.

કોઈએ પોતાના મુનીમ ઉપર પત્ર લખ્યો કે, અમુક રૂપિયા બેંકમાં મુકો. અને મુનીમે બેંકમાં તે રૂા. મુક્યા. તેમાં જીવે પત્ર લખવાનો વિકલ્પ કર્યો માટે પત્ર લખાયો-એમ નથી, પત્ર આવ્યો માટે મુનીમને બેંકમાં રૂપિયા મુકવાનો વિકલ્પ આવ્યો-એમ નથી અને મુનીમને વિકલ્પ આવ્યો માટે રૂપિયા બેંકમાં મુકાયા-તેમ પણ નથી. તેવી જ રીતે, રૂપિયા બેંકમાં મુકાવાના હતા માટે મુનીમને વિકલ્પ આવ્યો-એમ નથી. એ પ્રમાણે દરેકમાં સમજી લેવું. જીવનો વિકલ્પ સ્વતંત્ર, કાગળની અવસ્થા સ્વતંત્ર, મુનીમનો વિકલ્પ સ્વતંત્ર અને રૂપિયાની અવસ્થા સ્વતંત્ર. મુનીમને વિકલ્પ આવ્યો ત્યારે કાગળને નિમિત્ત કહેવાયો, તથા બેંકમાં જવાની રૂપિયાની અવસ્થા થઈ ત્યારે મુનીમના વિકલ્પને નિમિત્ત કહેવાયો.

## ૩૨. નિમિત્તને કારણે ઉપાદાનમાં વિલક્ષણ દશા થતી નથી.

પ્રશ્ન :-ઉપાદાનમાં નિમિત્ત કંઈ કરતું નથી એ વાત તો સાચી, પણ નિમિત્ત હોય ત્યારે ઉપાદાનમાં વિલક્ષણ અવસ્થા તો થવી જ જોઈએને? જેમ કે અગ્નિરૂપી નિમિત્ત આવે ત્યારે પાણીને ઉષ્ણ થવું જ જોઈએ.

ઉત્તર :-એ વાત ખોટી છે. જે પાણીની પર્યાયનો સ્વભાવ તે જ વખતે ઉષ્ણ થવાનો હતો તે જ પાણી તે જ અગ્નિના સંયોગમાં આવ્યું છે અને પોતાની તેવી લાયકાતથી પોતાની મેળે જ ઉષ્ણ થયું છે. પણ અગ્નિના કારણે તેને વિલક્ષણ થવું પડ્યું તેમ નથી અર્થાત્



અગ્નિએ પાણીને ઉષ્ણ કર્યું નથી.

## ૩૩. મિથ્યાદૃષ્ટિ સંયોગને જુએ છે, સમ્યગ્દૃષ્ટિ સ્વભાવને જુએ છે.

અગ્નિથી પાણી ઉષ્ણ થયું-એવી માન્યતા તે સંયોગાધીન પરાધીન દૃષ્ટિ છે, અને પોતાની ઉષ્ણ થવાની યોગ્યતાથી જ પાણી ઉષ્ણ થયું છે-એવી માન્યતા તે સ્વતંત્ર સ્વભાવદૃષ્ટિ છે. સંયોગાધીન દૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે, ને સ્વભાવદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે.

મિથ્યાદૃષ્ટિ જીવ, દરેક વસ્તુની સમય-સમયની યોગ્યતાથી જ તેનું દરેક કાર્ય થાય છે એમ સ્વતંત્ર સ્વભાવને નથી જોતો, પણ નિમિત્તના સંયોગને જુએ છે. એ જ એની પરાધીનદૃષ્ટિ છે અને તે દૃષ્ટિથી પરમાં એકત્વબુદ્ધિ કદી ટળતી નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વતંત્ર વસ્તુસ્વભાવને જુએ છે કે દરેક વસ્તુની સમય-સમયની યોગ્યતાથી જ તેનું કાર્ય સ્વતંત્રપણે થાય છે.

## ૩૪. ઉપાદાન અને નિમિત્ત-બંનેની સ્વતંત્ર લાયકાત (લુગડું અને અગ્નિનું દૃષ્ટાંત).

લુગડામાં જે વખતે, જે ક્ષેત્રે, જે સંયોગમાં, બળવાની લાયકાત હોય તે વખતે, તે ક્ષેત્રે, તે સંયોગમાં, તેની બળવાની પર્યાય થાય છે, અને અગ્નિ પણ તે વખતે સ્વયં હાજર હોય છે. અગ્નિ આવી માટે લુગડું બળી ગયું એમ નથી-અને 'લુગડામાં બળી જવાની અવસ્થા થવાની લાયકાત હોય, પણ અગ્નિ કે બીજો યોગ્ય સંયોગ ન આવે તો તે અવસ્થા અટકી જાય' એમ પણ બનતું નથી. જે સમયે લુગડામાં બળવાની યોગ્યતા હોય તે સમયે તે બળે જ, અને તે વખતે અગ્નિ પણ હાજર હોય જ. છતાં અગ્નિની ઉપસ્થિતિના કારણે લુગડાની અવસ્થામાં કાંઈ પણ વિલક્ષણતા થઈ નથી. અગ્નિએ લુગડાને બાળ્યું તે માન્યતા મિથ્યા છે.

કોઈ પૂછે કે લુગડું બળતી વખતે અમુક જ અગ્નિ હતો અને બીજો ન હતો, તેનું શું કારણ? તો તેનો ઉત્તર એ છે કે, તે વખતે જે અગ્નિ હતો તે જ અગ્નિમાં નિમિત્તપણાની લાયકાત હતી. તે વખતે બીજો અગ્નિ ન જ હોય, કેમ કે તેનામાં નિમિત્તપણાની લાયકાત હોતી જ નથી. ઉપાદાન વખતે જેનામાં નિમિત્તપણાની યોગ્યતા હોય તે જ નિમિત્ત હોય, બીજો નિમિત્ત હોય જ નહિ. સૌના પોતપોતાના કારણે સૌની અવસ્થા થઈ રહી છે. ત્યાં 'નિમિત્તથી થયું અથવા નિમિત્તે કર્યું' એમ અજ્ઞાની માને છે.

## ૩૫. ઉપાદાન અને નિમિત્ત-બંનેની સ્વતંત્ર લાયકાત (આત્મા અને કર્મ).

આત્મા પોતાની પર્યાયમાં જ્યારે રાગ-દ્વેષ કરે ત્યારે કર્મના જે પરમાણુઓની ઉદયમાં આવવાની યોગ્યતા હોય તે ઉદયરૂપ હોય જ, ત્યારે કર્મ ન હોય તેમ ન બને. પણ કર્મ ઉદયમાં આવ્યું માટે જીવે રાગ-દ્વેષ કર્યા એ માન્યતા ખોટી છે અને જીવે રાગ-દ્વેષ કર્યા માટે કર્મ ઉદયમાં આવ્યું એ માન્યતા પણ ખોટી છે. જીવે પોતાના પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થવાની યોગ્યતા હતી તેથી જ રાગ-દ્વેષ કર્યા છે, અને તે વખતે જે કર્મોમાં ઉદયમાં આવવાની યોગ્યતા હતી તે કર્મો ઉદયમાં આવ્યા છે, અને તેને જ નિમિત્ત કહેવાય છે; પણ તે કર્મના કારણે જીવના પર્યાયમાં રાગ-દ્વેષ કે વિલક્ષણતા થયા નથી.

જ્યારે જ્ઞાનની પર્યાય અપૂર્ણ હોય ત્યારે જ્ઞાનાવરણ કર્મમાં જ નિમિત્તપણાની લાયકાત છે. જીવ પોતાના પર્યાયમાં મોહ કરે ત્યારે મોહકર્મને જ નિમિત્ત કહેવાય એવી તે કર્મ પરમાણુઓમાં નિમિત્તપણાની યોગ્યતા છે. જેમ આત્મામાં ઉપાદાનપણાની સમયે-સમયે સ્વતંત્ર યોગ્યતા છે, તેમ મોહકર્મના તે-તે પરમાણુમાં નિમિત્ત તરીકેની સમયે-સમયે સ્વતંત્ર યોગ્યતા છે.



પ્રશ્ન :-જીવે રાગ-દ્વેષ કર્યા માટે પરમાણુમાં કર્મ અવસ્થા થઈને?

ઉત્તર :-નહિ; જગતના અમુક પરમાણુ જ શા માટે કર્મરૂપે થયા અને બીજા પરમાણુ કેમ કર્મરૂપે ન થયા?-માટે જે જે પરમાણુઓમાં કર્મરૂપે થવાની લાયકાત હતી તે જ પરમાણુઓ કર્મરૂપે પરિણમ્યા છે. તેઓ પોતાની તેવી લાયકાતથી જ કર્મરૂપે થયા છે, જીવના રાગ-દ્વેષને કારણે નહિ.

## ૩૬. પર ઉપર જોવાનું નથી પણ સ્વ ઉપર જોવાનું છે.

પ્રશ્ન :-જ્યારે પરમાણુઓમાં કર્મરૂપે થવાની લાયકાત હોય ત્યારે આત્માએ રાગ-દ્વેષ કરવા જ જોઈએ, કેમ કે પરમાણુમાં કર્મરૂપે થવાનું ઉપાદાન છે તેથી ત્યાં જીવના વિકારરૂપ નિમિત્ત પણ હોવું જ જોઈએ- એ વાત બરાબર છે?

ઉત્તર :-એ પ્રશ્ન જ અજ્ઞાનીનો છે. તારે તારા સ્વભાવમાં જોવાનું કામ છે કે પરમાણુમાં જોવાનું કામ છે? જેની સ્વતંત્ર દૃષ્ટિ થઈ છે તે આત્મા ઉપર જુએ છે અને જેની નિમિત્તાધીન દૃષ્ટિ છે તે પર ઉપર જુએ છે. 'જ્યારે જે વસ્તુની જે અવસ્થા થવાની હોય ત્યારે તે વસ્તુની તે જ અવસ્થા થાય' એમ જેણે યથાર્થ નિર્ણય કર્યો તેને દ્રવ્યદૃષ્ટિ થઈ, સ્વભાવદૃષ્ટિ થઈ. હવે સ્વભાવદૃષ્ટિમાં તેને તીવ્ર રાગાદિ થતાં જ નથી, અને તેથી તે જીવના નિમિત્તે તીવ્ર કર્મરૂપે પરિણમે એવી લાયકાતવાળા પરમાણુઓ પણ આ જગતમાં હોતા નથી. જીવે પોતાના સ્વભાવના પુરુષાર્થથી સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, ત્યાં તે જીવને માટે મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે એવી લાયકાત જગતના કોઈ પરમાણુઓમાં હોતી જ નથી. તે સમ્યગ્દૃષ્ટિને જે અલ્પ રાગ-દ્વેષ છે તે પોતાના વર્તમાન પર્યાયની તેવી યોગ્યતાથી છે; અને તે વખતે અલ્પ કર્મરૂપે બંધાવાની પરમાણુની પર્યાયમાં લાયકાત છે. આ રીતે

સ્વલક્ષથી શરૂ કરવાનું છે.

'જગતના પરમાણુઓમાં મિથ્યાત્વાદિ કર્મરૂપે થવાની લાયકાત છે માટે જીવને મિથ્યાત્વાદિ ભાવ થવા જ જોઈએ,' એવી જેની માન્યતા છે તે જીવ સ્વદ્રવ્યના સ્વભાવને જાણતો નથી, અને તેથી તે જીવના નિમિત્તે મિથ્યાત્વાદિરૂપે પરિણમવાને યોગ્ય પરમાણુઓ આ જગતમાં હોય છે એમ જાણવું. પરંતુ સ્વભાવદૃષ્ટિથી જોનાર જીવને મિથ્યાત્વ હોતું જ નથી અને તેથી તે જીવના નિમિત્તે મિથ્યાત્વાદિરૂપે પરિણમે એવી લાયકાત પણ જગતના કોઈ પરમાણુમાં હોતી નથી. સ્વભાવદૃષ્ટિથી જ્ઞાની વિકારના અકર્તા થઈ ગયા છે, તેથી 'જ્ઞાનીને વિકાર કરવો પડે' એ વાત જ ખોટી છે. જે અલ્પ વિકાર છે તે પણ સ્વભાવદૃષ્ટિના જોરે પુરુષાર્થ વડે ટળતો જ જાય છે. આવી સ્વતંત્ર સ્વભાવદૃષ્ટિ (સમ્યક્ શ્રદ્ધા) કર્યા વગર જીવ જે કંઈ શુભભાવરૂપ વ્રત, તપ, ત્યાગ કરે તે બધુંય 'રણમાં પોક'ની જેમ મિથ્યા છે.

## ૩૭. ફૂંકથી ડુંગર ઉડાવવાની વાત!

શંકાકાર-'વસ્તુમાં જ્યારે જે પર્યાય થવાની હોય ત્યારે તે પર્યાય થાય અને ત્યારે નિમિત્ત પણ હોય, પણ નિમિત્ત કાંઈ કરે નહિ કે નિમિત્ત દ્વારા કોઈ કાર્ય થાય નહિ,'-એ તો ફૂંકથી ડુંગર ઉડાવવા જેવું છે!

સમાધાન-અરે ભાઈ, અહીં તો ફૂંકથી પહાડ ઉડે એ વાત પણ નથી. પહાડના અનંત પરમાણુઓમાં ઉડવાની લાયકાત હોય તો પહાડ એની મેળે ઉડે છે. પહાડને ઉડવા માટે ફૂંકની પણ જરૂર પડતી નથી. કોઈને એમ થાય કે, 'અરે! આ તો કેવી વાત છે? શું પહાડ એની મેળે ઉડતા હશે?' પરંતુ ભાઈ, વસ્તુમાં જે કામ થાય છે (અર્થાત્ જે પર્યાય થાય છે) તે તેની પોતાની જ શક્તિથી(-લાયકાતથી) થાય છે. વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. પરવસ્તુનો તો તેમાં અભાવ છે તો તે શું કરે?



## ૩૮. ઉદાસીન નિમિત્ત અને પ્રેરક નિમિત્ત.

પ્રશ્ન :-નિમિત્તના બે પ્રકાર છેઃ એક ઉદાસીન અને બીજું પ્રેરક. તેમાંથી ઉદાસીન નિમિત્ત તો કાંઈ ન કરે, પરંતુ પ્રેરક નિમિત્ત તો ઉપાદાનને કાંઈક પ્રેરણા કરેને?

ઉત્તર :-નિમિત્તના જુદા જુદા પ્રકાર ઓળખાવવા માટે એ બે ભેદ છે, પરંતુ તેમાંથી કોઈ પણ નિમિત્ત ઉપાદાનમાં કાંઈ જ કરતું નથી, કે નિમિત્તના કારણે ઉપાદાનમાં કાંઈ વિલક્ષણતા આવતી નથી. પ્રેરક નિમિત્ત પણ પ્રેરણા કરતું નથી. બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે.

પ્રશ્ન :-પ્રેરક નિમિત્ત અને ઉદાસીન નિમિત્તની વ્યાખ્યા શી છે?

ઉત્તર :-ઉપાદાનની અપેક્ષાએ તો બંને પર છે, અકિંચિત્કર છે, તેથી બંને સરખા છે. નિમિત્તની અપેક્ષાએ બે ભેદ છે. જે નિમિત્ત પોતે ઈચ્છાવાળું કે ગતિમાન હોય તેને પ્રેરક નિમિત્ત કહેવાય છે, અને જે નિમિત્ત પોતે ઈચ્છા વગરનું કે સ્થિર હોય તેને ઉદાસીન નિમિત્ત કહેવાય છે. ઈચ્છાવાળો જીવ અને ગતિમાન અજીવ પ્રેરક નિમિત્ત છે તથા ઈચ્છા વગરનો જીવ અને ગતિ વગરના અજીવ ઉદાસીન નિમિત્ત છે, પરંતુ બંને પ્રકારના નિમિત્તો પરમાં બિલકુલ કાર્ય કરતા નથી. ઘડો થાય તેમાં કુંભાર અને ચાક પ્રેરક નિમિત્ત છે અને ધર્માસ્તિકાય વગેરે ઉદાસીન નિમિત્ત છે.

મહાવીર ભગવાનના સમવસરણમાં ગૌતમ ગણધર આવવાથી દિવ્યધ્વનિ છૂટ્યો અને પહેલાં છાસઠ દિવસ સુધી તેમના ન આવવાથી દિવ્યધ્વનિ અટક્યો હતો-એ વાત સાચી નથી. વાણીના પરમાણુઓમાં જે સમયે વાણીરૂપે પરિણમવાની લાયકાત હતી તે સમયે જ તેઓ વાણીરૂપે પરિણમ્યા હતા અને તે વખતે જ ગણધરદેવ આવ્યા હતા. પણ ગણધરદેવ આવ્યા માટે વાણી છૂટી-એમ નથી. ગણધર જે સમયે આવ્યા તે સમયે જ તેમની આવવાની લાયકાત હતી અને તે સમયે

જ વાણી છૂટવાની પણ લાયકાત હતી. એવો જ સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તેથી ગૌતમ ગણધર ન આવ્યા હોત તો વાણી ન છૂટતને? એવા તર્કને અવકાશ જ નથી.

## ૩૯. નિમિત્ત ન હોય તો....?

'કાર્ય થવાનું હોય પણ નિમિત્ત ન હોય તો....?' એમ શંકા કરનારની સામે જ્ઞાનીઓ પૂછે છે કે 'હે ભાઈ, તું જીવ જ આ જગતમાં ન હોત તો? અથવા તો તું અજીવ હોત તો?' શંકાકાર ઉત્તર આપે છે કે, 'હું સ્વભાવથી જ જીવ છું, તેથી તેમાં બીજા તર્કને સ્થાન નથી.' તો જ્ઞાનીઓ કહે છે કે, 'જેમ તું સ્વભાવથી જ જીવ છો તેથી તેમાં બીજા તર્કને સ્થાન નથી, તેમ જ્યારે ઉપાદાનમાં કાર્ય થાય છે ત્યારે નિમિત્ત હોય જ છે. એવો જ ઉપાદાન-નિમિત્તનો સ્વભાવ છે, તેથી તેમાં બીજા તર્કને અવકાશ નથી.'

## ૪૦. કમળમાં ખીલવાની લાયકાત હોય પણ સૂર્ય ન ઊગે તો....?

કમળનું ખીલવું અને સૂર્યનું ઊગવું તે બંનેનો સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ સૂર્ય ઊગ્યો તે કારણે કમળ ખીલ્યું નથી. કમળ પોતાની તે સમયના પર્યાયની ખીલવાની લાયકાતથી ખીલ્યું છે.

પ્રશ્ન :-સૂર્ય ન ઊગે તો કમળ ન ખીલેને?

ઉત્તર :-'કાર્ય થવાનું હોય પણ નિમિત્ત ન હોય તો?' એના જેવો આ પ્રશ્ન છે. તેનું સમાધાન ઉપરની યુક્તિ પ્રમાણે સમજી લેવું. જ્યારે કમળમાં ખીલવાની લાયકાત હોય ત્યારે સૂર્યમાં પણ પોતાના જ કારણે ઊગવાની લાયકાત હોય, -એવો જ સ્વભાવ છે. કમળમાં ખીલવાની લાયકાત હોય અને સૂર્યમાં ઊગવાની લાયકાત ન હોય -એમ કદી બને જ નહિ, છતાં સૂર્ય ઊગે છે તેના નિમિત્તથી કમળ



ખીલતું નથી અને કમળ ખીલવાનું છે માટે સૂર્ય ઊગે છે-એમ પણ નથી.

## ૪૧. જ્યારે સૂર્ય ઊગે છે ત્યારે જ કમળ ખીલે છે -તેનું શું કારણ?

પ્રશ્ન :-જો સૂર્યના ઊગવાના નિમિત્તથી કમળ ન ખીલતું હોય તો, 'જો સૂર્ય છ વાગે ઊગે તો કમળ પણ છ વાગે ખીલે, ને સૂર્ય સાત વાગે ઊગે તો કમળ પણ સાત વાગે ખીલે'-એમ થવાનું શું કારણ?

ઉત્તર :-સૂર્ય ઊગે છે તે વખતે જ કમળમાં ખીલવાની લાયકાત છે, તેથી ત્યારે જ તે ખીલે છે. તે પહેલાં તેના પોતામાં જ ખીલવાની લાયકાત ન હતી, પણ બિડાઈ રહેવાની જ લાયકાત હતી. એક સમયે પર્યાયમાં બે વિરુદ્ધ પ્રકારની લાયકાત તો હોઈ શકે નહિ.

## ૪૨. સ્વતંત્રતા જૈનદર્શનનું મૂળ રહસ્ય છે.

અહો, સ્વતંત્ર નિરપેક્ષ વસ્તુ સ્વભાવ છે. એ સ્વભાવને જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી જીવને પરના કરવાપણાના અહંકારથી સાચી ઉદાસીનતા આવે નહિ, તે વિકારનો ધણી મટે નહિ અને પોતાના પર્યાયનો ધણી (-આધાર) જે આત્મસ્વભાવ છે તેની દૃષ્ટિ થાય નહિ. આ સ્વતંત્રતા જૈનદર્શનનું મૂળ રહસ્ય છે.

## ૪૩. એક પરમાણુની સ્વતંત્ર તાકાત.

દરેક જીવ તેમ જ અજીવ દ્રવ્યોની પર્યાય સ્વતંત્રપણે પોતાથી થાય છે. એક પરમાણુ પણ પોતાની જ શક્તિથી પરિણમે છે, તેમાં નિમિત્તનું શું પ્રયોજન છે? એક પરમાણુ પહેલા સમયે કાળો હોય અને બીજા સમયે ધોળો થઈ જાય, તેમ જ પહેલા સમયે એક અંશ કાળો હોય ને બીજા સમયે અનંતગુણો કાળો થઈ જાય. તેમાં નિમિત્ત

કોને કહેશો? તે પોતાની તેવી યોગ્યતાથી જ સ્વયં પરિણમી જાય છે.

## ૪૪. ઈન્દ્રિયો અને જ્ઞાનનું સ્વતંત્ર પરિણમન. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું સ્વરૂપ.

જડ ઈન્દ્રિયો છે માટે આત્માને જ્ઞાન થાય છે એ વાત જુઠ્ઠી છે. આત્માનો ત્રિકાળી સામાન્ય જ્ઞાનસ્વભાવ પોતાને કારણે સમયે-સમયે પરિણમે છે, અને જે પર્યાયમાં જેટલી લાયકાત હોય તેટલો જ્ઞાનનો ઉઘાડ થાય છે. પાંચ ઈંદ્રિય સંબંધી જ્ઞાનનો ઉઘાડ છે માટે પાંચ બાહ્ય ઈન્દ્રિયો છે-એમ નથી, અને પાંચ બાહ્ય ઈન્દ્રિયો છે માટે પાંચ ઈન્દ્રિય સંબંધી જ્ઞાનનો ઉઘાડ છે-એમ પણ નથી. જ્ઞાનની પર્યાયમાં જેટલી લાયકાત હતી તેટલો ઉઘાડ થયો છે અને જે પરમાણુઓમાં ઈન્દ્રિયોરૂપે થવાની લાયકાત હતી તેઓ સ્વયં ઈન્દ્રિયોરૂપે પરિણમ્યા છે. છતાં બંનેનો નિમિત્ત-નૈમિત્તિક મેળ છે. જે જીવને એક ઈન્દ્રિયના જ્ઞાનનો ઉઘાડ હોય તેને એક જ ઈન્દ્રિય હોય છે, તેવી રીતે બે ઈંદ્રિયના જ્ઞાનના ઉઘાડવાળાને બે ઈંદ્રિયો, ત્રણ ઈંદ્રિયના જ્ઞાનના ઉઘાડવાળાને ત્રણ ઈંદ્રિયો, ચાર ઈંદ્રિયના જ્ઞાનના ઉઘાડવાળાને ચાર ઈંદ્રિયો અને પાંચ ઈન્દ્રિયના જ્ઞાનના ઉઘાડવાળાને પાંચ ઈન્દ્રિયો જ હોય છે. ત્યાં બંનેનું સ્વતંત્ર પરિણમન છે, એકના કારણે બીજામાં કાંઈ થતું નથી. આને જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવાય છે.

## ૪૫. રાગ-દ્વેષનું કારણ કોણ? સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ કેમ થાય છે?

પ્રશ્ન :-જો કર્મ આત્માને વિકાર ન કરાવતાં હોય તો, આત્મામાં વિકાર થાય છે તેનું કારણ કોણ છે? સમ્યગ્દૃષ્ટિ જીવોને તો વિકાર કરવાની ભાવના હોતી નથી, છતાં તેમને પણ વિકાર તો થાય છે. માટે કર્મ વિકાર કરાવે છેને?

ઉત્તર :-કર્મ આત્માને વિકાર કરાવે છે એ વાત ખોટી છે.



આત્માને પોતાના પર્યાયના દોષથી જ વિકાર થાય છે. કર્મ વિકાર કરાવતું નથી, પણ આત્માના પર્યાયની તેવી યોગ્યતાથી વિકાર થાય છે. સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ કરવાની ભાવના નથી, છતાં રાગ-દ્વેષ થાય છે તેનું કારણ ચારિત્ર ગુણની પર્યાયની તેવી લાયકાત છે. સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષની ભાવના નથી તે તો શ્રદ્ધા ગુણની પર્યાય છે અને રાગ-દ્વેષ થાય છે તે ચારિત્ર ગુણનો પર્યાય છે. પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે એમ કહેવું તે પણ નિમિત્તથી કથન છે. ખરેખર તો, ચારિત્ર ગુણની જ તે સમયની તેવી યોગ્યતાને લીધે જ રાગ-દ્વેષ થાય છે.

## ૪૬. સમ્યક્ નિર્ણયનું જોર.

પ્રશ્ન :-જીવને વિકાર થાય છે તે ચારિત્ર ગુણના પર્યાયની જ તેવી લાયકાતથી છે એમ જો હોય, તો પછી જ્યાં સુધી ચારિત્ર ગુણના પર્યાયમાં વિકાર થવાની લાયકાત હોય ત્યાં સુધી વિકાર થયા જ કરે, અને એમ થતાં વિકારને ટાળવાનું જીવને આધીન રહ્યું નહિ?

ઉત્તર :-એકેક સમયના પર્યાયની સ્વતંત્ર લાયકાત છે એવો નિર્ણય ક્યા જ્ઞાનમાં કર્યો? ત્રિકાળી સ્વભાવ તરફ ઢળ્યા વગર જ્ઞાનમાં એકેક સમયના પર્યાયની સ્વતંત્ર લાયકાતનો નિર્ણય થઈ શકે નહિ. અને જ્યાં જ્ઞાન ત્રિકાળી સ્વભાવમાં ઢળ્યું ત્યાં સ્વભાવની પ્રતીતિના જોરે પર્યાયમાં રાગ-દ્વેષ થવાની લાયકાત ક્ષણે ક્ષણે ઘટતી જ જાય છે. જેણે સ્વભાવનો નિર્ણય કર્યો તેના પર્યાયમાં લાંબો કાળ રાગ-દ્વેષ રહે એવી લાયકાત હોય જ નહિ, એવું જ સમ્યક્ નિર્ણયનું જોર છે.

## ૪૭. કાર્યમાં નિમિત્ત કાંઈ કરતું નથી છતાં તેને 'કારણ' કેમ કહ્યું?

કાર્યના બે કારણો કહેવામાં આવ્યા છે. તેમાં એક ઉપાદાન કારણ છે તે જ યથાર્થ કારણ છે. બીજું નિમિત્ત કારણ છે તે આરોપિત

કારણ છે. ઉપાદાન અને નિમિત્ત એ બે કારણો કહેવાનો આશય એવો નથી કે બંને ભેગા થઈને કાર્ય કરે છે. જ્યારે ઉપાદાન કારણ પોતે કાર્ય કરે છે ત્યારે બીજી ચીજને આરોપ કરીને નિમિત્ત કારણ કહેવાય છે, પણ તે ખરેખર કારણ નથી.

પ્રશ્ન :-નિમિત્ત ખરેખર કારણ નથી છતાં તેને કારણ કેમ કહ્યું?

ઉત્તર :-જેને નિમિત્ત કહેવાય છે તે પદાર્થમાં તેવા પ્રકારની (નિમિત્તરૂપ હોવાની) લાયકાત છે, તેથી અન્ય પદાર્થોથી તેને જુદું ઓળખાવવા માટે 'નિમિત્ત કારણ' એવી સંજ્ઞા આપી છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે તેથી તે પરને પણ જાણે છે, અને પરમાં નિમિત્તપણાની લાયકાત છે તેને પણ જાણે છે.

## ૪૮. કર્મના ઉદયને લીધે જીવને વિકાર થતો નથી.

જીવની પર્યાયમાં જ્યારે વિકાર થાય ત્યારે કર્મ નિમિત્ત તરીકે હોય જ. પણ જીવની પર્યાય અને કર્મ એ બંને ભેગા થઈને વિકાર કરતાં નથી. કર્મના ઉદયને લીધે વિકાર થતો નથી, અને વિકાર કર્યો માટે કર્મો ઉદયમાં આવ્યા-એમ પણ નથી. જીવ વિકાર ન કરે ત્યારે કર્મો ખરી જાય તેને નિમિત્ત કહેવાય છે, પરંતુ જીવે વિકાર ન કર્યો માટે કર્મો ખર્યાં-એ વાત બરાબર નથી. તે પરમાણુઓની લાયકાત જ તેવી હતી.

જે દ્રવ્યની જે સમયે, જે ક્ષેત્રે, જેવા સંયોગોમાં, જે રીતે અને જેવી અવસ્થા થવાની હોય, તે પ્રમાણે તેવી અવસ્થા થાય જ, તેમાં ફેર પડે જ નહિ,આવી શ્રદ્ધામાં તો વીતરાગદૃષ્ટિ થઈ જાય છે. તેમાં સ્વભાવની દૃઢતા ને સ્થિરતાની એકાગ્રતા છે, તથા વિકારથી ઉદાસીનતા ને પરથી ભિન્નતા છે. તેમાં સમયે-સમયે ભેદવિજ્ઞાનનું જ કાર્ય છે.

## ૪૯. નૈમિત્તિકની વ્યાખ્યા.

પ્રશ્ન :-નૈમિત્તિકનો અર્થ વ્યાકરણ પ્રમાણે તો 'નિમિત્તથી થાય



તે' એવો થાય છે, અને અહીં તો કહ્યું કે, નિમિત્તથી નૈમિત્તિકમાં કાંઈ થતું નથી.

ઉત્તર :-'નિમિત્તથી થાય તે નૈમિત્તિક અર્થાત્ નિમિત્ત જનક છે અને નૈમિત્તિક જન્ય છે' એ વ્યાખ્યા વ્યવહારથી કહેવાય છે, પણ ખરેખર નિમિત્તથી નૈમિત્તિક થતું નથી. ઉપાદાનનું કાર્ય તે નૈમિત્તિક છે અને જ્યારે નૈમિત્તિક કાર્ય થાય ત્યારે નિમિત્ત હાજર હોય જ છે, તેથી ઉપચારથી નિમિત્તને જનક પણ કહેવાય છે. વળી, નૈમિત્તિકનો અર્થ 'જેમાં નિમિત્તનો સંબંધ હોય એવું' એમ પણ થાય છે, એટલે કે જ્યારે નૈમિત્તિક કાર્ય થાય ત્યારે નિમિત્ત પણ અવશ્ય હોય જ છે એટલો સંબંધ છે, પણ નિમિત્ત જો નૈમિત્તિકમાં કંઈ પણ કરે તો તેમને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ન રહે, પણ કર્તા-કર્મ સંબંધ થઈ જાય.

## ૫૦. 'નિમિત્તની ઉપેક્ષા કરવી ન જોઈએ પણ નિમિત્ત મેળવવા જોઈએ' એ માન્યતા મિથ્યા છે.

પ્રશ્ન :-'કોઈને પુત્ર થવાનો હતો પણ દસ વર્ષ સુધી વિષય ન ભોગવ્યો અર્થાત્ પુત્ર થવા માટેનું નિમિત્ત ન મેળવ્યું, તેથી પુત્ર ન થયો. માટે આપણે નિમિત્તની ઉપેક્ષા કરવી ન જોઈએ પણ નિમિત્ત મેળવવા જોઈએ, કેમ કે નિમિત્તના રસ્તે ઉપાદાનનું કાર્ય થાય છે'-એ વાત બરાબર છે?

ઉત્તર :-એ વાત મિથ્યા છે. હું નિમિત્ત મેળવું તો કાર્ય થાય એ વાત ખોટી છે, તેમાં એકલી નિમિત્તાધીન દૃષ્ટિ છે. (પુત્ર થવા સંબંધી વાત આગળ આવી ગઈ છે. જુઓ, પેરા-૯) નિમિત્ત ન હતું માટે કાર્ય અટકી ગયું અને હવે નિમિત્ત ભેગું કરું તો કાર્ય થાય -એ વાત ત્રણકાળમાં સાચી નથી. કાર્ય થવાનું ન હોય ત્યારે નિમિત્ત પણ ન હોય અને જ્યારે કાર્ય થાય ત્યારે નિમિત્ત પણ હોય જ. -આ અબાધિત નિયમ છે. પર નિમિત્તોને આત્મા મેળવી શકે એમ

માનવું તે મિથ્યાત્વ છે.

એ રીતે, આત્માને પોતાના કાર્યમાં પરની અપેક્ષા નથી. છતાં 'આપણે નિમિત્તની ઉપેક્ષા કરવી ન જોઈએ' એમ કોઈ માને તો તે જીવ સદાય નિમિત્ત સામે જ જોયા કરશે. એટલે કે તેની દૃષ્ટિ સદાય પર ઉપર જ રહ્યા કરશે, પણ પરની ઉપેક્ષા કરીને સ્વભાવનું નિર્મળ કાર્ય પ્રગટ કરશે નહિ. નિમિત્તના રસ્તે ઉપાદાનનું કાર્ય કદી થતું નથી, પણ ઉપાદાનની કાર્ય થવાની યોગ્યતાથી જ (ઉપાદાનના રસ્તે જ) તેનું કાર્ય થાય છે.

## ૫૧. જિનશાસન નિમિત્તની ઉપેક્ષા કરવાનું કહે છે.

નિમિત્તની ઉપેક્ષા ન કરવી એટલે કે પરદ્રવ્ય સાથેનો સંબંધ ન તોડવો એ વાત જિનશાસનથી વિરુદ્ધ છે. જિનશાસનનું પ્રયોજન પર સાથે સંબંધ કરાવવાનું નથી, પણ પર સાથેનો સંબંધ છોડાવીને વીતરાગભાવ પ્રગટ કરાવવાનું છે. બધાં સત્શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગભાવ છે અને તે વીતરાગભાવ સ્વભાવના લક્ષે બધા પરપદાર્થોથી ઉદાસીનતા કરવાથી જ થાય છે. કોઈ પણ પર લક્ષમાં અટકવું તે શાસ્ત્રનું પ્રયોજન નથી, કેમ કે પરના લક્ષે રાગ થાય છે. નિમિત્ત પણ પરદ્રવ્ય જ છે, તેથી નિમિત્તની અપેક્ષા છોડીને અર્થાત્ તેની ઉપેક્ષા કરીને પોતાના સ્વભાવની અપેક્ષા કરવી તે જ પ્રયોજન છે. 'નિમિત્તની ઉપેક્ષા કરવા જેવી નથી એટલે કે નિમિત્તનું લક્ષ છોડવા જેવું નથી' એવો અભિપ્રાય તે તો મિથ્યાત્વ છે, અને એ મિથ્યા અભિપ્રાય છોડ્યા પછી પણ અસ્થિરતાને કારણે નિમિત્ત ઉપર લક્ષ જાય, તે રાગનું કારણ છે. માટે પોતાના સ્વભાવના આશ્રયે નિમિત્ત વગેરે પરદ્રવ્યોની ઉપેક્ષા કરવી તે યથાર્થ છે.

## ૫૨. મુમુક્ષુ જીવોએ આ વાત સમજવી જોઈએ.

ઉપાદાન-નિમિત્ત સંબંધી આ વાત ખાસ પ્રયોજનભૂત છે. આ



સમજ્યા વગર કદી પણ જીવને બે દ્રવ્યોની એકતાબુદ્ધિ ટળે નહિ ને સ્વભાવની શ્રદ્ધા થાય નહિ. સ્વભાવની શ્રદ્ધા થયા વગર સ્વભાવમાં અભેદતા થાય નહિ, એટલે કે જીવનું કલ્યાણ થાય નહિ. આવો જ વસ્તુસ્વભાવ કેવળજ્ઞાનીઓએ જોયો છે અને સંતો-મુનિઓએ કહ્યો છે. જીવને કલ્યાણ કરવું હોય, તો આ સમજવું પડશે.

રાત્રિ ચર્ચામાંથી (શ્રાવણ વદ ૧, વીર સંવત ૨૪૭૩)

## ૫૩. સમર્થ કારણની વ્યાખ્યા.

પ્રશ્ન :-સમર્થ કારણ કોને કહે છે?

ઉત્તર :-જ્યારે ઉપાદાનમાં કાર્ય થાય છે ત્યારે ઉપાદાન અને નિમિત્ત બંને સાથે હોય છે, તેથી તે બંનેને એકસાથે સમર્થ કારણ કહેવાય છે અને ત્યાં પ્રતિપક્ષી કારણોનો અભાવ હોય જ છે. આથી એમ ન સમજવું કે ઉપાદાનના કાર્યમાં નિમિત્ત કંઈ કરે છે. જ્યારે ઉપાદાનમાં કાર્ય થવાની લાયકાત હોય છે ત્યારે નિમિત્ત હોય જ છે.

પ્રશ્ન :-સમર્થ કારણ તે દ્રવ્ય, ગુણ કે પર્યાય?

ઉત્તર :-વર્તમાન પર્યાય જ સમર્થ કારણ છે. પૂર્વ પર્યાયને વર્તમાન પર્યાયનું ઉપાદાન કારણ કહેવું, તે વ્યવહાર છે. નિશ્ચયથી તો વર્તમાન પર્યાય પોતે જ કારણ ને કાર્ય છે. અને એથી પણ આગળ વધીને કહીએ તો એક પદાર્થમાં કારણ ને કાર્ય એવા બે ભેદ પાડવા તે પણ વ્યવહાર છે. ખરેખર તો દરેક સમયની પર્યાય અહેતુક છે.

## ૫૪. ઉપાદાન કારણની વ્યાખ્યા.

પ્રશ્ન :-માટીને ઘડાનું ઉપાદાન કારણ કહેવાય છે તે બરાબર છે?

ઉત્તર :-ખરેખર ઘડાનું ઉપાદાન કારણ માટી નથી, પણ જે સમયે ઘડો થાય છે તે સમયની અવસ્થા જ પોતે ઉપાદાન કારણ છે. આમ હોવા છતાં માટીને ઘડાનું ઉપાદાન કારણ કહેવાનો હેતુ

એ બતાવવાનો છે કે, ઘડો થવા માટે માટીમાં જેવી સામાન્ય લાયકાત છે તેવી લાયકાત બીજા પદાર્થોમાં નથી. માટીમાં ઘડો થવાની વિશેષ લાયકાત તો જે સમયે ઘડો થયો તે સમયે જ છે, તે પહેલાં તેનામાં ઘડો થવાની વિશેષ લાયકાત નથી. માટે વિશેષ લાયકાત જ ખરું ઉપાદાન કારણ છે. આ વિષયને વધારે સ્પષ્ટ કરવા માટે આ વાત જીવમાં લાગુ પાડીએ. સમ્યગ્દર્શન પ્રગટવાની સામાન્ય લાયકાત તો દરેકે દરેક જીવમાં છે. જીવ સિવાય અન્ય કોઈ દ્રવ્યોમાં તેવી સામાન્ય લાયકાત નથી. સમ્યગ્દર્શન પ્રગટવાની સામાન્ય લાયકાત (-શક્તિ) તો બધા જીવોમાં છે, પણ વિશેષ લાયકાત તો ભવ્ય જીવોમાં જ હોય શકે છે. અભવ્યમાં તેમ જ ભવ્ય જીવ જયાં સુધી મિથ્યાદૃષ્ટિ રહે ત્યાં સુધી તેનામાં પણ સમ્યગ્દર્શનની વિશેષ લાયકાત હોતી નથી. વિશેષ લાયકાત તો જે સમયે જીવ પુરુષાર્થથી સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે સમયે જ હોય છે. સામાન્ય લાયકાત દ્રવ્યરૂપે છે ને વિશેષ લાયકાત પ્રગટરૂપે છે. સામાન્ય લાયકાત કાર્ય પ્રગટવાનું ઉપાદાન કારણ નથી, પણ વિશેષ લાયકાત જ ઉપાદાન કારણ છે.

## ૫૫. ચારિત્રદશા અને વસ્ત્ર સંબંધી ખુલાસો.

પ્રશ્ન :-'ચારિત્રદશા પ્રગટે તેને કારણે વસ્ત્ર છૂટતાં નથી, પણ વસ્ત્રના પરમાણુઓની છૂટવાની લાયકાતથી જ તે છૂટે છે' એમ કહ્યું; પરંતુ કોઈ જીવને ચારિત્રદશા પ્રગટે અને વસ્ત્રની છૂટવાની લાયકાત ન હોય તો સવસ્ત્ર મુક્તિ થઈ જશે?

ઉત્તર :-ત્યાં સવસ્ત્ર મુક્તિ થવાની વાત નથી. ચારિત્રદશાનું સ્વરૂપ જ એવું છે કે ત્યાં વસ્ત્ર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય જ નહિ. તેથી ચારિત્રદશામાં વસ્ત્રનો ત્યાગ સહજપણે હોય છે. વસ્ત્રનો ત્યાગ થાય તે પરમાણુની અવસ્થાની તેવી લાયકાતથી થાય છે, તેનો કર્તા આત્મા નથી.



પ્રશ્ન :-કોઈ મુનિરાજના શરીર ઉપર કોઈ જીવ વસ્ત્ર નાખી જાય તો તે વખતે તેમના ચારિત્રનું શું થાય?

ઉત્તર :-કોઈ બીજો જીવ વસ્ત્ર નાખી જાય, તેથી મુનિના ચારિત્રને બાધા નથી. કેમ કે તે વસ્ત્ર સાથે તેમને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી, પરંતુ ત્યાં તો તે વસ્ત્ર જ્ઞાનનું જ્ઞેય છે એટલે કે જ્ઞેય-જ્ઞાયકપણાનો સંબંધ છે.

## ૫૬. સમ્યક્ નિયતવાદ શું છે?

વસ્તુની પર્યાય ક્રમબદ્ધ છે અર્થાત્ જે પર્યાય જે સમયે થવાની હોય તે સમયે તે જ પર્યાય થાય છે-આવો સમ્યક્ નિયતવાદ જૈનદર્શનનો વાસ્તવિક સ્વભાવ છે, અને એ જ વસ્તુસ્વભાવ છે. 'નિયત' શબ્દ તો શાસ્ત્રમાં ઘણે ઠેકાણે આવે છે, પણ અત્યારે તો શાસ્ત્રો ભણેલા પણ આ સમ્યક્ નિયતવાદની વાત સાંભળીને ગોથાં ખાય છે. તેમને આનો નિર્ણય કરવો કઠણ પડે છે, તેથી કોઈ તેને 'એકાંતવાદ' કહીને ઉડાડે છે. નિયત એટલે નિશ્ચિત, નિયમબદ્ધ. તે એકાંતવાદ નથી, પણ વસ્તુનો યથાર્થ સ્વભાવ છે. તે જ અનેકાંતવાદ છે. સમ્યક્ નિયતવાદનો નિર્ણય કરતી વખતે બહારમાં રાજપાટનો સંયોગ હોય તે છૂટી જ જવો જોઈએ-એવો નિયમ નથી, પણ તેના પ્રત્યે યથાર્થ ઉદાસ ભાવ તો અવશ્ય થઈ જાય છે. બહારના સંયોગમાં તો ફેર પડે કે ન પડે, પણ અંતરના નિર્ણયમાં ફેર પડી જ જાય. અજ્ઞાની જીવ નિયતવાદની વાતો કરે છે, પણ જ્ઞાન અને પુરુષાર્થને સ્વભાવ તરફ વાળીને નિર્ણય કરતો નથી. નિયતવાદનો નિર્ણય કરવામાં જે જ્ઞાન અને પુરુષાર્થ આવે છે તેને જો જીવ ઓળખે તો સ્વભાવ આશ્રિત વીતરાગભાવ પ્રગટે ને પરથી ઉદાસ થઈ જાય. કેમ કે સમ્યક્ નિયતવાદનો નિર્ણય કર્યો એટલે પોતે બધાનો માત્ર જ્ઞાનભાવે જાણનાર-દેખનાર રહ્યો, પણ પરનો કે રાગનો કર્તા ન થયો.

સ્વ ચતુષ્ટયમાં પર ચતુષ્ટયની નાસ્તિ જ છે, તો પછી સ્વ ચતુષ્ટયમાં પર શું કરે? આ નિયતવાદના નિર્ણયમાં તો ઉપાદાન-નિમિત્તનો યથાર્થ નિર્ણય પણ આવી જાય છે, કર્તૃત્વભાવ ઉડી જાય છે, અને વીતરાગદષ્ટિ પૂર્વક વીતરાગી સ્થિરતાની શરૂઆત થઈ જાય છે. અજ્ઞાનીઓ આ નિયતવાદને એકાંતવાદ ને ગૃહીત મિથ્યાત્વ કહે છે, પણ જ્ઞાનીઓ કહે છે કે, આ સમ્યક્‌નિયતવાદ જ અનેકાંતવાદ છે. તેના નિર્ણયમાં જૈનદર્શનનો સાર આવી જાય છે, ને તે કેવળજ્ઞાનનું કારણ છે.

## ૫૭. કોઈ અકસ્માત છે જ નહિ.

પ્રશ્ન :-સમ્યગ્દષ્ટિને અકસ્માત ભય હોતો નથી એનું શું કારણ?

ઉત્તર :-કેમ કે સમ્યગ્દષ્ટિને યથાર્થ નિયતવાદનો નિર્ણય છે કે જગતના બધા પદાર્થોની અવસ્થા તેની લાયકાત પ્રમાણે જ થાય છે. ન થવાનું હોય એવું કાંઈ નવું બનતું જ નથી, માટે કોઈ અકસ્માત છે જ નહિ. આવી નિઃશંક શ્રદ્ધાને લીધે સમ્યગ્દષ્ટિને અકસ્માત ભય હોતો નથી. વસ્તુની પર્યાયો ક્રમસર જ થાય છે. પણ એની અજ્ઞાનીને પ્રતીતિ નથી, તેથી તેને અકસ્માત જેવું લાગે છે.

## ૫૮. નિમિત્ત કોનું? અને ક્યારે?

જો નિમિત્તનું યથાર્થ સ્વરૂપ સમજે તો નિમિત્ત ઉપાદાનમાં કાંઈક કરે છે એ માન્યતા ટળી જાય. કેમ કે જ્યારે કાર્ય થયું ત્યારે તો પરને તેનું નિમિત્ત કહેવાયું છે, અને કાર્ય થયા પહેલાં તો કોઈને તેનું નિમિત્ત પણ કહેવાતું નથી. માટે જે કાર્ય થઈ ગયું છે તેમાં નિમિત્ત શું કરે? અને કાર્ય થયા પહેલાં નિમિત્ત કોનું? કુંભાર કોનું નિમિત્ત છે? જો ઘડારૂપી કાર્ય થાય તો કુંભારને તેનું નિમિત્ત કહેવાય છે, પણ જો ઘડારૂપી કાર્ય જ ન થાય તો કુંભારને તેનું નિમિત્ત પણ કહી શકાય નહિ. ઘડો થયા પહેલાં તો કોઈને 'ઘડાનું નિમિત્ત' કહી શકાય જ નહિ અને જો ઘડો થયો તો ત્યારે જ કુંભારને નિમિત્ત



કહેવાય છે, તો પછી કુંભારે ઘડામાં કાંઈ પણ કર્યું એ વાત સ્વયમેવ અસત્ ઠરે છે.

પ્રશ્ન :-ઉપાદાનમાં કાર્ય ન થાય તો પરદ્રવ્યને નિમિત્ત કહેવાતું નથી એમ ઉપર કહ્યું; પરંતુ 'આ જીવને અનંતવાર ધર્મના નિમિત્તો મળ્યાં છતાં જીવ પોતે ધર્મ સમજ્યો નહિ' એમ કહેવાય છે, તો તેમાં જીવને ધર્મરૂપી કાર્ય થયું નથી છતાં પરદ્રવ્યોને ધર્મના નિમિત્ત તો કહ્યાં છે?

ઉત્તર :-'આ જીવને અનંતવાર ધર્મનાં નિમિત્તો મળ્યાં છતાં જીવ પોતે ધર્મ સમજ્યો નહિ' એમ કહેવાય છે ત્યાં ઉપાદાનમાં (-જીવમાં) ધર્મરૂપી કાર્ય થયું નથી, તેથી ખરેખર તેને માટે તે પદાર્થો ધર્મના નિમિત્ત નથી. પરંતુ જે જીવો ધર્મ પ્રગટ કરે છે તે જીવોને એવા પ્રકારના જ નિમિત્તો હોય છે એવું જ્ઞાન કરાવવા માટે, કાર્ય ન થયું હોવા છતાં સ્થૂળ દષ્ટિએ તેમને નિમિત્ત કહેવામાં આવે છે.

## ૫૯. અનુકૂળ નિમિત્ત.

ઊકળતા તેલમાં હાથ દાઝ્યો ત્યાં હાથને દાઝવામાં ઊકળતું તેલ અનુકૂળ નિમિત્ત છે. ઘડો ફૂટવામાં ધોકો વગેરે અનુકૂળ નિમિત્ત છે. અમુક પદાર્થને અનુકૂળ નિમિત્ત કહ્યું, તેથી તે સિવાયના બીજા પદાર્થો પ્રતિકૂળ છે-એમ ન સમજવું. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અનુકૂળ કે પ્રતિકૂળ તો છે જ નહિ. નિમિત્તને અનુકૂળ કહેવાનો અર્થ એટલો જ છે કે-તે પદાર્થ કાર્ય થતી વખતે સદ્‌ભાવરૂપ હોય છે અને વ્યવહારદષ્ટિએ અનુકૂળતાનો આરોપ તેના ઉપર આવી શકે છે.

## ૬૦. બે પર્યાયોની લાયકાત એક સાથે ન હોય.

એક સમયમાં બે લાયકાત હોતી જ નથી. કેમ કે જે સમયે જેવી લાયકાત હોય છે તે સમયે તેવી પર્યાય પ્રગટ હોય છે, તેથી એક જ વખતે જો બે લાયકાત હોય તો એક સાથે બે પર્યાય પ્રગટ

થઈ જાય. પરંતુ એમ કદી બની શકે નહિ. જે સમયે એક પર્યાય પ્રગટ હોય છે તે સમયે બીજી પર્યાયો થવાની લાયકાત જ હોતી નથી. લોટરૂપે રહેવાની અવસ્થાની લાયકાત વખતે રોટલીરૂપે થવાની અવસ્થાની લાયકાત જ હોતી નથી. તો પછી નિમિત્ત ન મળ્યું માટે રોટલી ન થઈ એ વાતને અવકાશ ક્યાં છે? અને જ્યારે રોટલી થાય છે ત્યારે તે પૂર્વના લોટ પર્યાયનો અભાવ કરીને જ થાય છે, તો પછી બીજાને તેનું કારણ કેમ કહેવાય? બહુ બહુ તો લોટરૂપ પર્યાયનો વ્યય થયો તેને રોટલીરૂપ પર્યાયનું કારણ કહી શકાય.

## ૬૧. 'જીવ પરાધીન છે' એટલે શું?

પ્રશ્ન :-સમયસાર નાટકમાં સ્યાદ્વાદ અધિકારના ૯ મા શ્લોકમાં જીવને પરાધીન કહ્યો છે. શિષ્ય પૂછે છે કે, હે સ્વામી! જીવ સ્વાધીન છે કે પરાધીન? ત્યારે શ્રીગુરુ ઉત્તર આપે છે કે-જીવ દ્રવ્યદૃષ્ટિથી સ્વાધીન છે, ને પર્યાયદૃષ્ટિથી પરાધીન છે-તો ત્યાં જીવને પરાધીન કેમ કહ્યો છે?

ઉત્તર :-જીવ પર્યાયદૃષ્ટિથી પરાધીન છે એટલે કે જીવ પોતે પોતાના સ્વભાવનો આશ્રય છોડીને પર લક્ષે સ્વતંત્રપણે પરાધીન થાય છે, પરંતુ પરદ્રવ્યો કંઈ જીવ ઉપર બળજોરી કરીને તેને પરાધીન કરતા નથી. પરાધીન થાય છે એટલે કે પોતે સ્વતંત્રપણે પરને આધીન થાય છે-પરાધીનપણું માને છે, નહિ કે પર પદાર્થો તેને આધીન કરે છે.

## ૬૨. દ્રવ્યાનુયોગ ને ચરણાનુયોગનો ક્રમ

પ્રશ્ન :-આ ઉપાદાન-નિમિત્તની વાત તો દ્રવ્યાનુયોગની છે. પરંતુ પહેલાં તો જીવ ચરણાનુયોગ અનુસાર શ્રદ્ધા થાય અને તે ચરણાનુયોગ અનુસાર વ્રત-પ્રતિમા વગેરે અંગીકાર કરે, ત્યાર પછી દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાની થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે.-એવી જિનમતની પરિપાટી હોવાનું કેટલાક જીવો માને છે તે બરાબર છે?



ઉત્તર :-ના. એવી જિનમતની પરિપાટી નથી. પરંતુ જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય છે, અને તે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે. માટે સર્વ **પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દૃષ્ટિ થાય અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય.** એ પ્રમાણે મુખ્યપણે તો નીચલી દશામાં જ દ્રવ્યાનુયોગ કાર્યકારી છે તથા ગૌણપણે જેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી ન જણાય તેને પહેલાં કોઈ વ્રતાદિનો ઉપદેશ આપવામાં આવે છે. માટે સર્વે જીવોએ મુખ્યપણે દ્રવ્યાનુયોગ અનુસાર અધ્યાત્મ ઉપદેશનો અભ્યાસ કરવાયોગ્ય છે. એમ જાણી નીચલી દશાવાળાઓએ પણ દ્રવ્યાનુયોગના અભ્યાસથી પરાઙ્મુખ થવું યોગ્ય નથી.

(મોક્ષમાર્ગ પ્રકાશક આઠમો અધિકાર)

❋

# ક્રિયા

( 'પંડિતપ્રવર વીર ટોડરમલ્લજી સ્મૃતિદિન'ના વ્યાખ્યાનમાંથી )

## ક્રિયાની સામાન્ય વ્યાખ્યા

વસ્તુની પર્યાયનું બદલવું તે ક્રિયા છે. દરેક દ્રવ્યની પર્યાય સમયે-સમયે બદલાયા જ કરે છે, માટે દરેક દ્રવ્યની પર્યાય તે જ તેની ક્રિયા છે. દરેક દ્રવ્યની પર્યાય પોતામાં જ થાય છે, પરંતુ એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યમાં થતી નથી. તેથી એક દ્રવ્યની ક્રિયા બીજા દ્રવ્યમાં હોય નહિ, તેમ જ એક દ્રવ્યની ક્રિયા બીજું દ્રવ્ય કરે નહિ.

## ક્રિયાના પ્રકાર

આ જગતમાં જડ અને ચેતન એમ બે પ્રકારના દ્રવ્યો છે. દ્રવ્યની પર્યાય જ તેની ક્રિયા હોવાથી ક્રિયા પણ જડ અને ચેતન એમ બે પ્રકારની છે. જડ દ્રવ્યની અવસ્થા જડની ક્રિયા છે અને ચેતન દ્રવ્યની (-જીવની) અવસ્થા ચેતનની ક્રિયા અર્થાત્ જીવની ક્રિયા છે.

જીવની ક્રિયાના મુખ્ય બે પ્રકાર છે : (૧) રાગાદિ ભાવરૂપ વિકારી ક્રિયા અને (૨) રાગાદિ ભાવરહિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અવિકારી ક્રિયા. વિકારી ક્રિયા બંધનું કારણ છે, તેથી તેને 'બંધની ક્રિયા' પણ કહેવાય છે અને અવિકારી ક્રિયા તે મોક્ષનું કારણ છે, તેથી તેને 'મોક્ષની ક્રિયા' પણ કહેવાય છે.

આ રીતે કુલ ત્રણ પ્રકારની ક્રિયા થઈ : (૧) જડની ક્રિયા, (૨) જીવની વિકારી ક્રિયા અને (૩) જીવની અવિકારી ક્રિયા.

## જડની ક્રિયા

શરીર જડ છે, તેથી તેની દરેક ક્રિયા તે જડની ક્રિયા છે. શરીરનું



હલન-ચલન થવું કે સ્થિર રહેવું તે જડની ક્રિયા છે, માટે તેનો કર્તા જડ પરમાણુ છે, આત્મા તેનો કર્તા નથી. તે જડની ક્રિયા સાથે બંધ કે મોક્ષનો સંબંધ નથી. શરીરની હલન-ચલન થવારૂપ કે સ્થિર રહેવારૂપ દશામાં બંધની કે મોક્ષની ક્રિયા નથી. એટલે કે શરીરની કોઈ પણ ક્રિયાથી આત્માને બંધ કે મોક્ષ, લાભ કે અલાભ, સુખ કે દુઃખ થતાં નથી. કેમ કે શરીરની ક્રિયા તે જડની ક્રિયા છે.

પહેલાં શરીરની અવસ્થા ઘરે રહેવારૂપ હોય અને હલન-ચલન આદિરૂપ હોય, પછી શરીરની અવસ્થા બદલીને ધર્મસ્થાનકમાં સ્થિર રહેવારૂપ થાય. -ત્યાં તે ફેરફારથી અજ્ઞાની ધર્મ માને છે. પરંતુ જડની ક્રિયા બદલી તેનાથી આત્માને ધર્મ નથી, પુણ્ય નથી તેમ જ પાપ પણ નથી. શરીરની માફક પૈસા, વસ્ત્ર કે આહારાદિના સંયોગ-વિયોગ તે પણ જડની ક્રિયા છે, તેનાથી ધર્મ, પુણ્ય કે પાપ થતું નથી. તે કોઈ જડ ક્રિયાનો કર્તા આત્મા નથી.

## વિકારી ક્રિયા

જીવના પર્યાયમાં જે રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપ ભાવ થાય છે તે જીવની વિકારી ક્રિયા છે. આ ક્રિયાને બંધની ક્રિયા પણ કહેવામાં આવે છે. શરીરાદિ જડની ક્રિયાથી વિકારી ક્રિયા થતી નથી અને જીવની વિકારી ક્રિયાથી શરીરાદિ જડની ક્રિયા થતી નથી. રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપ ભાવો આત્માના પર્યાયમાં થાય છે, તેથી આત્માના જ પર્યાયમાં વિકારી ક્રિયા કરવાની યોગ્યતા છે. શરીરની ક્રિયાથી પુણ્ય-પાપ થતા નથી. પુણ્ય-પાપરૂપ વિકારી ક્રિયા બંધનની ક્રિયા છે. તે ક્રિયા વડે આત્માના ગુણની પર્યાય બળે, સંસાર મળે, તે પણ મોક્ષ ન મળે. આ ક્રિયાથી ધર્મ થતો નથી.

## દરેક ક્રિયાની સ્વતંત્રતા

પ્રશ્ન :-પહેલાં જડની ક્રિયા કરે પછી ધર્મ થાયને? જેમ કે,

પહેલાં શરીરને ઘરેથી ધર્મસ્થાનક સુધી લઈ આવે, પછી ધર્મ સાંભળે અને પછી સાચી સમજણથી ધર્મ થાય. એ રીતે જડની ક્રિયા કરવાનું આવ્યું કે નહિ?

ઉત્તર :-જડની ક્રિયા વડે ધર્મ થતો નથી. કેમ કે જડની ક્રિયા આત્મા કરતો જ નથી. તેથી જડની ક્રિયા સાથે આત્માને સંબંધ નથી. ઉપરના દૃષ્ટાંતમાં શરીરની ક્રિયા કરી તે કારણે ધર્મ થયો એમ નથી. 'તત્ત્વ સમજવા જવું છે' એવો શુભભાવ થયો અને ઘરેથી ધર્મસ્થાનકે ગયા ત્યાં નીચે મુજબની ક્રિયાઓ થઈ : (૧) શુભભાવ થયો તે પુણ્ય છે, તે વિકારી ક્રિયા છે. (૨) શરીરનું ક્ષેત્રાંતર થયું તે જડની ક્રિયા છે. (૩) આત્માના પ્રદેશોનું ક્ષેત્રાંતર થયું તે આત્માની વિકારી ક્રિયા છે. (૪) સત્ શ્રવણ પ્રત્યેનું લક્ષ થયું તે શુભભાવરૂપ વિકારી ક્રિયા છે. આ ચાર ક્રિયાઓ થઈ ત્યાં સુધી પણ હજી ધર્મ થયો નથી. ધર્મશ્રવણના લક્ષથી પણ ખસીને સ્વ લક્ષ તરફ ઢળે અને પોતાના શુદ્ધ આત્મસ્વભાવનો મહિમા લાવીને તેનો નિર્ણય કરે તો તે જીવની અવિકારી ક્રિયા છે, અને તે જ ધર્મ છે. જડની ક્રિયા, આત્મપ્રદેશોનું ક્ષેત્રાંતરરૂપ ક્રિયા અને શુભભાવરૂપ વિકારી ક્રિયા-એ બધાથી આ ધર્મની ક્રિયા ભિન્ન છે.

આ જ રીતે, કોઈ જીવને પૈસા કમાવા વગેરેની અશુભ ભાવના થઈ અને શરીરની ક્રિયા પાપ કાર્યોમાં થઈ, તો ત્યાં પણ શરીરની ક્રિયા થઈ તે જડની સ્વતંત્ર ક્રિયા છે, તેનાથી જીવને લાભ કે નુકસાન નથી અને અશુભભાવ થયા તે જીવની વિકારી ક્રિયા છે, તેનાથી જીવને નુકસાન છે. પણ અશુભભાવને કારણે શરીરની ક્રિયા થતી નથી.

અશુભ પરિણામથી પાપ, અને શુભ પરિણામથી પુણ્ય. એ બંનેનો સમાવેશ વિકારી ક્રિયામાં થાય છે અને એ બંને વખતે શરીરની ક્રિયા થાય તે જડની સ્વતંત્ર ક્રિયા છે. મારા પરિણામને કારણે જડની ક્રિયા થઈ એમ કોઈ માને તો તે ખોટું છે અને પુણ્યના પરિણામને કારણે



ધર્મની ક્રિયા થઈ એમ માને તો તે પણ ખોટું છે.

શરીર ધર્મસ્થાનકે બે ઘડી સ્થિર બેઠું તે જડની ક્રિયા છે. તે વખતે અંતરંગમાં જો શુભ પરિણામ હોય તો પુણ્ય છે, અને જો તે વખતે ઘર વગેરે સંબંધી અશુભ વિચાર કરતો હોય તો પાપ છે. પુણ્ય-પાપ બંને વિકાર છે, તેનાથી ધર્મ નથી-એવું જો તે વખતે આત્મભાન વર્તતું હોય તો તેટલે અંશે અવિકારી ધર્મ ક્રિયા છે. તે મોક્ષની ઉત્પત્તિ કરનારી ક્રિયા છે. પુણ્ય-પાપ બંને બંધનની ક્રિયા છે, તે સંસારની ઉત્પત્તિ કરનારી ક્રિયા છે. કોઈ જીવે અશુભ પરિણામ તો છોડ્યા અને જિનેન્દ્રદેવ, નિર્ગ્રંથ ગુરુ અને સત્શાસ્ત્રના લક્ષે શુભરાગ કર્યો, પરંતુ તેમાં ધર્મ માન્યો તો તે જીવ એકાંત બંધનની ક્રિયા જ કરી રહ્યો છે. તેને અધર્મ ક્રિયા જ વર્તે છે, પછી ભલે તે ચાલતો હોય કે સ્થિર હોય, ત્યાગી હોય કે ગૃહસ્થ હોય, ખાતો હોય કે ઉપવાસી હોય.

## અવિકારી ક્રિયા

અવિકારી ક્રિયા એટલે કે ધર્મની ક્રિયા અથવા મુક્તિની ક્રિયા. લોકો બોલે છે કે, ક્રિયાથી ધર્મ થાય. પણ કોની ક્રિયા અને કઈ ક્રિયા? જડની ક્રિયા કે ચેતનની ક્રિયા? અને વિકારી ક્રિયા કે અવિકારી ક્રિયા? જડની ક્રિયા, ચેતનની ક્રિયા, વિકારી ક્રિયા અને અવિકારી ક્રિયા, આ સર્વના સ્વરૂપનું જેને ભાન નથી તે ધર્મની ક્રિયા ક્યાંથી કરશે?

મુક્તિની ક્રિયામાં પર સાથે તો સંબંધ નથી અને પર તરફના વલણથી જે ભાવ થાય છે તેની સાથે પણ સંબંધ નથી. મુક્તિની ક્રિયામાં પર કે વિકાર ઉપર દૃષ્ટિ ન હોય, પરંતુ પરથી અને વિકારથી ભિન્ન પોતાના અસંયોગી, અવિકારી, ત્રિકાળી સ્વભાવ ઉપર દૃષ્ટિ હોય છે. વિકારી ક્રિયા પણ આત્માની વર્તમાન દશા છે અને અવિકારી

ક્રિયા પણ આત્માની વર્તમાન દશા છે. આત્માની જે વર્તમાન દશા સ્વભાવ સાથેનું એકત્વ ચૂકીને પર લક્ષમાં અને પુણ્ય-પાપમાં અટકે છે તે જ વિકારી ક્રિયા છે, તે સંસાર છે, મોક્ષની ઘાતક છે, સુખની ટાળનાર છે અને દુઃખની દાતાર છે. જ્યારે આત્માની જે વર્તમાન દશા પર લક્ષથી ખસીને સ્વલક્ષે પોતાના ત્રિકાળી સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતામાં ટકે છે તે જ અવિકારી ક્રિયા છે, તે ધર્મ છે, મોક્ષની ઉત્પાદક છે, સંસારની ઘાતક છે, સુખની દાતાર છે અને દુઃખની ટાળનાર છે.

વિકારી ક્રિયા કે અવિકારી ક્રિયા-એ બંને એક સમય પૂરતી જીવની અવસ્થા છે, પરંતુ તે બંનેના લક્ષ્યમાં ફેર છે. અવિકારી ક્રિયાનું લક્ષ્ય ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે અને વિકારી ક્રિયાનું લક્ષ્ય પરદ્રવ્ય અને પુણ્ય-પાપ છે. જડનું કરવાની વાત તો બેમાંથી એકેય ક્રિયામાં નથી. જડની ક્રિયા તો આ બંનેથી જુદી સ્વતંત્ર છે. તેનાથી નથી બંધન કે નથી મુક્તિ.

મોક્ષ કોના લક્ષે થાય? અથવા ત્રણ પ્રકારની ક્રિયામાંથી કઈ ક્રિયાથી મોક્ષ થાય? શું જડના લક્ષે મોક્ષ થાય? પુણ્ય-પાપના લક્ષે મોક્ષ થાય? પર દ્રવ્યને છોડવા-મૂકવા એ તો આત્મામાં નથી, તેથી તેના લક્ષે મોક્ષ થાય નહિ. જે પુણ્ય-પાપ થાય છે તે પર લક્ષે થતા હોવાથી વિકાર છે, તેથી તેના લક્ષે પણ મોક્ષ થાય નહિ. એટલે કે જડની ક્રિયાથી અને વિકારી ક્રિયાથી મોક્ષ થાય નહિ. જડની ક્રિયાનો બાહ્ય સંયોગ હોવા છતાં અને પર્યાયમાં ક્ષણિક રાગ-દ્વેષ હોવા છતાં, ‘હું આ જડથી ભિન્ન છું અને મારા શુદ્ધ જ્ઞાનભાવમાં આ રાગ-દ્વેષ નથી’ એવું ભેદજ્ઞાન વર્તે તે શરૂઆતની ધર્મની ક્રિયા છે, અને પછી શુદ્ધ જ્ઞાતાભાવમાં સ્થિરતા કરતાં રાગ-દ્વેષ ટળતાં જાય છે. એ રીતે ધર્મની ક્રિયાના જોરે વિકારની ક્રિયાનો નાશ થાય છે.

(૧) પેટમાં આહાર પડ્યો કે ન પડ્યો તે જડની ક્રિયા છે. 



તેમાં નથી પાપ કે નથી પુણ્ય કે નથી ધર્મ. (૨) પેટમાં આહાર ન પડ્યો તે વખતે જીવને જો અણગમો લાગે કે ‘ઉપવાસ તો કર્યો પણ કાલ જેવી આજે મજા ન પડી’ તો તેને અશુભ પરિણામ છે અને તે પરિણામથી પાપબંધન છે. (૩) તે વખતે જો મંદ કષાય રાખે તો શુભ પરિણામ છે અને તે પરિણામથી પુણ્યબંધન છે. (૪) તે વખતે આહારનું, શરીરનું અને પુણ્ય-પાપનું લક્ષ છોડીને પોતાના ત્રિકાળી આત્મસ્વભાવની ઓળખાણપૂર્વક તેમાં સ્થિર થાય, અનુભવમાં એકાગ્ર થાય તો તે ધર્મ છે. આ ચાર પ્રકારમાં નંબર (૧) જડની ક્રિયા છે, નંબર (૨) તથા (૩) વિકારની ક્રિયા છે અને નંબર (૪) ધર્મની ક્રિયા અથવા અવિકારી ક્રિયા છે.

શરીર સ્થિર રહે તે જડની ક્રિયા છે. તે જડની ક્રિયા ઉપરથી આત્માનું માપ કાઢે તે અજ્ઞાની છે. જડ શરીરની ક્રિયા સ્થિર રહેવારૂપ થઈ, પરંતુ તે વખતે આત્માની ક્રિયા કેવા પ્રકારની થઈ તેના ભાન વિના ધર્મનું માપ ક્યાંથી કાઢશે? ધર્મની ક્રિયા શરીરમાં થાય કે આત્મામાં? જેની ભૂમિકામાં ધર્મની ક્રિયા થાય છે એવા આત્મસ્વભાવનું જેને ભાન નથી તે ધર્મની ક્રિયા ક્યાં કરશે? માટે સૌથી પહેલાં આત્માના સ્વરૂપની સમજણ કરવી તે જ શરૂઆતની ધર્મની ક્રિયા છે. એ સિવાય બીજી કોઈ ક્રિયા ધર્મની નથી.

## ક્રિયાનું સ્થાપન અને ઉત્થાપન

૧. શરીરની ક્રિયા તે પુદ્‌ગલ પરમાણુઓની અવસ્થા છે અને પરમાણુઓ સ્વતંત્રપણે પરિણમે છે અર્થાત્ શરીરની અવસ્થારૂપ થાય છે. આત્મા તેનો ખરેખર કર્તા નથી. -એમ જ્ઞાનીઓ જ શરીરની ક્રિયાને જેમ છે તેમ સ્થાપે છે.

૨. પુણ્ય ક્રિયા તે જીવનો વિકારી ભાવ છે. તે ક્રિયાથી આત્માનો અવિકારી ધર્મ પ્રગટે નહિ તેમ જ તે ક્રિયા ધર્મમાં મદદ પણ કરે

નહિ. -એમ જ્ઞાનીઓ જ પુણ્ય ક્રિયાને પુણ્યની ક્રિયા તરીકે સ્થાપે છે.

૩. આત્માની અવિકારી ક્રિયા તે ધર્મ છે. તે ક્રિયા આત્માના જ અવલંબને પ્રગટે છે, તેમાં કોઈ બીજાનું અવલંબન નથી તેમ જ પુણ્યની ક્રિયાથી તે અવિકારી ક્રિયા પ્રગટતી નથી. -એમ જ્ઞાનીઓ જ અવિકારી ક્રિયાને બરાબર સ્થાપે છે.

૧. શરીરની ક્રિયા આત્માથી થાય છે, પણ એની મેળે સ્વતંત્ર થતી નથી.,એમ માનીને અજ્ઞાનીઓ જ શરીરની સ્વતંત્ર ક્રિયાને ઉત્થાપે છે. કેમ કે તેઓ પુદ્ગલ પરમાણુઓની સ્વતંત્ર ક્રિયાને સ્થાપતા નથી.

૨. પુણ્યની ક્રિયાથી અર્થાત્ શુભરાગરૂપ વિકારી ક્રિયાથી ધર્મ થાય અથવા તો તે કરતાં-કરતાં ધર્મ થાય. -એમ માનીને અજ્ઞાનીઓ જ પુણ્યની ક્રિયાને ઉત્થાપે છે. કેમ કે પુણ્ય વિકારી ક્રિયા છે, છતાં તેઓ વિકારી ક્રિયાને વિકારી ક્રિયા તરીકે સ્થાપતા નથી.

૩. આત્માની અવિકારી ક્રિયા પુણ્ય કરતાં-કરતાં થાય અથવા તો કંઈક પરાવલંબન જોઈએ. -એમ માનીને અજ્ઞાનીઓ જ અવિકારી ક્રિયાને ઉત્થાપે છે. કેમ કે પુણ્યની અપેક્ષા રહિત નિરાવલંબી અવિકારી ક્રિયા છે તેને તેઓ સ્થાપતા નથી.

❋

## વ્યવહારનયના પક્ષના સૂક્ષ્મ આશયનું સ્વરૂપ અને તેને ટાળવાનો ઉપાય

(પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું વ્યાખ્યાન.)

કારતક સુદ ૭, વીર સંવત ૨૪૭૨

અનંત પ્રાણીઓને અનંત કાળથી પોતાના નિશ્ચય સ્વભાવનું માહાત્મ્ય ન આવવાથી રાગ અને વિકલ્પનો સૂક્ષ્મ પક્ષ રહી જાય છે. તે વ્યવહારનો સૂક્ષ્મ પક્ષ કઈ રીતે છે તેનું સ્વરૂપ કહેવાશે. ધ્યાન રાખીને સમજજો.

જીવને જ્ઞાનમાં પરવસ્તુ, વિકલ્પ તેમ જ આત્માનો સ્વભાવ પણ જણાય છે. તેના ખ્યાલમાં એમ તો આવે છે કે, આત્મા વસ્તુ રાગ કે પરવસ્તુ જેટલી નથી; આમ ખ્યાલમાં આવવા છતાં રાગમાં આત્માનું વીર્ય અટકી જાય તો વ્યવહારનયનો પક્ષ રહે છે. આત્માના વીર્યને પર તરફના વલણથી જુદું પાડી, જે શુભરાગનું લક્ષ થાય તે શુભરાગ ઉપર પણ લક્ષ ન આપતાં, અર્થાત્ વીર્યને સ્વભાવના જ્ઞાન વડે તે શુભભાવમાં ન અટકાવતાં, તે શુભભાવથી પણ જુદા એવા આત્મસ્વભાવ તરફ વાળે છે, તો તે જીવ નિશ્ચયનયના આશ્રયે વ્યવહારનયનો નિષેધ કરે છે.

આત્મા વર્તમાનમાં જ જ્ઞાનાદિ અનંત સ્વભાવગુણનો પિંડ છે; તેની વર્તમાન અવસ્થામાં અશુભભાવ થાય છે તેને છોડવાનું તો જીવને મન થાય છે, કેમ કે એમાં અશુભ ઉપરથી શુભમાં વીર્યને જોડવું તે તો વર્તમાન પૂરતું જ વીર્યનું કાર્ય છે. નગ્ન દિગંબર જૈનનો સાધુ

થઈને પંચ મહાવ્રતનો શુભ રાગ પાળવા છતાં તેમ જ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરીને તેમની કહેલી વાત ખ્યાલમાં આવવા છતાં સમ્યગ્દર્શનના અભાવને લીધે જીવને સૂક્ષ્મપણે વ્યવહારની પક્કડ રહી જાય છે.

જ્ઞાનમાં શુભભાવ અને અશુભભાવ,બંનેનો ખ્યાલ કરીને જીવ અશુભભાવમાંથી શુભભાવમાં તો વીર્યને ફેરવી નાખે છે, પરંતુ તે વર્તમાન પૂરતા શુભરાગમાં વીર્યનું જે વજન છે તે જો ઉપાડીને સ્વભાવ તરફ ઢાળે તો વ્યવહારનો પક્ષ છૂટે. આત્માના સ્વભાવમાં વિકાર નથી, વિકાર ક્ષણિક છે અને પર પદાર્થો જુદાં છે એમ તો ખ્યાલમાં લીધું એટલે કે (૧) શરીર વગેરે પર વસ્તુ તો હું નહિ એમ જ્ઞાનમાં ધાર્યું, (૨) કર્મ જડ છે તે આત્માથી જુદા છે એમ શાસ્ત્રથી ખ્યાલમાં લીધું અને (૩) અશુભભાવ થાય તેને અવસ્થાના લક્ષમાં રહી-રહીને ફેરવ્યો-અવસ્થા દૃષ્ટિમાં જ રહી-રહીને અવસ્થામાં અશુભને ફેરવીને શુભ કર્યા. શુભભાવ, અશુભભાવ અને શુભાશુભભાવ રહિત આત્મસ્વભાવ તેને સર્વેને ખ્યાલમાં તો લીધા તેમ જ અશુભભાવ થાય તેને આત્મવીર્ય વડે છોડીને શુભભાવ કર્યા, પરંતુ સ્વભાવ તરફ પુરુષાર્થનું જોર જવું જોઈએ તેને બદલે વર્તમાન શુભભાવ ઉપર જ તેના પુરુષાર્થનું વજન અટકી રહ્યું - તેથી નિશ્ચયનો આશ્રય થયો નહિ અને વ્યવહારનો પક્ષ ગયો નહિ.

જીવને જ્ઞાનમાં પર વસ્તુઓ, શુભભાવ તેમ જ અશુભભાવ કોને કહેવાં તે અને શુભાશુભભાવથી રહિત આત્મસ્વભાવ છે તે ખ્યાલમાં આવવા છતાં વીર્યનું વજન તે શુભભાવ તરફથી છૂટીને સ્વભાવ તરફ ન જાય તો તે જીવને નિશ્ચયનયનો વિષય જે આત્મસ્વભાવ છે તે રુચિકર થયો નથી. એટલે તેનું વીર્ય સ્વભાવ તરફ જતું નથી, પણ વ્યવહારમાં જ અટક્યું છે.

અશુભમાંથી શુભભાવ કરવો તેમાં વીર્ય વર્તમાન પૂરતું છે, અને



શુભ-અશુભભાવ રહિત સ્વભાવની રુચિના વીર્યનું ત્રિકાળી જોર છે. સ્વભાવની રુચિના ત્રિકાળી જોરમાં શુભભાવના વલણમાંથી વીર્ય છૂટીને સ્વભાવના માહાત્મ્યમાં વીર્યનું જોર આવતાં, ત્રિકાળીની દૃષ્ટિથી સહજ જ વર્તમાન પૂરતો વ્યવહારનો નિષેધ થઈ જાય છે. ત્યાં 'નિષેધ કરું' એવો વિકલ્પ હોતો નથી. આ રીતે નિશ્ચયનય વ્યવહારનયનો નિષેધ કરે છે.

જાણવામા 'રાગ મારું સ્વરૂપ નથી' એમ વ્યવહારનયનો નિષેધ કરવો તે પણ રાગ છે. 'હું જીવ છું, વિકાર મારું સ્વરૂપ નથી' એ પ્રકારે નવ તત્ત્વાદિકના વિચારના વર્તમાન પૂરતા ભાવ ઉપર જે વીર્યનું વજન અટકે, પરંતુ સ્વભાવથી પરાઙ્મુખ વલણથી છૂટીને અંતર સ્વભાવમાં વળવા માટે કામ ન કરે, તો તે વલણ વ્યવહારની જ રુચિમાં અટક્યું છે, પણ નિશ્ચય સ્વભાવ તરફ ઢળ્યું નથી અને જે વીર્યનું વલણ નિશ્ચય સ્વભાવમાં ઢળે છે તો તે વીર્યમાં વર્તમાનનું વલણ 'વ્યવહારનો પક્ષ' છૂટી જ જાય છે. માટે અનંત તીર્થંકર ભગવંતોએ નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ કહ્યો છે.

અભવ્ય અને ભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવ બહુ તો અશુભરાગ છોડી વૈરાગ્ય (શુભરાગ) સુધી આવે છે, પણ આ વૈરાગ્યનો શુભરાગ વર્તમાન પૂરતો છે. ત્યાં, વર્તમાન શુભરાગ ઉપર જ્ઞાનનું લક્ષ ટકાવવા કરતાં ત્રિકાળી સ્વભાવ ઉપર જ્ઞાનનું લક્ષ ટકાવી રાખું, એમ સ્વભાવ તરફ વીર્યનું જોર ન કરે ત્યાં સુધી નિશ્ચયનો આશ્રય થતો નથી અને નિશ્ચયના આશ્રય વગર વ્યવહારનો પક્ષ છૂટતો નથી.

વ્યવહારનો આશ્રય તો જેની કદી મુક્તિ થવાની નથી એવો અભવ્ય જીવ પણ કરે છે. માટે નિશ્ચયના આશ્રયે જ મુક્તિ થાય છે. તેથી નિશ્ચયનય વડે વ્યવહારનય નિષેધ કરવા યોગ્ય જ છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે એનો જ્ઞાનમાં ખ્યાલ આવે

છે તેમ જ પંચમહાવ્રતાદિના વિકલ્પરૂપ વ્યવહાર આવ્યો તેને પણ જ્ઞાન જાણે તો છે, પરંતુ તે રાગરૂપ વ્યવહારથી નિશ્ચય સ્વભાવનું અધિકપણું (-જુદાપણું) જ્યાં સુધી દૃષ્ટિમાં ન બેસે ત્યાં સુધી નિશ્ચય સ્વભાવમાં વીર્યનું જોર ઠરે નહિ અને નિશ્ચય સ્વભાવના આશ્રય વગર નિશ્ચય સમકિત થાય નહિ તથા નિશ્ચય સમકિત વગર વ્યવહારનયનો નિષેધ થાય નહિ; આ રીતે જીવને વ્યવહારનયનો સૂક્ષ્મ પક્ષ રહી જાય છે.

'રાગ તે વર્તમાન પૂરતો વિકાર છે, અવસ્થાએ-અવસ્થાએ તે રાગ બદલતો જાય છે અને તે વિકાર પાછળ નિર્વિકાર સ્વભાવને ધરનારું દ્રવ્ય કાયમ છે.' આમ જીવને વિકલ્પ વડે તો ખ્યાલમાં આવે છે, પણ જ્યાં સુધી ત્રિકાળી સ્વભાવમાં વીર્યને ઢાળીને અરાગી નિશ્ચય સ્વભાવનું જોર ન આવે ત્યાં સુધી વ્યવહારનયનો નિષેધ થાય નહિ અને વ્યવહારનયના નિષેધ વગર સમ્યગ્દર્શન થાય નહિ.

અજ્ઞાનીને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ અભિપ્રાય રહી જાય છે, તે કેવળીગમ્ય છે. છદ્મસ્થને તે કદાચ દૃષ્ટિગોચર નથી પણ હોતો. તે અભિપ્રાય કેવા પ્રકારે રહી જાય છે તે સંબંધી કથન ચાલે છે.

આત્મા તદ્દન જ્ઞાન સ્વભાવી, એકલો જ્ઞાયક, શાંત સ્વરૂપી છે. આવા સ્વભાવને જાણવા છતાં તેમ જ રાગનો ખ્યાલ આવવા છતાં સ્વભાવ -તરફ વીર્ય ઢળીને અંતરથી તે વાત બેસતી નથી, એટલે વીર્ય બહારમાં અટકી જાય છે. 'બહિર્મુખભાવ જેટલો હું નહિ' એમ જો સ્વભાવમાં બેસે તો તેનું વીર્ય રાગથી અધિક થઈને નિશ્ચય સ્વભાવમાં ઢળે અને નિશ્ચય સ્વભાવમાં વીર્ય ઢળ્યું તે જ વ્યવહારનયનો નિષેધ છે.

અભવ્ય જીવોને તેમ જ બીજા મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવોને સ્વભાવનો ખ્યાલ આવવા છતાં તેઓને સ્વભાવનું માહાત્મ્ય નથી જ આવતું. 'ખ્યાલમાં આવે છે' એનો અર્થ અહીં સમ્યગ્જ્ઞાનમાં ખ્યાલ આવવાની



વાત નથી, પણ જ્ઞાનાવરણના ક્ષયોપશમના ઉઘાડમાં આ વાતનો ખ્યાલ આવે છે. અગિયાર અંગના જ્ઞાનમાં બધી વાત ખ્યાલમાં આવે છે કે આત્માનો સ્વભાવ ત્રિકાળ છે-રાગ ક્ષણિક છે. આમ ખ્યાલમાં આવે છે, -પણ-રુચિનું-વીર્ય શુભભાવ તરફથી ખસતું નથી. ઊંડે-ઊંડે સ્વભાવની માહાત્મ્ય દશામાં વીર્યને વાળવું જોઈએ તે પોતે કરતો નથી, તેથી વ્યવહારનયનો પક્ષ રહી જાય છે.

અહીં અભવ્યની વાત તો દૃષ્ટાંત તરીકે છે, પરંતુ બધા મિથ્યાદૃષ્ટિ જીવો ક્યાંક વ્યવહારનયના પક્ષમાં અટક્યા છે, તેથી જ નિશ્ચય સમ્યગ્દર્શન તેમને થતું નથી. જૈન સાધુ થઈને અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનીને તેઓ શું કહે છે તે ખ્યાલમાં પણ લીધું, પરંતુ વર્તમાન પૂરતા વલણથી (અવસ્થાના લક્ષમાં ટકીને) જ તેનું વીર્ય જોર કરે છે. તે વીર્યને વર્તમાનથી ખસેડીને ત્રિકાળી સ્વભાવ તરફના વલણના જોરમાં વાળતો નથી અને વર્તમાન પર્યાયને વર્તમાન ઉપરથી ખસેડીને ત્રિકાળી સ્વભાવ તરફ વાળ્યા વગર સમ્યગ્દર્શન થતું નથી. માટે સર્વજ્ઞ ભગવાને સદાય નિશ્ચયનયના આશ્રયથી વ્યવહારનયનો નિષેધ કહ્યો છે.

જીવને અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, વગેરે શુભરાગરૂપ વ્યવહારનયનો પક્ષ છે-વર્તમાન પૂરતા ભાવનો આગ્રહ છે-તેને બદલે ત્રિકાળી સ્વભાવ તરફ તેના વીર્યનું જોર હોવું જોઈએ, તો નિશ્ચયનો આશ્રય થાય. પરંતુ ત્રિકાળી સ્વભાવ તરફ તેના વીર્યનું જોર નથી એટલે વીર્ય પરમાં (પરાશ્રિત વ્યવહારમાં) જ અટકી જાય છે.

બહારના ત્યાગ કે વર્તન ઉપર સમ્યગ્દર્શન નથી, પણ નિશ્ચય સ્વભાવના આશ્રયથી સમ્યગ્દર્શન છે. જીવ જો સ્વભાવ તરફની રુચિમાં વીર્યનું જોર નથી કરતો તો તેને વ્યવહારનયનો પક્ષ છૂટતો નથી અને સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન અંતરના સ્વભાવની ચીજ છે.

જીવને ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન પર્યાય એ બંને પડખાંનો

ખ્યાલ આવવા છતાં ત્રિકાળી સ્વભાવની રુચિ તરફ ઢળતો નથી, પણ વર્તમાન પર્યાયની રુચિ તરફ ઢળે છે. 'આ સ્વભાવ છે, આ સ્વભાવ છે' એમ જો સ્વભાવની રુચિમાં વલણ કરે તો વર્તમાન પર્યાય ઉપરનું જોર તુરત જ છૂટી જાય, પણ ત્રિકાળી સ્વભાવને 'આ-છે' એમ રુચિમાં લેવાને બદલે વર્તમાન શુભરાગમાં 'આ રાગ છે' એમ વર્તમાન પર્યાય ઉપર તેનું વજન રહે છે. તેથી અંતરમાં એકલા ત્રિકાળી જ્ઞાયક સ્વભાવમાં તેના વીર્યનું વલણ અંતર પરિણમતું નથી અને એટલે નિશ્ચયનો આશ્રય થતો નથી અને વ્યવહારનયનો પક્ષ છૂટતો નથી. વ્યવહારનયનો પક્ષ તે મિથ્યાત્વ છે.

આત્માનું જે વીર્ય કાર્ય કરે છે તે તો અવસ્થારૂપ (-વર્તમાન) જ છે, પરંતુ તે વર્તમાન વીર્યને વર્તમાનના લક્ષ ઉપર (-અવસ્થાદૃષ્ટિમાં) જ ટકાવે, પરંતુ ત્રિકાળી અંતર સ્વભાવ તરફ તેના જોરને ન લગાવે તો વિકલ્પ ટળે નહિ અને સમ્યગ્દર્શન થાય નહિ.

દરેક જીવને વર્તમાન અવસ્થામાં વીર્યનું કાર્ય તો થયા જ કરે છે, પણ તે વીર્યને ક્યાં સ્થાપવું તેનું ભાન નહિ હોવાથી જીવને વ્યવહારનયનો પક્ષ છૂટતો નથી. 'હું એક જ્ઞાયકભાવ છું, વર્તમાન અવસ્થા જેટલો હું નથી, પણ તેનાથી અધિક ત્રિકાળ સામર્થ્યનો પિંડ છું.' આમ પોતાના નિશ્ચય સ્વભાવની રુચિના જોરમાં વીર્યને સ્થાપવું જોઈએ-એકાગ્ર કરવું જોઈએ. જો નિશ્ચયસ્વભાવ તરફની રુચિના જોરમાં વીર્યને ન જોડે તો તે વીર્ય વ્યવહારનયના પક્ષમાં જોડાય છે, એટલે તેને વ્યવહારનયનો સૂક્ષ્મ પક્ષ છૂટતો નથી.

જ્યારે વ્યવહારનયના પક્ષથી છૂટીને વીર્યમાં જ્ઞાયક સ્વભાવનું વજન કર્યું ત્યારે પણ વ્યવહારનું જ્ઞાન તો (ગૌણપણે) રહે છે, કાંઈ તેનું જ્ઞાન છૂટી જતું નથી. કેમ કે તે તો સમ્યગ્જ્ઞાનનો અંશ છે. વ્યવહારનું જ્ઞાન છૂટીને નિશ્ચય સ્વભાવની દૃષ્ટિ થતી નથી. સમ્યગ્દર્શન થતાં વ્યવહારનું જ્ઞાન તો રહે છે, પરંતુ દૃષ્ટિ તેના ઉપરથી ઊઠીને



સ્વભાવ તરફ એકાગ્ર થાય છે. આ રીતે, નિશ્ચય સ્વભાવના આશ્રય વખતે વ્યવહારનયનો પક્ષ છૂટી જતો હોવા છતાં, જ્ઞાન તો સમ્યગ્જ્ઞાનરૂપ અનેકાંત જ રહે છે, પરંતુ જ્યારે જ્ઞાન સર્વથા વ્યવહાર તરફ ઢળે છે ત્યારે નિશ્ચયનયનો આશ્રય જરા પણ નહિ હોવાથી તે વ્યવહારનયના પક્ષવાળું જ્ઞાન મિથ્યારૂપ એકાંત છે. સમ્યગ્દર્શન થયા પછી નિશ્ચય સ્વભાવનો આશ્રય થયો હોવા છતાં, જ્યાં સુધી અપૂર્ણ ભૂમિકા છે ત્યાં સુધી વ્યવહાર રહે છે ખરો, પરંતુ નિશ્ચયનયાશ્રિત જીવને તે તરફ આસક્તિ નથી, વીર્યનું જોર વ્યવહાર તરફ ઢળતું નથી.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ, નવ તત્ત્વનું જ્ઞાન, બ્રહ્મચર્યનું પાલન, પૂજા, વ્રત, તપ, ભક્તિ, વગેરે કરવા છતાં જીવને મિથ્યાત્વ કેમ રહી જાય છે? કેમ કે જીવ 'આ વર્તમાન પરિણામ જ હું છું અને તેનાથી જ મને લાભ છે' એમ વર્તમાન પર્યાય ઉપર જ લક્ષને ટકાવીને ત્યાં અટકી ગયો, પરંતુ ત્રિકાળી એકરૂપ નિરપેક્ષ સ્વભાવ તરફ ન વળ્યો. તેથી જ મિથ્યાત્વ રહી ગયું છે. જો જીવ વર્તમાન પર્યાય ઉપરના લક્ષને છોડીને ત્રિકાળી સ્વભાવને લક્ષમાં લે તો તે સમ્યગ્દૃષ્ટિ થાય, કેમ કે સમ્યગ્દર્શનનો આધાર (આશ્રયભૂત વસ્તુ) ત્રિકાળી સ્વભાવ છે. વર્તમાન વર્તતા પર્યાયના આધારે સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી.

નિશ્ચય-અખંડ અભેદ સ્વભાવ તરફ ઢળતાં વચ્ચે જે વિકલ્પાદિરૂપ વ્યવહાર આવે છે તેને માટે ખેદ જોઈએ. એને બદલે તેની જે હોંશ કરે છે તેને સ્વભાવનો આદર ટળી જાય છે-એટલે તે મિથ્યાત્વી જ રહે છે. નિશ્ચય સ્વભાવ તરફના વીર્યનો ઉલ્લાસ થવાને બદલે વ્યવહારમાં જેનું વીર્ય ઉલ્લસિત થાય છે તેને સ્વભાવ તરફનું ઉલ્લસિતપણું નથી. તેનું વીર્ય પરાવલંબનમાં પડ્યું છે, તેથી તે જીવને વ્યવહારનયનો પક્ષ ખસતો નથી.

વ્યવહારની રુચિવાળો જીવ ભગવાનના દિવ્ય ધ્વનિનો ઉપદેશ

સાંભળીને તેમાંથી પણ વ્યવહારની જ રુચિને પોષે છે. 'ભગવાનની વાણીમાં નિશ્ચય સ્વભાવનો અને વ્યવહારનો-બંનેનો મેળ કર્યો-અર્થાત્ બંને નયોને સરખી હદે રાખ્યા છે' એમ માનીને તે અજ્ઞાની જીવ પોતાની વ્યવહારનયની પક્કડને દૃઢ કરે છે, પરંતુ ભગવાનની વાણી તો નિશ્ચય સ્વભાવનો આશ્રય કરીને વ્યવહારનયનો નિષેધ કરવાનું કહે છે. એ રીતે નિશ્ચયનય અને વ્યવહારનય એ બંનેનો દુમેળ (પરસ્પર વિરોધ) વર્તે છે તેને તે જાણતો નથી. તે સ્વભાવની રુચિ કરતો નથી અર્થાત્ વ્યવહારનયનો નિષેધ કરીને નિશ્ચય સ્વભાવમાં વીર્યને ઉલ્લસિત કરતો નથી. નિશ્ચય સ્વભાવના આશ્રયનો ઉલ્લાસ નહિ હોવાથી જે વ્યવહાર આવે છે તેનો ખેદ થવાને બદલે 'વ્યવહાર આવે તો ખરોને?' એમ વ્યવહારની ઊંડી સૂક્ષ્મ મીઠાશ મિથ્યાદૃષ્ટિને રહે છે, તેથી પોતાના સ્વભાવમાં ઉલ્લાસ લાવીને સમ્યગ્દૃષ્ટિ થઈ શકતો નથી.

પ્રશ્નઃ-આમાં એકાંત નિશ્ચય નથી થઈ જતો?

ઉત્તરઃ-ના. આમાં જ સાચું અનેકાન્ત છે. નિશ્ચય સ્વભાવને અને રાગને-બંનેને જાણીને જ્યારે વીર્યના જોરને નિશ્ચય સ્વભાવમાં લાવવું છે ત્યારે જ્ઞાનમાં ગૌણપણે ખ્યાલ તો છે કે અવસ્થામાં વિકાર થાય છે. સ્વભાવમાં ઢળનાર જીવ અવસ્થાથી પોતાને કેવળજ્ઞાની માનતો નથી. આ રીતે જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહાર બંનેને જાણીને નિશ્ચયનો આશ્રય અને વ્યવહારનો નિષેધ કર્યો તે જ અનેકાંતપણું થયું. બંને પક્ષ જાણીને એકમાં આરૂઢ થયો અને બીજામાં અનારૂઢ થયો એટલે કે નિશ્ચયમાં ઢળ્યો અને વ્યવહારને છોડ્યો તે અનેકાંત છે. પરંતુ નિશ્ચય અને વ્યવહાર-બંને આશ્રય કરવા જેવા માને તો તે એકાંત છે. (બે નયો પરસ્પર વિરોધરૂપ છે, તેથી બે નયોનો આશ્રય હોઈ શકતો નથી; જીવ જ્યારે નિશ્ચયનો આશ્રય કરે ત્યારે તેને વ્યવહારનો આશ્રય છૂટી જાય છે, અને જ્યારે વ્યવહારના આશ્રયમાં અટકે ત્યારે તેને નિશ્ચયનો આશ્રય હોતો નથી; આમ હોવાને લીધે જેઓ બંને નયોને આશ્રય



કરવા જેવા માને છે તેઓ બંને નયોને એકમેક માનતા હોવાથી એકાંતવાદી છે.) રાગ તો સમ્યગ્દર્શનમાં મદદ ન કરે, પરંતુ 'રાગ મને મદદ ન કરે' એવો વિકલ્પ પણ સમકિતમાં મદદ ન કરે-માટે, રાગથી છૂટીને જ્યારે સ્વભાવ તરફ ઢળ્યો ત્યારે મુખ્ય સ્વભાવની (નિશ્ચયની) દૃષ્ટિ થઈ અને અવસ્થા ગૌણ થઈ ગઈ. આમ, નિશ્ચયને મુખ્ય અને વ્યવહારને ગૌણ કર્યા છે તેથી જ તેને 'નય' કહેવાય છે.

જેને વ્યવહારનો પક્ષ છે તે જીવ તો એકાંત વ્યવહારમાં ઢળ્યો છે, એટલે તેણે નિશ્ચય સ્વભાવનો તિરસ્કાર કર્યો છે. એકલા વર્તમાન પર્યાય તરફના વલણમાં એટલું બધું જોર નથી કે વિકલ્પને તોડીને સ્વભાવનું દર્શન કરાવે. જો દૃષ્ટિમાં એકલા નિશ્ચય સ્વભાવનું વજન ન આવે તો વ્યવહારને ગૌણ કરી સ્વભાવ તરફ વળી શકે નહિ અને સમ્યગ્દર્શન થાય નહિ. જો વર્તમાન ચાલતા વિકારભાવ તરફનું જોર તોડીને સ્વભાવ તરફ જોર આપે તો તે અવસ્થામાં સ્વભાવરૂપી કાર્ય આવે. જ્ઞાન અને વીર્યની દૃઢતા સ્વભાવ તરફ ઢળે તે નિશ્ચયની મુખ્યતા થઈ અને રાગાદિ વિકલ્પને જાણવા છતાં પણ તે તરફ ઢળે નહિ-તેને મુખ્ય ન કર્યા-તે જ વ્યવહારનો નિષેધ થયો. ત્યાં પણ વ્યવહારનું જ્ઞાન તો છે, અને તે જ્ઞાનમાં વ્યવહારની ગૌણતા વર્તે છે.

જ્ઞાન અને વીર્યના જોરમાં જે સ્વભાવ તરફની મુખ્યતા થઈ તે મુખ્યતાનું જોર ઠેઠ વીતરાગતા અને કેવળજ્ઞાન થતાં સુધી રહેશે. વચ્ચે ભલે વ્યવહાર આવશે ખરો, પરંતુ ક્યારેય તેની મુખ્યતા નહિ થાય. છઠ્ઠી ભૂમિકા સુધી બુદ્ધિપૂર્વકનો રાગ રહેશે, છતાં દૃષ્ટિમાં કદી રાગની મુખ્યતા નહિ થાય. ત્રિકાળી સ્વભાવ એ જ મુખ્ય છે, એટલે દૃષ્ટિના જોરથી તે નિશ્ચય સ્વભાવ તરફ ઢળતાં-ઢળતાં અને રાગરૂપ વ્યવહારને તોડતાં-તોડતાં સંપૂર્ણ વીતરાગતા અને કેવળજ્ઞાન થઈ જશે. કેવળજ્ઞાન થયા પછી સંપૂર્ણ નયપક્ષનો જ્ઞાતા છે, ત્યાં કાંઈ પણ મુખ્ય-ગૌણપણું રહેતું નથી, વિકલ્પ નથી.

આ તો નવ તત્ત્વની શ્રદ્ધા ને અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં જીવને સમ્યગ્દર્શન કેમ અટકે છે-તે બતાવે છે. ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન પર્યાય એ બંનેને જ્ઞાનના ક્ષયોપશમથી જાણ્યાં ખરાં, પરંતુ વર્તમાન પર્યાયની પક્કડવાળો ત્રિકાળી સ્વભાવમાં ઢળી શકતો નથી અને ત્રિકાળી સ્વભાવ તરફના વજનવાળો પહેલાં બંનેનો ખ્યાલ કરીને સ્વભાવમાં ઢળે છે. જેણે સ્વભાવની દૃઢતા કરી તેણે વ્યવહારને મોળો પાડી દીધો. હજી વ્યવહારનો સર્વથા અભાવ થયો નથી, પણ જેમ જેમ સ્વભાવમાં ઢળતો જાય છે તેમ તેમ વ્યવહારનો અભાવ થતો જાય છે.

માત્ર જ્ઞાનના ખ્યાલમાં વસ્તુને લેવાથી સમ્યગ્દર્શન થતું નથી, પરંતુ જ્ઞાન અને વીર્યના વજનનું ત્યાં કામ છે. જ્ઞાન અને વીર્ય-બંનેના વજનને સ્વભાવમાં વાળવાની વાત છે; શુભરાગથી મારો સ્વભાવ જુદો છે એવા જ્ઞાન સહિત વીર્યને સ્વભાવ તરફ ઢાળ્યું એટલે તરત જ સમ્યગ્દર્શન થયું. જો સ્વભાવની રુચિ કરે તો વીર્ય સ્વભાવ તરફ ઢળે, પણ જેને રાગનું પોષણ અને રુચિકરપણું છે તેને વ્યવહારનું વલણ ખસતું નથી. જ્યાં સુધી માન્યતામાં અને રુચિના વીર્યમાં નિરપેક્ષ સ્વભાવ ન રુચે અને રાગ રુચે ત્યાં સુધી એકાંત મિથ્યાત્વ છે.

જીવ અશુભ ભાવ ટાળીને શુભ ભાવ તો કરે છે, પરંતુ શુભ ભાવમાં ધર્મ માને છે તે સ્થૂળ મિથ્યાત્વ છે. જીવ અશુભ ભાવ ટાળીને શુભ ભાવ કરે છે અને શુભ રાગથી ધર્મ નથી એમ પણ શાસ્ત્ર વગેરેના જ્ઞાનથી ખ્યાલમાં લે છે, છતાં એકલા ચૈતન્ય સ્વભાવ તરફના વીર્યના અભાવે તેને મિથ્યાત્વ રહી જાય છે. એકલો ચૈતન્ય સ્વભાવ છે તે તરફના જોરે વર્તમાન તરફથી ખસવું જોઈએ-આ જ દર્શન વિશુદ્ધિ છે. જ્ઞાનના ઉઘાડ ઉપર, કષાયની મંદતા ઉપર કે ત્યાગ ઉપર જોર નથી, પરંતુ દર્શન વિશુદ્ધિ ઉપર જ આખું જોર છે.

જેમ કોઈની સલાહ પૂછે અને તેનું કહેવું ખ્યાલમાં લે, પરંતુ



તે પ્રમાણે માનવાની વાત નહિ. વાતને ખ્યાલમાં તો લીધી પણ તે પ્રમાણે કર્યું નહિ તેમ શાસ્ત્રના કહેવાથી જાણ્યું તો ખરું કે નિશ્ચયના આશ્રયે મુક્તિ છે અને વ્યવહારના આશ્રયે બંધન છે, પરંતુ એ તો સલાહને ખ્યાલમાં લીધી પણ-તેમ માન્યું નહિ. શાસ્ત્રે કહેલાં બંને પડખાંને ખ્યાલમાં તો લે છે, પરંતુ પોતાની રુચિમાં આવે તે માને, રુચિ તો પોતાના વીર્યમાં રહી, તેમાં ભગવાન કે શાસ્ત્રનું જાણપણું કામ ન આવે.

દિવ્ય ધ્વનિનો આશય તો ખ્યાલમાં આવે છે કે 'આમ કહેવા માગે છે,' પરંતુ અંતર રુચિ નથી કરતો. ક્ષયોપશમભાવે માત્ર ધારણાથી ખ્યાલ કરે છે, પરંતુ યથાર્થપણે રુચિથી સમજતો નથી. જો યથાર્થપણે રુચિથી સમજે તો સમ્યગ્દર્શન થાય જ.

સ્વભાવની વાત તે વર્તમાન વિકલ્પના રાગ કરતાં જુદી છે. સ્વભાવની રુચિપૂર્વક સ્વભાવની વાત જે જીવ સાંભળે છે તે રાગથી અંશે તે વખતે જુદો પડીને સાંભળે છે. જો સ્વભાવની વાત સાંભળતાં સાંભળતાં કંટાળો આવે અથવા 'આવો અઘરો-કઠણ માર્ગ?' એમ સ્વભાવ તરફ કંટાળો લાગે તો તેને સ્વભાવની અરુચિ અને રાગની રુચિ છે. કેમ કે રાગમાં પોતાનું વીર્ય કામ કરી શકે પણ રાગ રહિત સ્વભાવમાં પોતાનું વીર્ય કામ ન કરે-એવી તેની માન્યતા છે. આ પણ વર્તમાન પૂરતા વ્યવહારનો જ તેને પક્ષ છે. સ્વભાવની વાત સાંભળતાં તે તરફનો મહિમા લાવીને 'અહો! આ તો મારું જ સ્વરૂપ બતાવી રહ્યા છે' એમ સ્વભાવ તરફ વીર્યનો ઉલ્લાસ આવવો જોઈએ. પણ જો 'આ કામ આપણાથી ન થાય' એમ માને તો તે વર્તમાન પૂરતા રાગની પકડમાં અટકી ગયો છે; પણ રાગથી જુદો પડ્યો નથી. અરે ભાઈ! તારાથી રાગનું કાર્ય થાય પણ રાગથી છૂટા પડીને રાગ રહિત જ્ઞાનનું કામ-કે જે તારો સ્વભાવ જ છે તે-તારાથી ન થાય-એમ જો તેં માન્યું, તો ત્રિકાળી સ્વભાવની આડ મારી હોવાથી (-

અરુચિ કરી હોવાથી) તને સૂક્ષ્મપણે રાગની મીઠાશ છે-વ્યવહારની પકડ છે અને એટલે જ સમ્યગ્દર્શન થતું નથી.

રાગ રહિત જ્ઞાયક સ્વભાવની વાત આવે ત્યાં જો જીવને એમ થાય કે 'આ કામ કેમ થાય?' તો તેનું વીર્ય વ્યવહારમાં અટકી ગયું છે, એટલે તેને સ્વભાવની દૃષ્ટિ નહિ હોવાથી સમ્યગ્દર્શન પ્રગટતું નથી. તેને સૂક્ષ્મ જ્ઞાનસ્વભાવ છે તેની મીઠાશ થઈ એટલે રાગની મીઠાશ છૂટી. નિશ્ચય સ્વભાવની અપૂર્વ વાત જીવ કદી સમજ્યો નથી અને કોઈ ને કોઈ પ્રકારે વ્યવહારની રુચિ રહી ગઈ છે.

શ્રી સમયસારમાં પંડિત જયચંદ્રજી કહે છે કે, ''પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે-ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે-''શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાન-શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.'' [સમયસાર, ગાથા ૧૧ નો ભાવાર્થ]

આત્માના નિશ્ચય સ્વભાવની વાત કરતાં વ્યવહાર ગૌણ થાય ત્યાં જો સ્વભાવના કાર્ય માટે વીર્ય નકાર કરે અને વ્યવહાર માટે રુચિ કરે તો તેને સ્વભાવની રુચિ નથી. સ્વભાવ તરફની રુચિ વગર સ્વભાવમાં વીર્ય કામ કરી શકે નહિ એટલે તેને વ્યવહારની પકડ ખસે નહિ.

આ નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે એમ જ્ઞાનીઓ વારંવાર



કહે છે; તેમાં વ્યવહારના સ્વરૂપનું જ્ઞાન પણ ભેગું આવી જાય છે. જે વ્યવહારનો નિશ્ચયનય નિષેધ કરે છે તે વ્યવહાર ક્યો? કુદેવાદિની માન્યતારૂપ જે શ્રદ્ધા છે તે તો મિથ્યાત્વ પોષક છે. તેનો તો નિષેધ છે જ, કેમ કે તેમાં તો વ્યવહારપણું પણ નથી. કુદેવાદિની માન્યતા છોડીને અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રોએ જે કહ્યું છે તેના જ્ઞાનને વ્યવહાર કહ્યો છે અને તે વ્યવહાર જ્ઞાન પણ નિશ્ચય સમ્યગ્દર્શનનું મૂળ કારણ નથી, તેથી નિશ્ચય સ્વભાવના જોરે તે વ્યવહારનો પણ નિષેધ છે. જેને ગૃહીત મિથ્યાત્વ હોય તેની તો અહીં વાત જ નથી, પણ અહીં તો અગૃહીત સૂક્ષ્મ મિથ્યાત્વ દશામાં જે વ્યવહાર હોય છે તેનો પણ નિષેધ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાય બીજા કોઈ કુદેવાદિને સાચાપણે જે માને છે તે જ્ઞાન તો વ્યવહારથી પણ દૂર છે. જે નિમિત્તો તરફથી વૃત્તિને ઉઠાવીને સ્વભાવમાં ઢળવું છે તે નિમિત્તો કોણ છે તેનો પણ જેને વિવેક નથી તેને તો સ્વભાવનો વિવેક હોય જ નહિ, અને જેને સાચા નિમિત્તો તરફ વલણ થાય તેને સ્વભાવનો વિવેક થાય જ એવો પણ નિયમ નથી. પણ જે નિશ્ચય સ્વભાવનો આશ્રય કરે છે તેને તો સમ્યગ્દર્શન થાય જ એવો નિયમ છે. તેથી જ નિશ્ચયનયથી વ્યવહારનયનો નિષેધ છે.

શાસ્ત્ર તરફનું વિકલ્પાત્મક જ્ઞાન તે વ્યવહાર છે. તે જ્ઞાન તરફથી વીર્યને ખસેડીને સ્વભાવમાં વાળવાનું છે. સત્‌ના નિમિત્ત તરફના ભાવે જેવાં પુણ્ય બંધાય છે તેવાં પુણ્ય અન્ય નિમિત્તોના વલણથી બંધાતાં નથી, એટલે કે લોકોત્તર પુણ્ય સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પથી થાય છે. પરંતુ તે જ્ઞાન હજી પર તરફના વલણવાળા છે, નિશ્ચય સ્વભાવ તરફના વલણવાળા નથી, તેથી તેમનો નિષેધ છે. જેમ ગાંડા મનુષ્યનું જ્ઞાન નિર્ણય વગરનું હોવાથી તેનું માતાનું માતા તરીકેનું જાણપણું પણ ખોટું છે, તેમ અજ્ઞાનીનું સ્વભાવ તરફના નિર્ણય વગરનું જ્ઞાન દોષિત જ છે.

સર્વજ્ઞ ભગવાને કહેલાં કથન તરફનું વલણ પણ વ્યવહાર તરફનું વલણ છે. વીતરાગ શાસનમાં કહેલાં જીવાદિ નવ તત્ત્વોની વિકલ્પથી સાચી શ્રદ્ધા કરવી તે પુણ્યનું કારણ છે, કેમ કે તેમાં ભેદનું અને પરનું લક્ષ છે. પર લક્ષ તે ધર્મનું કારણ નથી. જે જીવ નિમિત્તમાં રોકાણો છે, પણ નિમિત્ત તરફથી પાછો હઠીને હજી સ્વભાવ તરફ વળ્યો નથી તેને નિશ્ચય સમ્યગ્દર્શન નથી.

આચારાંગ વગેરે સાચાં શાસ્ત્રો, જીવ-અજીવાદિ નવ તત્ત્વોનું સ્વરૂપ અને એકેન્દ્રિયાદિ છ જીવ-નિકાયનું પ્રતિપાદન વીતરાગ જિનશાસન સિવાય અન્ય કોઈમાં તો છે જ નહિ, પરંતુ વીતરાગ જિનશાસનમાં કહ્યાં પ્રમાણે શાસ્ત્રોનું સાચું જ્ઞાન કરે, જીવાદિ નવ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા કરે અને છ જીવ નિકાયને માનીને તેની દયા પાળે તો તે પણ પુણ્યનું કારણ છે, અને તેને વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રપણું (જે જીવ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેને માટે) કહેવાય છે; પણ પરમાર્થ દૃષ્ટિ તેને દર્શન-જ્ઞાન-ચારિત્ર તરીકે સ્વીકારતી નથી. કેમ કે જિનશાસનના વ્યવહાર સુધી આવવું તે ધર્મ નથી, પણ જો નિશ્ચય આત્મસ્વભાવ તરફ ઢળીને તે વ્યવહારનો નિષેધ કરે તો ધર્મ છે. આ રીતે નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે.

આ વ્યાખ્યાનમાં અજ્ઞાનીને વ્યવહારની સૂક્ષ્મ પકડ ક્યાં રહી જાય છે તથા નિશ્ચયનયનો આશ્રય કેમ થાય તે બતાવ્યું છે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવોને મિથ્યાત્વ કેમ રહી જાય છે તથા સમ્યગ્દર્શન કેમ પ્રગટે-તે બતાવ્યું છે.

વળી, આ વિષયને લગતું કથન મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ આવે છે. તે નીચે મુજબ છે:-

[કારતક સુદ ૯ ચર્ચા]

''....સત્ય જાણે છતાં તે વડે પોતાનું અયથાર્થ પ્રયોજન જ સાધે



છે તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી.''

(ચોથો અધિકાર પાનું ૮૯)

જ્ઞાનના ક્ષયોપશમમાં નિશ્ચય-વ્યવહાર બંનેનો ખ્યાલ આવે છે, છતાં જોર નિશ્ચય તરફ ઢાળવું જોઈએ તેને બદલે વ્યવહાર તરફ ઢાળે છે, એટલે વ્યવહારનો પક્ષ રહી જાય છે.

અજ્ઞાની કરે છે 'વ્યવહાર.....! વ્યવહાર....! અને જ્ઞાની કરે છે નિશ્ચયના આશ્રયે વ્યવહારનો નિષેધ....! નિષેધ.....!'

''વળી શ્રી પ્રવચનસારમાં પણ એમ લખ્યું છે કે-જેને આગમજ્ઞાન એવું થયું છે કે જે વડે સર્વ પદાર્થોને હસ્તામલકવત્ જાણે છે તથા એમ પણ જાણે છે કે 'આનો જાણવાવાળો હું છું' પરંતુ 'હું જ્ઞાનસ્વરૂપ છું' એવો પોતાને પરદ્રવ્યથી ભિન્ન કેવળ ચૈતન્યદ્રવ્ય અનુભવતો નથી.'' (મોક્ષમાર્ગ પ્રકાશક, સાતમો અધિકાર, પાનું ૨૪૭) એટલે કે સ્વ-પરને જાણવા છતાં પોતાના નિશ્ચય સ્વભાવ તરફ ઢળતો નથી, પરંતુ વ્યવહારની પકડમાં અટકે છે. માટે જ્ઞાનમાં બધો ખ્યાલ હોવા છતાં તેને તે કાર્યકારી નથી, કેમ કે તે નિશ્ચયનો આશ્રય લેતો નથી.

❋

# જ્ઞાનની સ્વાધીનતા; ને અંશમાં પૂર્ણની પ્રત્યક્ષતા

મહાન પરમાગમ શ્રી જયધવલાનાં અદ્‌ભૂત ન્યાયો પર
પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું વ્યાખ્યાન

[શ્રુતપંચમી વીર સંવત ૨૪૭૧ : તારીખ ૧૪-૬-૪૫, ગુરુવાર]

આજે શ્રુતપૂજનનો મહાન દિવસ છે. ૨૦૦૦ વર્ષ પહેલાં સાતમા-છઠ્ઠા ગુણસ્થાને ઝૂલતા મહાન સંત-મુનિઓ પુષ્પદંત અને ભૂતબલિ આચાર્યોએ (જ્ઞાન પ્રભાવનાનો વિકલ્પ ઊઠતાં) મહાન પરમાગમ શાસ્ત્રો (ષટ્‌ખંડાગમ) રચીને અંકલેશ્વરમાં ઉત્સાહપૂર્વક ઉત્સવથી તેની શ્રુતપૂજના કરી હતી. તે શ્રુતપૂજનનો માંગલિક દિવસ આજે (જેઠ સુદ ૫ ના રોજ) છે.

અહો! શ્રુતપંચમીના દિને આ જયધવલામાં જે કેવળજ્ઞાનનાં રહસ્ય ભર્યાં છે અને તેની જે મુખ્ય બે વિશેષતા છે તેની સ્પષ્ટતા જાહેર થાય છે. (૧) પોતાના જ્ઞાનની વિશેષરૂપ અવસ્થા પરાવલંબન વગર સ્વાધીનપણે છે. (૨) તે સ્વાધીન અંશમાં આખું કેવળજ્ઞાન પ્રત્યક્ષ આવે છે. આ બે મુખ્ય વિશેષતા છે.]

આત્મા જ્ઞાન સ્વભાવી છે. તેનું જ્ઞાન અત્યારે પણ ઇન્દ્રિયના અવલંબનથી જાણે છે કે ઇન્દ્રિય વગર? જો વર્તમાન જ્ઞાન ઇન્દ્રિયથી જાણે તો સામાન્ય જ્ઞાન સ્વભાવના વર્તમાન વિશેષનો અભાવ થાય. જો જ્ઞાન ઇન્દ્રિયથી જાણતું હોય તો તે વખતે સામાન્ય જ્ઞાન છે તેનું વિશેષ શું? આત્માનું જ્ઞાન ઇન્દ્રિયથી જાણતું નથી, પણ સામાન્ય જ્ઞાનની વિશેષ અવસ્થાથી જાણે છે. જો વર્તમાનમાં વિશેષ જ્ઞાનથી



જીવ ન જાણતો હોય અને ઇન્દ્રિયથી જાણતો હોય તો વિશેષ જ્ઞાને શું કાર્ય કર્યું? આત્મા ઇન્દ્રિયથી જ્ઞાનનું કાર્ય કરતો જ નથી. જ્ઞાન પોતાથી જ વિશેષરૂપ જાણવાનું કાર્ય કરે છે. નીચલી દશામાં પણ જડ ઇન્દ્રિય અને જ્ઞાન ભેગા થઈને જાણવાનું કાર્ય કરતા નથી, પણ સામાન્ય જ્ઞાન જે આત્માનો ત્રિકાળ સ્વભાવ છે તેનું જ વિશેષરૂપ જ્ઞાન વર્તમાન જાણવાનું કાર્ય કરે છે.

પ્રશ્નઃ-જો જ્ઞાનનું વિશેષ જ જાણવાનું કાર્ય કરે છે, તો ઇન્દ્રિય વગર કેમ જાણવાનું કાર્ય થતું નથી?

ઉત્તરઃ-જ્ઞાનની તેવા પ્રકારની વિશેષતાની લાયકાત ન હોય ત્યારે ઇન્દ્રિય ન હોય. ઇન્દ્રિય હોય ત્યારે પણ જ્ઞાન જાણવાનું કાર્ય તો પોતાથી જ કરે છે, કેમ કે જ્ઞાન પરના અવલંબન વગરનું છે. 'નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરવું જોઈએ' એમ મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૨૬૪ માં કહ્યું છે તેનું આ વિવરણ ચાલે છે. ઇન્દ્રિય હાજર છે પણ જ્ઞાન સ્વતંત્રપણે પોતાની અવસ્થાથી જાણે છે. જો જ્ઞાન ઇન્દ્રિયથી જાણે છે એમ માનવામાં આવે તો જ્ઞાનનો વિશેષ સ્વભાવ કામ નથી કરતો એમ થાય અને તેથી વિશેષ વગર સામાન્ય જ્ઞાનનો જ અભાવ થાય. માટે જ્ઞાન ઇન્દ્રિયથી જાણતું નથી. અધૂરું જ્ઞાન પોતાથી જાણવાનું કાર્ય કરે છે ત્યારે અનુકૂળ ઇન્દ્રિયો હાજર હોય છે-પણ તે ઇન્દ્રિયના અવલંબનથી જ્ઞાન જાણતું નથી-આમ સમજવું તે જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું યથાર્થ જ્ઞાન છે. પણ જ્ઞાન ઇન્દ્રિયથી જાણે છે એમ સમજે તો જ્ઞાન ખોટું છે, કેમ કે તેવી સમજણમાં નિમિત્ત અને ઉપાદાન એક થઈ જાય છે.

આચાર્યદેવ શિષ્યને પૂછે છે કે જો જીવે ઇન્દ્રિયથી જ્ઞાન કર્યું તો સામાન્ય જ્ઞાને શું કાર્ય કર્યું? તેનો તો તે વખતે અભાવ થયો?

શિષ્યે ઉત્તરમાં કહ્યું કે ભલે વિશેષ જ્ઞાન ન હોય, તો પણ

સામાન્ય જ્ઞાન તો ત્રિકાળ રહેશે, અને જાણવાનું કામ ઇન્દ્રિયથી થશે. આમ થવાથી જ્ઞાનનો નાશ નહિ થાય, અભાવ નહિ થાય.

આચાર્યદેવનો ઉત્તરઃ-વિશેષ વિનાનું સામાન્ય તો સસલાના શીંગ સમાન (અભાવરૂપ) છે. વિશેષ જ્ઞાન વગર સામાન્ય જ્ઞાન ન હોઈ શકે. માટે વિશેષ જ્ઞાન વગરનું સામાન્ય જ્ઞાન માનવાથી સામાન્ય જ્ઞાનનો નાશ થાય છે-અભાવ થાય છે. માટે વિશેષ જ્ઞાનથી જ જાણવાનું કાર્ય થાય છે-એમ માનવામાં આવે તો જ સામાન્ય જ્ઞાનની અસ્તિ રહે છે.

જ્ઞાન સ્વભાવ રાગ અને નિમિત્તના અવલંબન રહિત છે તથા વિશેષ જ્ઞાન સામાન્ય જ્ઞાનમાંથી જ આવે છે એમ જાણીને તેના શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરવા તે જ ધર્મ છે.

જો જ્ઞાન ઇન્દ્રિયથી જાણે તો જ્ઞાનનું વર્તમાન કાર્ય ક્યાં ગયું? ઇન્દ્રિયની હાજરી વખતે જો જ્ઞાન ઇન્દ્રિયના કારણે જાણતું હોય તો તે વખતે સામાન્ય જ્ઞાન વિશેષ-પર્યાય વગરનું થયું. પણ વિશેષ વગર તો સામાન્ય હોય જ નહિ. જ્યાં સામાન્ય હોય ત્યાં તેનું વિશેષ હોય જ. હવે તે વિશેષ જ્ઞાન સામાન્ય જ્ઞાનથી થાય છે કે નિમિત્તથી થાય છે? વિશેષ જ્ઞાન નિમિત્તને લઈને થતું નથી પણ સામાન્ય જ્ઞાન સ્વભાવથી થાય છે. વિશેષ જ્ઞાનનું કારણ સામાન્ય જ્ઞાન છે, નિમિત્ત તેનું કારણ નથી. કેમ કે જો તે કાર્ય નિમિત્તનું અંશે કે પૂર્ણપણે હોય તો, નિમિત્ત જે પરદ્રવ્ય છે તે પરદ્રવ્યરૂપ થઈ જાય. આત્માનો જ્ઞાન સ્વભાવ કાયમ છે તે સામાન્ય છે અને વર્તમાન કાર્યરૂપ જે જ્ઞાન થાય છે તે તેનું વિશેષ છે. સામાન્ય જ્ઞાનનું વિશેષ કહો કે કાયમના જ્ઞાન સ્વભાવનું પરિણમન કહો કે જ્ઞાનની વર્તમાન દશા (હાલત-પર્યાય) કહો, તે એક જ છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન છે. તે જ્ઞાન એકલું જાણવાનું જ કાર્ય કરે છે. શબ્દને કે રૂપને કે ગમે તેને જાણતાં જ્ઞાન એક જ છે,



જ્ઞાનમાં કાંઈ ફેર પડી જતો નથી. આત્માનો જ્ઞાન સ્વભાવ પોતાથી છે, કોઈના નિમિત્તથી નથી. આત્માનો ત્રિકાળી જ્ઞાન સ્વભાવ છે તે જ્ઞાન પોતાથી જ વિશેષરૂપ કાર્ય કરે છે. આત્મા ઇન્દ્રિયથી જાણતો જ નથી, પોતાના જ્ઞાનની વિશેષ અવસ્થાથી જ જાણે છે. સામાન્ય જ્ઞાન પોતે પરિણમીને વિશેષરૂપ થાય છે અને તે વિશેષ જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે. જ્ઞાન પરના અવલંબનથી જાણે એમ માનવું તે અધર્મ છે. જ્ઞાન સ્વાલંબનથી જાણે એવી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તે ધર્મ છે.

અહીં, પરાવલંબન રહિત જ્ઞાનની સ્વાધીનતા બતાવી છે. આ જયધવલા શાસ્ત્રની ખાસ વિશેષતા છે. બીજી અનેક વાતો તેમાં છે, પણ આ એક વિશેષ વાત છે.

મારા જ્ઞાનનું પરિણામરૂપ વર્તન થાય છે અને તે વર્તનરૂપ વિશેષ વ્યાપાર (ઉપયોગ) મારાથી થાય છે, તેમાં કોઈ પરના નિમિત્તની કે પરદ્રવ્યની જરૂર નથી. એટલે કે જ્ઞાન સ્વાધીનતાથી ખસીને કદી પરાવલંબનમાં જતું નથી, તેથી તે જ્ઞાન પોતે સમાધાન અને સુખ સ્વરૂપ છે. સ્વાધીન જ્ઞાન સ્વભાવને લીધે જ નિગોદથી લઈને સિદ્ધ સુધીના બધા જીવોને જ્ઞાન થાય છે; પણ જેમ થઈ રહ્યું છે તેમ અજ્ઞાની માનતો નથી, તેથી જ તેની માન્યતામાં વિરોધ આવે છે.

સર્વે જીવોનો સામાન્ય જ્ઞાન સ્વભાવ છે, તેથી જ્ઞાનનું વિશેષ કાર્ય પોતાના સામાન્ય જ્ઞાન સ્વભાવના અવલંબને જ થાય છે. એટલે કે રાગ કે પર નિમિત્તના અવલંબન વગર જ જ્ઞાન કાર્ય કરે છે, તેથી જ્ઞાન રાગ કે સંયોગ રહિત છે.

આજે શ્રુતપૂજનનો મહાન દિવસ છે. ૨૦૦૦ વર્ષ પહેલાં સાતમા-છઠ્ઠા ગુણસ્થાને ઝૂલતા મહાન સંત-મુનિઓ પુષ્પદંત અને ભૂતબલિ આચાર્યોએ (જ્ઞાન પ્રભાવનાનો વિકલ્પ ઊઠતાં) મહાન પરમાગમ શાસ્ત્રો (**षट्खंडआगम**) રચીને અંકલેશ્વરમાં ઉત્સાહપૂર્વક ઉત્સવથી તેની

શ્રુતપૂજના કરી હતી. તે શ્રુતપૂજનનો માંગલિક દિવસ આજે (જેઠ સુદ ૫ ના રોજ) છે.

મારો જ્ઞાન સ્વભાવ કાયમ ટકી રહો, મારા જ્ઞાનની અતૂટ ધારા કાયમ રહો-અર્થાત્ કેવળજ્ઞાન થાવ-એમ ખરેખર અંદરમાં પૂર્ણતાની ભાવના થતાં બાહ્યમાં તેમને એવો વિકલ્પ ઊઠ્યો કે શ્રુતજ્ઞાન આગમ પણ કાયમ ટકી રહો. તે વિકલ્પ ઊઠતાં મહાન પરમાગમ શાસ્ત્રો રચ્યાં અને તેની શ્રુતપૂજના કરી તે મંગળ દિવસ આજે છે. ખરેખર તો પરને માટે ભાવના નથી, પણ પોતાના જ્ઞાનની અતૂટ ધારાની ભાવના છે, ત્યાં આ શાસ્ત્રોની રચના થઈ ગઈ છે. આ શાસ્ત્રમાં અનેક વાતો છે. તેમાંથી આજે મુખ્ય બે વિશેષ વાત છે, તે કહેવાની છે.

જ્ઞાન ઇન્દ્રિયથી જાણતું નથી. જો જ્ઞાન કાર્ય વગરનું રહે અર્થાત્ વિશેષ વગરનું રહે અને તો પછી વર્તમાન વિશેષ જ્ઞાન વગર સામાન્ય જ્ઞાન જાણે કોને? વિશેષ જ્ઞાન ન હોય તો સામાન્ય જ્ઞાન જ ક્યાં રહ્યું? જો વર્તમાન પર્યાયરૂપ વિશેષ જ્ઞાન ન માનો તો વિશેષ વગર 'સામાન્ય જ્ઞાન છે' એમ તેનો નિર્ણય કોણ કરશે? નિર્ણય તો વિશેષ જ્ઞાન કરે છે. વર્તમાન વિશેષ જ્ઞાન (પર્યાય) દ્વારા પરાવલંબન રહિત સામાન્ય જ્ઞાન સ્વભાવ જેમ છે તેમ જાણવો, તેમાં જ ધર્મ સમાઈ જાય છે.

રાગ થાય તેને જાણે, પરને જાણે, ઇન્દ્રિયને જાણે પણ તે કોઈને પોતાનું ન માને એવો જ્ઞાનનો સ્વભાવ છે. વિકારને કે પરને પોતાનું ન માને તેને દુઃખ જ ન હોય. મારા જ્ઞાનને કોઈ પરાવલંબન નથી -એમ સ્વાધીન જ્ઞાન સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરે તો તેને સ્વભાવમાં શંકા કે દુઃખ ન જ હોય. કેમ કે જ્ઞાન સ્વભાવ પોતે સુખરૂપ છે.

નિગોદથી માંડીને સર્વ જીવોમાં કોઈ પણ જીવ ઇન્દ્રિયથી જાણતો નથી. નિગોદનો જીવ-કે જેને સૌથી ઓછું જ્ઞાન છે તે-પણ સ્પર્શ



ઇન્દ્રિયથી જાણતો નથી, પરંતુ પોતાના સામાન્ય જ્ઞાનના પરિણમનથી થતા વિશેષ જ્ઞાન વડે જાણે છે. છતાં પણ અજ્ઞાની એમ માને છે કે ઇન્દ્રિયથી મને જ્ઞાન થયું. જ્યારે જીવને સામાન્ય જ્ઞાનસ્વભાવના અવલંબને (સામાન્ય તરફની એકાગ્રતાથી) વિશેષ જ્ઞાન થાય છે ત્યારે તે સમ્યક્ મતિજ્ઞાનરૂપ થાય છે; તે મતિજ્ઞાનરૂપ અંશમાં, પરાવલંબન વગર, નિરાલંબી જ્ઞાનસ્વભાવની પૂર્ણતાની પ્રત્યક્ષતા આવી જાય છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ કોઈ સંયોગના કારણે નથી. આવા સ્વાધીન જ્ઞાનસ્વભાવને ન જાણે તો ધર્મ થાય નહિ. ધર્મ ક્યાંય બહારમાં નથી, પણ પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ જ ધર્મસ્વરૂપ છે. આમાં તો બધા શાસ્ત્રોનું રહસ્ય આવી ગયું. કોઈ કોઈનું કાંઈ ન કરી શકે એ વાત પણ આમાં આવી જ ગઈ. જડ ઇન્દ્રિય આત્માના જ્ઞાનની અવસ્થાને કરે નહિ અને આત્માનું જ્ઞાન પરનું ન કરે. આ રીતે જ્ઞાન સ્વભાવની સ્વતંત્રતા આવી.

બધા સમ્યક્ મતિજ્ઞાનીઓનું જ્ઞાન નિમિત્તના અવલંબન વગર સામાન્ય સ્વભાવના અવલંબનથી કાર્ય કરે છે. તે કારણે જ્ઞાનીને સર્વ નિમિત્તોના અભાવમાં સંપૂર્ણપણે પરની સહાય વિના સામાન્ય સ્વભાવના અવલંબને વિશેષરૂપ જે પૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન છે તેનો નિર્ણય વર્તમાન મતિજ્ઞાનના અંશ દ્વારા થઈ શકે છે. જો પૂર્ણ અસહાય એવો જ્ઞાનસ્વભાવ મતિજ્ઞાનના નિર્ણયમાં ન આવે તો, વર્તમાન વિશેષ અંશરૂપ જ્ઞાન (મતિજ્ઞાન) પરના અવલંબન વગરનું પ્રત્યક્ષરૂપ છે તેનો નિર્ણય પણ ન થાય. સામાન્ય સ્વભાવના આશ્રયે જે વિશેષરૂપ મતિજ્ઞાન પ્રગટ્યું તે મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે. અંશ પ્રગટ્યો છે તે અંશીના આધાર વગર હોય નહિ, તેથી અંશીના નિર્ણય વગર અંશનો નિર્ણય થાય નહિ.

અહો! શ્રુતપંચમીના દિને આ જયધવલામાં જે કેવળજ્ઞાનનાં રહસ્ય ભર્યાં છે અને તેની જે મુખ્ય બે વિશેષતા છે, તેની સ્પષ્ટતા જાહેર થાય છે. (૧) પોતાના જ્ઞાનની વિશેષરૂપ અવસ્થા પરાવલંબન

વગર સ્વાધીનપણે છે. (૨) તે સ્વાધીન અંશમાં આખું કેવળજ્ઞાન પ્રત્યક્ષ આવે છે. આ બે મુખ્ય વિશેષતા છે.

સામાન્ય સ્વભાવની પ્રતીત કરતું વર્તમાન નિર્મળ સ્વાવલંબી જ્ઞાન પ્રગટ્યું તે સાધક છે, અને તે પૂર્ણ સાધ્યરૂપ કેવળજ્ઞાનને પ્રત્યક્ષ જાણતું પ્રગટ થાય છે. તે સાધકજ્ઞાન સ્વાધીનપણે પોતાના કારણે અંતરના સામાન્ય જ્ઞાનની શક્તિના લક્ષે વિશેષ-વિશેષરૂપે પરિણમતાં સાધ્ય કેવળજ્ઞાનપણે પ્રગટ થાય છે. તેમાં કોઈ બહારનું અવલંબન નથી, પણ સામાન્ય જ્ઞાન સ્વભાવનું જ અવલંબન છે.

આ જાણવું તે જ ધર્મ છે. આત્માનો ધર્મ આત્મા પાસે જ છે. અશુભ ભાવથી બચવા શુભ ભાવ થાય તેને જ્ઞાન જાણી લે છે, પણ તેનું અવલંબન જ્ઞાન માનતું નથી. એટલે સર્વ નિમિત્ત વગરના પૂર્ણ સ્વાધીન કેવળજ્ઞાનનો નિર્ણય કરતું અને તેને પ્રતીતિમાં લેતું સ્વાશ્રિત મતિજ્ઞાન સામાન્ય સ્વભાવના અવલંબને પ્રગટ થાય છે. આ રીતે જ્ઞાનનું કાર્ય પરાવલંબન વડે થતું નથી, પણ સ્વાધીન સ્વભાવને અવલંબીને થાય છે. આમ જ્ઞાનની સ્વતંત્રતા બતાવી.

## જ્ઞાનની જેમ શ્રદ્ધાની સ્વતંત્રતા

આત્મામાં શ્રદ્ધા ગુણ ત્રિકાળ છે. તે સામાન્ય શ્રદ્ધા ગુણનું વિશેષ તે સમ્યગ્દર્શન છે. શ્રદ્ધા ગુણનું વર્તમાન જો દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરના આશ્રયે પરિણમે તો તે વખતે શ્રદ્ધા ગુણે શું વિશેષ કાર્ય કર્યું? સામાન્ય શ્રદ્ધા ગુણરૂપ છે તેનું વિશેષ સામાન્યના અવલંબને જ થાય છે. સમ્યગ્દર્શનરૂપ વિશેષ શ્રદ્ધા પરના અવલંબને પ્રગટતી નથી, પણ સામાન્ય શ્રદ્ધાના અવલંબને જ તેનું પ્રગટવું થાય છે. સમ્યગ્દર્શન તે શ્રદ્ધા ગુણની વિશેષરૂપ દશા છે. શ્રદ્ધા ગુણ છે અને સમ્યગ્દર્શન પર્યાય છે. તેથી શ્રદ્ધા ગુણના અવલંબને સમ્યગ્દર્શનરૂપ વિશેષ દશા પ્રગટ થાય છે. જો દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરના અવલંબને શ્રદ્ધાનું



વિશેષરૂપ કાર્ય થતું હોય તો સામાન્ય શ્રદ્ધાનું તે વખતે વિશેષ શું? વિશેષ વગર તો કોઈ વખતે સામાન્ય હોય નહિ. આત્માની શ્રદ્ધાની વર્તમાન અવસ્થારૂપ કાર્ય ત્રિકાળી શ્રદ્ધા નામના ગુણનું છે. તે કાર્ય કોઈ પરના અવલંબને થયું નથી; પણ સામાન્યનું વિશેષ પ્રગટ્યું છે. વિશેષ શ્રદ્ધા વગર સામાન્ય શ્રદ્ધા જ ન હોઈ શકે.

## આનંદ ગુણની સ્વાધીનતા

જ્ઞાન અને શ્રદ્ધા ગુણ પ્રમાણે આનંદ ગુણનું પણ તેમ જ છે. આત્માનો વર્તમાન આનંદ જો પૈસા વગેરે પરના કારણે થાય તો તે વખતે આનંદગુણે પોતે વર્તમાન વિશેષરૂપ કાર્ય શું કર્યું? પરથી જો આનંદ પ્રગટે તો આનંદ ગુણનું તે વખતે વિશેષરૂપ કાર્ય ક્યાં ગયું? અજ્ઞાનીએ પરમાં આનંદ માન્યો છે તે વખતે પણ તેનો આનંદ ગુણ સ્વાધીનપણે કાર્ય કરે છે. અજ્ઞાનીને આનંદગુણનું વર્તમાન કાર્ય ઊંધું છે એટલે આનંદ ગુણનું વિશેષ તેને દુઃખરૂપે પરિણમે છે. આનંદ પરથી પ્રગટતો નથી, પણ સંયોગ અને નિમિત્ત વગરના આનંદ ગુણ નામના સામાન્યના અવલંબને વર્તમાનમાં પ્રગટે છે. આ સમજતાં તેના લક્ષનું જોર પર ઉપર ન જતાં સામાન્ય આનંદ સ્વભાવ ઉપર જાય છે, અને એ સામાન્યના અવલંબને વિશેષરૂપ આનંદ દશા પ્રગટે છે. સામાન્ય આનંદ સ્વભાવના અવલંબને પ્રગટેલો તે આનંદનો અંશ પૂર્ણ-આનંદની પ્રતીતિ લેતો જ પ્રગટે છે. જો આનંદના અંશમાં પૂર્ણની પ્રતીતિ ન હોય તો અંશ આવ્યો ક્યાંથી?

## ચારિત્ર, વીર્ય, વગેરે સર્વ ગુણોની સ્વાધીનતા

આ જ પ્રમાણે ચારિત્ર, વીર્ય, વગેરે બધા ગુણોનું વિશેષરૂપ કાર્ય સામાન્યના અવલંબને જ થાય છે. આત્માનો પુરુષાર્થ જો નિમિત્તના અવલંબને કાર્ય કરતો હોય તો અંતરના સામાન્ય પુરુષાર્થ સ્વભાવે તે વખતે શું કર્યું? શું સામાન્ય સ્વભાવ વિશેષ વગરનો રહ્યો? વિશેષ

વગરનું સામાન્ય હોય-એમ તો બને નહિ. દરેક ગુણનું વર્તમાન (વિશેષ અવસ્થારૂપ કાર્ય) સામાન્ય સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. કર્મ પુરુષાર્થ રોકે છે એ વાત જ ખોટી હોવાથી ઉડી ગઈ. કોઈ પણ ગુણનું કાર્ય જો નિમિત્તના કે રાગના અવલંબને થતું હોય તો સામાન્ય સ્વભાવનું તે વખતે વિશેષરૂપ કાર્ય રહે નહિ અને જો વિશેષરૂપ કાર્ય ન રહે તો ગુણરૂપ સામાન્ય જ સાબિત થતો નથી. બધા ગુણો કાયમ છે; તેનું કાર્ય કોઈ નિમિત્ત કે રાગના અવલંબને જ્ઞાનીને થતું નથી, પણ પોતાથી જ-સામાન્યના અવલંબને જ-થાય છે. આ સ્વાધીન સ્વરૂપ જેને બેઠું તેને પૂર્ણની પ્રતીતિ લેતો ગુણનો અંશ પ્રગટે જ છે અને જેને પૂર્ણની પ્રતીતિ લેતું જ્ઞાન ઊગ્યું તેની અલ્પ કાળમાં મુક્તિ હોય જ.

જે સામાન્યના જોરે એક અંશ પ્રગટે છે તે જ સામાન્યના જોરે પૂર્ણ દશા પ્રગટે છે. વિકલ્પના કારણે સામાન્યની વિશેષરૂપ અવસ્થા ન થાય. જો વિકલ્પના કારણે વિશેષ થતું હોય તો વિકલ્પનો અભાવ થતાં વિશેષનો પણ અભાવ થઈ જાય. વર્તમાન વિશેષ સામાન્યથી જ પ્રગટે છે-વિકલ્પથી પ્રગટતું નથી. આ સમજવું તે જ ધર્મ છે. દરેક દ્રવ્યની સ્વાધીનતાની આ ચોખ્ખી વાત છે, 'બે ને બે ચાર' જેવી સીધી-સરળ વાત છે. આ સમજે નહિ અને તેને બદલે નિમિત્તથી થાય અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી દે, એમ પરાશ્રયપણું જીવ માને તો તેનું બધું જ ખોટું છે, તેની મૂળમાં ભૂલ છે. પહેલાં જ 'બે ને બે ત્રણ' એમ ભૂલ થઈ ગઈ હોય તો ત્યાર પછી બધી ભૂલ જ આવે, તેમ મૂળ વસ્તુ સ્વભાવની માન્યતામાં જેની ભૂલ હોય તેનું બધું જ ખોટું છે.

## સ્વાધીનપણે પ્રગટેલો અંશ પૂર્ણને પ્રત્યક્ષ કરે છે.

પર દ્રવ્યો જગતમાં ભલે હો, પર નિમિત્ત ભલે હો, જગતમાં સર્વે વસ્તુઓનું અસ્તિત્વ છે, પણ તે કોઈ વસ્તુ મારી વિશેષ અવસ્થા



કરવા સમર્થ નથી. મારા આત્માના સામાન્ય સ્વભાવને અવલંબીને મારી વિશેષ દશા થાય છે-તે સ્વાધીન છે, અને એ સ્વાધીનપણે પ્રગટતું વિશેષ જ પૂર્ણ વિશેષરૂપ કેવળજ્ઞાનનું કારણ છે. જે વિશેષ પ્રગટે છે તે પૂર્ણને પ્રત્યક્ષ કરતું પ્રગટે છે.

પ્રશ્નઃ-વર્તમાન અંશમાં પૂર્ણ પ્રત્યક્ષ કેવી રીતે થાય?

ઉત્તરઃ-જ્યાં વિશેષને પરનું અવલંબન ન રહ્યું અને એકલા સામાન્યનું અવલંબન જ રહ્યું ત્યાં તે પ્રત્યક્ષ જ થયું. જો નિમિત્તની વાત કરો તો તેમાં પરોક્ષપણું આવે, પણ નિમિત્ત કે વિકાર રહિત જ્યાં એકલા સામાન્ય સ્વભાવનું અવલંબન છે ત્યાં વિશેષ પ્રત્યક્ષ જ થયું અને તે અંશમાં પૂર્ણ પ્રત્યક્ષ જ હોય. જો અંશમાં પૂર્ણ પ્રત્યક્ષ ન હોય તો અંશ જ સિદ્ધ ન થાય. 'આ અંશ છે' એમ ત્યારે જ નક્કી થઈ શકે કે જ્યારે અંશી પ્રત્યક્ષ હોય. જો અંશી અર્થાત્ પૂર્ણ પ્રત્યક્ષ ન હોય તો અંશ પણ સિદ્ધ થાય નહિ.

મતિ-શ્રુતજ્ઞાન પણ ખરેખર તો સામાન્યના અવલંબને પ્રગટતું હોવાથી પ્રત્યક્ષ છે. મતિ-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યાં છે તે તો ''પરને જાણતાં ઈન્દ્રિયનું નિમિત્ત છે'' એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવા માટે કથન કર્યું છે, પણ સ્વને જાણતાં તો તે જ્ઞાન પણ પ્રત્યક્ષ જ છે.

મારું વિશેષ જ્ઞાન પરાવલંબન વગર સામાન્યના અવલંબને થાય છે એમ જેને સામાન્ય સ્વભાવની પ્રતીતિ બેઠી તેનું વિશેષ જ્ઞાન પરને જાણતી વખતે પણ સ્વના અવલંબન સહિત જાણે છે. તેથી ખરેખર તો તે જ્ઞાન પણ પ્રત્યક્ષ જ છે. જેને નિમિત્ત વગરનો સ્વાધીન જ્ઞાન સ્વભાવ પ્રતીતિમાં બેઠો તેનું આખું જ્ઞાન પ્રત્યક્ષ જ છે.

'આ થાંભલાનો ખૂણો છે' એમ જે જ્ઞાનમાં નક્કી કર્યું તે જ્ઞાનમાં આખો થાંભલો ખ્યાલમાં આવી જ ગયો છે. 'આ પાનું સમયસારનું

છે’ એમ નક્કી કર્યું ત્યાં આ આખું સમયસાર શાસ્ત્ર છે અને તેનું આ પાનું છે એમ પૂર્ણ અને અંશ બંને જ્ઞાનના નિર્ણયમાં આવી ગયા. આ પાનું સમયસારનું છે એમ કહેતાં તેના આગળ-પાછળના બધા પાના કોઈ બીજા શાસ્ત્રના નથી પણ સમયસારના જ છે એમ આખું શાસ્ત્ર ખ્યાલમાં આવી ગયું. આખા શાસ્ત્રને ખ્યાલમાં લીધા વિના ‘આ પાનું આ શાસ્ત્રનું છે’ એમ નક્કી થઈ શકે નહિ. તેવી રીતે આખું કેવળજ્ઞાન પ્રત્યક્ષ લક્ષમાં આવ્યા વગર ‘આ મતિજ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે’ એમ નક્કી થઈ શકે નહિ. કોઈ કહે કે, જ્ઞાનના નહિ ઊઘડેલા બીજા અંશો તો હજી બાકી છેને? તો તેનો ખુલાસો : અહીં આખા અવયવી-પૂર્ણની વાત છે, બીજા અંશોની વાત લેવી નથી. અંશ સાથે અંશીનું અભેદપણું અહીં બતાવવું છે. આ જ્ઞાનનો ભાગ પૂર્ણ જ્ઞાનનો અંશ છે એમ લક્ષમાં ન હોય તો ‘તે અંશ છે’ એમ નક્કી ક્યાંથી કર્યું? તે વર્તમાન અંશ સાથે અંશી અભેદ છે. માટે વર્તમાન અંશમાં આખું અંશી અભેદપણે લક્ષમાં આવી ગયું છે અને તેથી ‘આ અંશ આ અંશીનો છે’ એમ જીવ પ્રતીતિ કરે છે.

વર્તમાન અંશ અને પૂર્ણ અંશીના અભેદ ભાવ છે, બીજા અંશના ભેદ ભાવની વાત અહીં લીધી નથી. અંશીમાં બધા અંશ આવી ગયા. અહીં મતિજ્ઞાન અને કેવળજ્ઞાનનું અભેદપણું બતાવ્યું છે. મતિજ્ઞાન અંશ છે અને કેવળજ્ઞાન અંશી છે. તે અંશ-અંશી અભેદ છે, એટલે મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ આવ્યું એમ સમજવું.

## સ્વાધીનતાની પ્રતીતિમાં કેવળજ્ઞાન

આચાર્ય ભગવાન આત્માનો સ્વાધીન પૂર્ણ સ્વભાવ બતાવે છે. તું આત્મા છો, તારો જ્ઞાન સ્વભાવ છે. તે જ્ઞાન સ્વભાવની વિશેષરૂપ અવસ્થા તારા પોતાના સામાન્ય સ્વભાવના અવલંબને થાય છે. સામાન્ય સ્વભાવના અવલંબને વિશેષરૂપ જે મતિજ્ઞાન પ્રગટ્યું તે પૂર્ણ કેવળજ્ઞાન



સાથે અભેદ સ્વભાવવાળું છે. નિમિત્તના અને રાગના અવલંબન વગરનું તથા સામાન્યના અવલંબનવાળું જ્ઞાન સ્વાધીન સ્વભાવવાળું છે. તે જ્ઞાન મતિજ્ઞાન અને કેવળજ્ઞાન વચ્ચેના ભેદને ગણતું નથી. જેને આ વાત બેસી તેને કેવળજ્ઞાન પામવામાં વચ્ચે વિઘ્ન હોય જ નહિ. આ તીર્થંકર કેવળજ્ઞાનીની વાણી કેવળજ્ઞાનના ભણકારા કરતી આવી છે. આચાર્યદેવોને કેવળજ્ઞાનના જ ભણકારા થઈ રહ્યા છે. વચ્ચે ભવ છે તેથી કેવળજ્ઞાન થવામાં ભંગ પડશે એ વાત જ અહીં ગૌણ કરી છે. અહીં તો સામાન્ય સ્વભાવના જોરે જે અંશ પ્રગટ્યો છે તે અંશ સાથે કેવળજ્ઞાન અભેદ જ છે એમ કેવળજ્ઞાનની વાત કરી છે. કેવળજ્ઞાનીની વાણી કેવળજ્ઞાનના ભણકારા કરતી આવી છે અને કેવળજ્ઞાનનો વારસો લેનારા આચાર્યોએ આ વાત પરમાગમ શાસ્ત્રોમાં સંઘરી છે. તું પણ કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળો જ છો, તારા સ્વભાવના ભરોસે હા તો પાડ! પોતાના સ્વભાવની પ્રતીતિ વગર પૂર્ણ પ્રત્યક્ષનો ભરોસો જાગે નહિ.

આત્માનો જ્ઞાન સ્વભાવ સ્વાધીન છે. કોઈપણ સમયે વિશેષ વગરનું સામાન્ય જ્ઞાન ન હોય. જે સમયે વિશેષમાં થોડું જ્ઞાન હતું તે સમયે પણ પોતાથી હતું, અને જ્યારે વિશેષમાં પૂર્ણ થયું ત્યારે પણ પોતાથી જ થયું છે, તેમાં કોઈ પરનું કારણ નથી. આમ, જ્ઞાન સ્વભાવની સ્વાધીનતા જીવ જાણે તો તે પરમાં ન જોતાં પોતામાં જ લક્ષ કરીને પૂર્ણનો પુરુષાર્થ કરે.

સામાન્ય કોઈપણ સમયે વિશેષ વગરનું હોય જ નહિ, દરેક સમયે સામાન્યનું વિશેષરૂપ કાર્ય તો હોય જ. ગમે તેટલું નાનું કાર્ય હોય તો પણ તે સામાન્યના પરિણમનથી થાય છે. નિગોદ દશાથી લઈને કેવળજ્ઞાન સુધીની આત્માની સર્વ પરિણતિ પોતાથી જ થાય છે, એમ સ્વતંત્રતાનો ખ્યાલ પોતાની પ્રતીતિમાં આવી ગયો ત્યાં પરાવલંબન ટળી ગયું. મારી પરિણતિ મારાથી કાર્ય કરી રહી છે

-એવી પ્રતીતિમાં આવરણ અને નિમિત્તના અવલંબનના ભૂકા ઊડી ગયા.

આત્માના અનંત ગુણ સ્વાધીનપણે કાર્ય કરે છે. કર્તા, ભોક્તા, ગ્રાહકતા, સ્વામિત્વતા એવા એવા અનંત ગુણોની વર્તમાન પરિણતિ નિમિત્ત અને વિકલ્પના આશ્રય વગર પોતાથી પ્રગટે છે. આમ જે માને છે તે જીવને ગુણના અવલંબને પ્રગટેલો અંશ પૂર્ણતાને પ્રત્યક્ષ કરતો હોવાથી અર્થાત્ અંશ સાથે પૂર્ણતાને અભેદ કરતો હોવાથી, અંશ અને પૂર્ણતા વચ્ચેનો ભેદ કાઢી નાખતો હોવાથી જે ભાવ પ્રગટ્યો તે ભાવ યથાર્થ અને અપ્રતિહત છે.

આ વાતની ના પાડનાર કોણ છે? જે ના પાડે છે તે તેની પોતાની ના પાડે છે. આ વાતની ના પાડનાર કોઈ છે જ નહિ. નિર્ગ્રંથ સંત-મુનિઓ એવા અપ્રતિહત ભાવે ઊપડ્યા છે કે જેથી જ્ઞાનની ધારામાં ભંગ પડ્યા વગર અતૂટપણે કેવળજ્ઞાનરૂપ થઈ જવાના જ. આજે તો શ્રુતપંચમી છે, કેવળજ્ઞાનનો દિવસ છે. અહો! નિર્ગ્રંથ આચાર્યોએ મહામહોત્સવથી આ દિવસ ઊજવ્યો હતો.

મારા મતિ-શ્રુતજ્ઞાનના અંશો સ્વતંત્ર થાય છે, તેને કોઈ પરનું અવલંબન નથી. આમ પ્રતીતિ થતાં કોઈ નિમિત્તનું કે પરનું લક્ષ ન રહ્યું, સામાન્ય સ્વભાવ તરફ જ લક્ષ રહ્યું. હવે એ સામાન્ય સ્વભાવના જોરે જીવે પૂર્ણતાનો પુરુષાર્થ કરવાનો રહ્યો. પહેલાં પરને કારણે જ્ઞાન થાય છે એમ માન્યું હતું ત્યારે તે જ્ઞાન પર લક્ષમાં અટકી જતું હતું. પણ હવે સ્વાધીન સ્વભાવથી જ જ્ઞાન થાય છે એમ પ્રતીતિ થતાં જ્ઞાનને ક્યાંય અટકવાપણું ન રહ્યું.

## ‘બહુ સરસ સમજાવ્યું છે - બહુ જ સરસ છે’

મારા જ્ઞાનને પરનું કે નિમિત્તનું અવલંબન છે જ નહિ, એટલે કેવળજ્ઞાન વર્તમાન પ્રત્યક્ષ જ છે-એમ સામાન્ય સ્વભાવના આશ્રયે જે જ્ઞાન પરિણમે છે તે જ્ઞાનધારાને તોડનાર કોઈ છે જ નહિ, એટલે



કે સ્વાશ્રયે જે જ્ઞાન પ્રગટે છે તે કેવળજ્ઞાનનો પોકાર લેતું જ પ્રગટે છે-અલ્પ કાળમાં તે જ્ઞાન કેવળજ્ઞાન લેવાનું જ છે. જ્ઞાનના અવલંબને જ્ઞાન કાર્ય કરે છે-આવી પ્રતીતિમાં આખું કેવળજ્ઞાન સમાય છે.

પહેલાં અવસ્થામાં જ્ઞાન ઓછું હતું અને પછી વાણી સાંભળી ત્યારે જ્ઞાન વધ્યું. તે જ્ઞાન વાણી સાંભળવાથી વધ્યું છે એમ નથી, પણ જ્ઞાનની અવસ્થા વધી ત્યાં સામાન્ય સ્વભાવી જ્ઞાન જ પોતાના પુરુષાર્થથી કષાય ઘટાડી વિશેષરૂપે થયું છે, એટલે કે પોતાના કારણે જ જ્ઞાન વધ્યું છે. આવી પ્રતીતિ થતાં સ્વતંત્ર જ્ઞાન સ્વભાવના જોરે પૂર્ણ જ્ઞાનનો પુરુષાર્થ જ કરવાનો રહ્યો. જ્ઞાનીઓને સ્વતંત્ર જ્ઞાનસ્વભાવની પ્રતીતિના જોરે વર્તમાન ઊણી-દશામાં પણ કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, કેવળજ્ઞાન પ્રતીતિમાં આવી ગયું છે. અજ્ઞાનીને સ્વતંત્ર જ્ઞાનસ્વભાવની પ્રતીતિ નહિ હોવાથી, પૂર્ણ અવસ્થા કેવી હોય તેનું જ્ઞાન થતું નથી અને પૂર્ણ શક્તિની પ્રતીતિ આવતી નથી. તેને અનેક પ્રકારના નિમિત્તો બદલાતા જાય છે અને નિમિત્તનું તેને અવલંબન છે એટલે નિમિત્તનું લક્ષ તેને રહ્યા કરે છે, પણ સ્વતંત્ર જ્ઞાનના પ્રત્યક્ષપણાની શ્રદ્ધા બેસતી નથી. ‘મારું વર્તમાન જ્ઞાન મારાથી થાય છે, મારી શક્તિ પૂર્ણ છે અને એ પૂર્ણ શક્તિના આશ્રયે પુરુષાર્થથી પૂર્ણ જ્ઞાન પ્રગટે છે’ એમ જ્ઞાનીને પ્રતીતિ છે. જે જ્ઞાનના અંશે જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરી તે જ્ઞાન કેવળજ્ઞાનને પ્રત્યક્ષ કરતું જ પ્રગટે છે, એટલે વચ્ચે જે ભેદ છે તે ટળીને જ્ઞાન પૂર્ણ જ થવાનું છે. આ રીતે સામાન્ય જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરતાં પૂર્ણને લક્ષમાં લેતું જે વિશેષ જ્ઞાન પ્રગટે છે તે વચલા ભેદને (મતિજ્ઞાન અને કેવળજ્ઞાન વચ્ચેના ભેદને) ઉડાડી દેતું, પૂર્ણ સાથે જ અભેદપણું કરતું પ્રગટે છે. વચમાં એકેય ભવ જ નથી. પણ અવતાર જ કોને છે? વર્તમાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે એવા જોરમાં વચ્ચે એકાદ ભવ છે તેનો આચાર્યે નકાર કર્યો છે. આચાર્યદેવે અતૂટપણે કેવળજ્ઞાનની જ વાત કરી છે. આ વાત જેને બેસે તેને ભવ હોય જ નહિ.....

# દ્રવ્ય દૃષ્ટિ

'દરેકે દરેક દ્રવ્ય જુદાં છે. એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે ખરેખર કાંઈ સંબંધ નથી' આમ જે યથાર્થપણે જાણે તેને દ્રવ્યદૃષ્ટિ થાય અને દ્રવ્યદૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય. જેને સમ્યગ્દર્શન થાય તેનો મોક્ષ થયા વગર રહે નહિ. તેથી સૌથી પહેલાં વસ્તુનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

'દરેક દ્રવ્ય જુદાં છે, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી.' આમ માનતાં-આત્મા સર્વ પરદ્રવ્યથી ભિન્ન છે તેમ જ દરેકે દરેક પુદ્‌ગલ પરમાણુ જુદાં છે, બે પરમાણુ ભેગા-એકરૂપ થઈને કદી કાર્ય કરતાં નથી, પણ દરેક પરમાણુ સ્વતંત્ર જુદો જ છે-એમ વસ્તુ સ્વભાવનું જ્ઞાન થાય.

જીવને વિકારભાવ થવામાં નિમિત્ત વિકારી પરમાણુઓ (સ્કંધ) થઈ શકે, પરંતુ દ્રવ્ય અપેક્ષાએ જોતાં તે દરેક પરમાણુ છૂટા જ છે-બે પરમાણુ ભેગા થયા જ નથી અને એક છૂટો પરમાણુ કદી વિકારનું નિમિત્ત થઈ શકતો નથી. એટલે કે દરેક દ્રવ્ય ભિન્ન છે એવી સ્વભાવ દૃષ્ટિથી કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યના વિકારનું નિમિત્ત પણ નથી. આ રીતે દ્રવ્યદૃષ્ટિથી કોઈ દ્રવ્યમાં વિકાર છે જ નહિ, જીવ દ્રવ્યમાં પણ દ્રવ્યદૃષ્ટિથી વિકાર નથી. પર્યાયદૃષ્ટિથી જીવને અવસ્થામાં રાગ-દ્વેષ થાય છે અને તેમાં કર્મ નિમિત્તરૂપ થાય છે. પરંતુ પર્યાયને ગૌણ કરી જ્યારે દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે, ત્યારે કર્મ કોઈ વસ્તુ જ ન રહી. કેમ કે તે તો સ્કંધ છે અને તેના દરેક પરમાણુ જુદું જુદું કાર્ય કરે છે. તેથી જીવને વિકારનું નિમિત્ત કોઈ દ્રવ્ય ન રહ્યું અર્થાત્ સ્વ તરફથી લેતાં જીવ દ્રવ્યમાં વિકાર જ ન રહ્યો. આ રીતે



દરેક દ્રવ્ય ભિન્ન છે એવી દૃષ્ટિ એટલે કે દ્રવ્યદૃષ્ટિ થતાં રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ જ રહ્યું નહિ, એટલે દ્રવ્યદૃષ્ટિમાં વીતરાગભાવની જ ઉત્પત્તિ રહી.

અવસ્થાદૃષ્ટિથી-પર્યાયદૃષ્ટિથી અથવા તો બે દ્રવ્યોના સંયોગી કાર્યની દૃષ્ટિમાં રાગ-દ્વેષાદિ ભાવો થાય છે. 'કર્મ' અનંત પુદ્‌ગલોનો સંયોગ છે, તે સંયોગ ઉપર કે સંયોગી ભાવ ઉપર લક્ષ કર્યું ત્યારે રાગ-દ્વેષ થાય છે. જો અસંયોગ એટલે કે દરેક પરમાણુ ભિન્ન-ભિન્ન છે એવી દૃષ્ટિ કરે [ખરેખર તો પોતાના અસંયોગી આત્મસ્વભાવની દૃષ્ટિ કરે] તો રાગ-દ્વેષ થાય નહિ, પણ તે દૃષ્ટિના જોરે મોક્ષ જ થાય. માટે દ્રવ્યદૃષ્ટિનો અભ્યાસ કરવો તે પરમ કર્તવ્ય છે.